અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૩ ઓક્ટોબર ૨૦૨૫, સોમવાર
વિક્રમ સંવત ૨૦૮૧, આસો વદ ૭
વર્ષ : ૧૭
અંક : ૧૦૪
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાના જવાબમાં અફઘાનિસ્તાન દ્વારા કરાઈ કાર્યવાહી

# અફઘાનિસ્તાને 58 PAK સૈનિકોનો બોલાવ્યો ખાતમો

## 25 ચોકીઓ કબજે કરી હોવાનો અફઘાન દળોનો દાવો, કહ્યું- ISISના આતંકીઓને આશ્રય આપી રહ્યું છે પાકિસ્તાન

| (એજન્સી) કાબુલ, તા.12 |

અફઘાનિસ્તાનનો દાવો છે કે શનિવારે રાત્રે પાકિસ્તાન સરહદ પર થયેલી અથડામણમાં તેની સેનાએ 58 પાકિસ્તાની સૈનિકોને મારી નાખ્યા હતા. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાના જવાબમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યું હતું કે, અફઘાન સુરક્ષા દળોએ 25 પાકિસ્તાની લશ્કરી ચોકીઓ પર કબજો કર્યો હતો. આ કાર્યવાહીમાં 58 પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા અને 30 અન્ય ઘાયલ થયા હતા. અફઘાન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, 'અમારું ઓપરેશન મધ્યરાત્રિએ સમાપ્ત થયું. જો પાકિસ્તાન ફરીથી અફઘાન સરહદનું ઉલ્લંઘન કરે છે, તો અમારી સેના દેશનું રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.' અફઘાન અધિકારીઓએ પાકિસ્તાન પર રાજધાની કાબુલ અને દેશના પૂર્વ ભાગમાં આવેલા એક બજારમાં બોમ્બ વિસ્ફોટ કરવાનો આરોપ લગાવ્યો હતો. જોકે, પાકિસ્તાને હુમલાઓની જવાબદારી સ્વીકારી નથી.



### પાકિસ્તાન પર ISIS આતંકવાદીઓને આશ્રય આપવાનો આરોપ

તાલિબાને પાકિસ્તાન પર તેની ધરતી પર ISIS આતંકવાદીઓને આશ્રય આપવાનો આરોપ લગાવ્યો છે. આ આતંકવાદીઓને અફઘાનિસ્તાન અને સમગ્ર વિશ્વ માટે ખતરો ગણાવતા, મુજાહિદે તેમને પાકિસ્તાનમાંથી હાંકી કાઢવા અથવા અફઘાનિસ્તાનમાં ટ્રાન્સફર કરવાની હાકલ કરી. તાલિબાનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે અફઘાનિસ્તાને અસ્થિરતા ફેલાવતા તમામ તત્વોનો નાશ કર્યો છે, પરંતુ હવે પાકિસ્તાનના પખ્તુનખ્વા ક્ષેત્રમાં તેમના માટે નવા ઠેકાણા સ્થાપિત કરવામાં આવ્યા છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે કરાચી અને ઈસ્લામાબાદ એરપોર્ટ દ્વારા આ ઠેકાણાઓમાં નવા લડવૈયાઓને લાવવામાં આવી રહ્યા છે અને ત્યાં તાલીમ આપવામાં આવી રહી છે. મુજાહિદે એવો પણ દાવો કર્યો હતો કે ઈરાન અને રશિયામાં હુમલાઓનું આયોજન આ પાકિસ્તાની ઠેકાણાઓથી કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું,

### પાકિસ્તાને કહ્યું, ભારતની જેમ જ યોગ્ય જવાબ આપીશું

પાકિસ્તાની ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અફઘાનિસ્તાનને પણ ભારતની જેમ જ યોગ્ય જવાબ આપવામાં આવશે, જેથી તે પાકિસ્તાન તરફ ખરાબ નજરે જોવાની હિંમત ન કરે. ગૃહમંત્રી મોહસીન નકવીએ કહ્યું કે તાજેતરના હુમલાઓ બાદ પાકિસ્તાન ચૂપ રહેશે નહીં; તે પથ્થરથી જવાબ આપશે. દરમિયાન, પાકિસ્તાની મીડિયા ડોન અનુસાર, પાકિસ્તાની સેનાએ 19 અફઘાન સરહદ ચોકીઓ પર કબજો કર્યો છે.

### ત્રણ દિવસ પહેલા કાબુલમાં હવાઈ હુમલો થયો

9 ઓક્ટોબરના રોજ, અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP)ના સ્થળો પર હવાઈ હુમલા કરવામાં આવ્યા. તાલિબાને દાવો કર્યો હતો કે આ હુમલાઓ પાકિસ્તાન દ્વારા કરવામાં આવ્યા હતા. જોકે પાકિસ્તાને સ્પષ્ટપણે કહ્યું ન હતું કે તેણે આ હુમલાઓ કર્યા છે, પરંતુ તેણે તાલિબાનને ચેતવણી આપી હતી કે તે તેની ધરતી પર TTPને આશ્રય ન આપે. આ પછી, અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકીએ કહ્યું, 'પાકિસ્તાને અમારી સાથે રમત રમવાનું બંધ કરવું જોઈએ. અમને ઉશ્કેરશો નહીં. બ્રિટન અને અમેરિકાને પૂછી લો, તેઓ તમને સમજાવશે કે અફઘાનિસ્તાન સાથે આવી રમતો રમવી યોગ્ય નથી.'

### કતાર, ઈરાન અને સાઉદી અરેબિયાએ સંયમ રાખવાની અપીલ કરી

કતારના વિદેશ મંત્રાલયે બંને પક્ષોને વાતચીત અને સંયમને પ્રાથમિકતા આપવા વિનંતી કરી, જે તણાવ ઘટાડવામાં અને વધઘટ ટાળવામાં મદદ કરશે, જેનાથી પ્રાદેશિક સુરક્ષા અને સ્થિરતા પ્રાપ્ત થશે. વિદેશ મંત્રાલયે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાને મજબૂત બનાવવાના હેતુથી તમામ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય પ્રયાસોને સમર્થન વ્યક્ત કર્યું, અને બંને દેશોના લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. ઈરાન અને સાઉદી અરેબિયાએ પણ બંને દેશોને સંયમ રાખવા અને વાતચીત દ્વારા તણાવ ઓછો કરવા અપીલ કરી. સાઉદી અરેબિયાએ પ્રાદેશિક શાંતિ માટે પોતાનો ટેકો વ્યક્ત કર્યો.

### દાવો: અફઘાનિસ્તાને 6 અલગ અલગ સ્થળોએથી હુમલા કર્યા

રેડિયો પાકિસ્તાન અનુસાર, અફઘાન હુમલાઓ સરહદ નજીકના છ વિસ્તારોમાં થયા હતા. પાકિસ્તાનના ખૈબર-પખ્તુનખ્વા પ્રાંતના એક અધિકારીએ મીડિયાને જણાવ્યું હતું કે પાકિસ્તાની સેનાએ પણ ભારે ગોળીબારથી જવાબ આપ્યો હતો. લડાઈ દરમિયાન, પાકિસ્તાની સેનાએ ત્રણ અફઘાન ડ્રોનને તોડી પાડ્યા હતા, જેમાં બોમ્બ હોવાની શંકા છે. સાઉદી અરેબિયાએ લડાઈ પર ચિંતા વ્યક્ત કરી છે. સાઉદી સરકારે બંને દેશોને શાંતિ અને વાતચીત દ્વારા આ મુદ્દાનો ઉકેલ લાવવા અને તણાવ વધારવાથી બચવા અપીલ કરી છે. જેમાં બોમ્બ હોવાની શંકા છે. સાઉદી અરેબિયાએ લડાઈ પર ચિંતા વ્યક્ત કરી છે.

# 'છોકરીઓએ રાતે બહાર ન ફરવું જોઈએ' : ગેંગરેપ પછી મમતાનું ચોંકાવનારું નિવેદન

## જવાબદારીમાંથી હાથ ખંખેર્યા, કહ્યું- કોલેજો વિદ્યાર્થિનીઓની સુરક્ષાની જવાબદારી લે

| (એજન્સી) કોલકાતા, તા.12 |

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રવિવારે દુર્ગાપુરમાં મેડિકલની વિદ્યાર્થિની પર થયેલા ગેંગરેપ પર દુ:ખ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું હતું કે વિદ્યાર્થિનીઓએ રાત્રે બહાર ફરવું જોઈએ નહીં અને ખાસ કરીને નિર્જન વિસ્તારોમાં સતર્ક રહેવું જોઈએ. ગેંગ રેપની ઘટના બાદ, સીએમ મમતા બેનર્જીએ એક વિવાદીત ટિપ્પણી કરી અને વિદ્યાર્થિનીઓની સુરક્ષાની જવાબદારી ખાનગી કોલેજો પર ઢોળવાનો પ્રયાસ કર્યો. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સવાલ ઉઠાવ્યો છે કે 23 વર્ષીય વિદ્યાર્થિની મોડી રાત્રે કેમ્પસમાંથી કેવી રીતે બહાર આવી.



મમતાએ વધુમાં કહ્યું, 'આ ઘટના માટે સંપૂર્ણ જવાબદારી કોલેજ વહીવટીતંત્રની છે. ખાનગી કોલેજોએ વિદ્યાર્થિનીઓની સુરક્ષાની જવાબદારી લેવી જોઈએ. પોલીસને શક્ય તેટલી કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કોઈને પણ છોડવામાં આવશે નહીં. ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે.' ખરેખરમાં, ભાજપ અને અન્ય વિપક્ષી પક્ષો દુર્ગાપુર ગેંગરેપ કેસ અંગે મમતા બેનર્જી સરકાર પર સવાલ ઉઠાવી રહ્યા છે. ઓડિશાના મુખ્યમંત્રીએ બંગાળના મુખ્યમંત્રી પાસેથી કડક કાર્યવાહીની પણ માંગ કરી હતી, જેના પગલે મમતા બેનર્જીએ આ નિવેદન આપ્યું હતું.

ઘટના પછી મીડિયા સમક્ષ આપેલા પોતાના પહેલા નિવેદનમાં તેમણે પૂછ્યું, 'તે એક ખાનગી મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતી હતી.' આ માટે કોણ જવાબદાર છે? તે રાત્રે કેવી રીતે બહાર આવી?' મુખ્યમંત્રીએ આ ઘટનાને 'આઘાતજનક' ગણાવી અને કહ્યું કે બંગાળ પોલીસ તમામ જરૂરી પગલાં લઈ રહી છે.

મમતાએ કહ્યું કે ખાનગી મેડિકલ કોલેજોએ તેમની વિદ્યાર્થિનીઓ અને 'નાઈટ કલ્ચર'નું ધ્યાન રાખવું જોઈએ. 'તેમને બહાર આવવાની મંજૂરી ન આપવી જોઈએ,' બેનર્જીએ કહ્યું. 'તેઓએ પોતાનું રક્ષણ કરવું પડશે. ભાજપે ગેંગરેપ મામલે મુખ્યમંત્રી મમતા પર પર નિશાન સાધ્યું છે. પશ્ચિમ બંગાળ રાજ્ય સચિવ અને આસનસોલ દક્ષિણના ધારાસભ્ય અગ્નિમિત્ર પોલે કહ્યું કે આપણે ભાગ્યશાળી છીએ કે અફઘાનિસ્તાનમાં તાલિબાનની સરકાર છે અને બંગાળમાં મમતા બેનર્જીની સરકાર છે. પશ્ચિમ બંગાળના આસનસોલ દક્ષિણના ભાજપના ધારાસભ્ય અગ્નિમિત્ર પોલે કહ્યું કે મમતા બેનર્જી કહી રહ્યા છે કે છોકરી 12 વાગે બહાર ગઈ. મમતા ખોટુ બોલીને છોકરીના કેરેક્ટર પર સવાલ ઉભા ન કરે. સીસીટીવીમાં દેખાય છે કે છોકરી 7.30 થી 8.00 વાગે બહાર ગઈ હતી.

### બિહારમાં NDAએ સીટ શેરિંગની જાહેરાત કરી

# ભાજપ-101, જેડીયુ-101, ચિરાગ-29, ઉપેન્દ્ર કુશવાહા-માંઝી 6-6 બેઠકો પર ચૂંટણી લડશે

| (એજન્સી) પટના, તા.12 |

બિહાર વિધાનસભા ચૂંટણી માટે NDAએ બેઠકોની વહેંચણીની જાહેરાત કરી છે. ભાજપ 101 બેઠકો પર ચૂંટણી લડશે, જ્યારે JDU 101 બેઠકો પર ચૂંટણી લડશે. ચિરાગ પાસવાનની LJP (R) 29 બેઠકો પર ઉમેદવારો ઉભા રાખશે. જીતન રામ માંઝીની હિન્દુસ્તાન અવમ મોરચા (HAM)ને છ બેઠકો અને ઉપેન્દ્ર કુશવાહાની RLMને છ બેઠકો ફાળવવામાં આવી છે.



2020ની વિધાનસભા ચૂંટણીમાં, ભાજપે 110 બેઠકો પર ચૂંટણી લડી અને 74 બેઠકો પર જીત મેળવી. JDUએ 115 બેઠકો પર ચૂંટણી લડી અને 43 બેઠકો પર જીત મેળવી.

તત્કાલીન પૂર્વ લોક જનશક્તિ પાર્ટી (LJP)એ 2020ની ચૂંટણી એકલા લડી હતી. પાર્ટીએ 135 બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા, પરંતુ ફક્ત એક જ બેઠક જીતી શકી હતી.

LJPએ ખાસ કરીને જનતા દળ યુનાઈટેડ (JDU) સામે પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા હતા, જ્યારે ભારતીય જનતા પાર્ટી (BJP) સામે સીધા ચૂંટણી લડ્યા ન હતા.

જોકે, જૂન 2021માં, LJP વિભાજીત થઈ ગયું, અને પશુપતિ પારસનો પક્ષ રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટી (RLJP) બન્યો, જ્યારે ચિરાગનો પક્ષ LJP (રામ વિલાસ) છે, જે આ ચૂંટણીમાં NDAનો ભાગ છે. પશુપતિનો પક્ષ મહાગઠબંધન સાથે જોડાણ કરીને ચૂંટણી લડી રહ્યો છે.

2020ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં, ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટી, રાષ્ટ્રીય લોક સમતા પાર્ટી (RLSP)એ 99 બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા હતા, પરંતુ એક પણ જીતી શકી ન હતી. RLSPએ 2020ની ચૂંટણીમાં (જે RJD અને કોંગ્રેસ સાથે હતી) મહાગઠબંધન (મહાગઠબંધન) છોડીને ગ્રાન્ડ ડેમોક્રેટિક સેક્યુલર ફ્રન્ટ (GDSF)ની રચના કરી, જેમાં બહુજન સમાજ પાર્ટી (BSP), સમાજવાદી જનતા દળ ડેમોક્રેટિક (SJDD) અને અન્ય નાના પક્ષોનો સમાવેશ થતો હતો. આ વખતે, કુશવાહાની પાર્ટી, રાષ્ટ્રીય લોક મોરચા, NDAનો ભાગ છે.

મુકેશ સાહનીની વિકાસશીલ ઈન્સાન પાર્ટી (VIP) 2020ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA)નો ભાગ હતી. પાર્ટીએ 11 બેઠકો પર ચૂંટણી લડી હતી. ભાજપે તેના 121 બેઠકોના ક્વોટામાંથી 11 બેઠકો VIPને ફાળવી હતી. આ 11 બેઠકોમાંથી VIPએ 4 બેઠકો જીતી હતી.

મુકેશ સાહની પોતે સિમરી બખ્તિયારપુર બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા પરંતુ હારી ગયા હતા. બાદમાં, ચારેય VIP ધારાસભ્યો ભાજપમાં જોડાયા. આ વખતે, VIP મહાગઠબંધનનો ભાગ છે. મુકેશ સાહની વારંવાર પોતાને નાયબ મુખ્યમંત્રી પદ માટે દાવેદાર જાહેર કરી ચૂક્યા છે. LJPએ ખાસ કરીને જનતા દળ યુનાઈટેડ (JDU) સામે પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા હતા, જ્યારે ભારતીય જનતા પાર્ટી (BJP) સામે સીધા ચૂંટણી લડ્યા ન હતા.

જોકે, જૂન 2021માં, LJP વિભાજીત થઈ ગયું, અને પશુપતિ પારસનો પક્ષ રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટી (RLJP) બન્યો, જ્યારે ચિરાગનો પક્ષ LJP (રામ વિલાસ) છે, જે આ ચૂંટણીમાં NDAનો ભાગ છે. પશુપતિનો પક્ષ મહાગઠબંધન સાથે જોડાણ કરીને ચૂંટણી લડી રહ્યો છે.



# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે અમદાવાદમાં ૧૦મો સ્ટીલ બ્રિજ સફળતાપૂર્વક લોન્ચ

| (માહિતી) અમદાવાદ, તા.૧૨ |

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીમાં વધુ એક સીમાચિહ્ન પ્રાપ્ત થયું છે. ગુજરાતના અમદાવાદમાં પ્રોજેક્ટના ૧૦મા સ્ટીલ બ્રિજનું બાંધકામ સફળતાપૂર્વક પૂર્ણ કરી તેને લોન્ચ કરવામાં આવ્યો છે. આ ૬૦ મીટર લાંબો સ્ટીલ બ્રિજ રેલવે ટ્રેકની નજીક સ્થિત પશ્ચિમ રેલ્વેની સુવિધા (લોન્ડ્રી) ઉપરથી પસાર થશે.મહિનાઓનું ઝીણવટભર્યું આયોજન અને તૈયારી બાદ આ બ્રિજનું લોન્ચિંગ માત્ર ૭ કલાકના અત્યંત ટૂંકા સમયગાળામાં ચોકસાઈ સાથે પૂર્ણ કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે અમદાવાદ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે લોન્ચ કરાયેલો આ પહેલો સ્ટીલ બ્રિજ છે.



૪૮૫ મેટ્રિક ટન વજન ધરાવતા આ પુલને ટ્રાન્સવર્સ લોન્ચિંગ પદ્ધતિથી સ્થાપિત કરવામાં આવ્યો. આ માટે પુલને જમીનથી ૧૬.૫ મીટરની ઊંચાઈ પર અસ્થાયી ટ્રેસલ પર એસેમ્બલ કરાયો હતો. ત્યારબાદ સ્ટેબિલિટી માટે લૉકિંગ ટ્રૉલીના સપોર્ટ સાથે, ૨૦૦-ટન ક્ષમતાવાળા બે સેમી-ઓટોમેટિક જેકની મદદથી માત્ર ૭ કલાકમાં તેને સાઈડ-સ્લ્યૂ (બાજુમાં ખસેડવાની) કરીને તેની અંતિમ જગ્યાએ ગોઠવવામાં આવ્યો.

૧૨ મીટર ઊંચાઈ અને ૧૧.૪ મીટર પહોળાઈ ધરાવતો આ પુલ વર્ધા (નાગપુર, મહારાષ્ટ્ર) ખાતે વિશેષ વર્કશોપમાં ફેબ્રિકેટ કરવામાં આવ્યો હતો અને તેને ખાસ ડિઝાઈન કરેલા ટ્રેલરનો ઉપયોગ કરીને અમદાવાદ લાવવામાં આવ્યો હતો. પુલના નિર્માણમાં લગભગ ૨૦૩૬૦ ટોર-શિયર પ્રકારના હાઈ સ્ટ્રેન્થ (ટીટીએચએસ) બોલ્ટ્સનો ઉપયોગ થયો છે, તેમજ વધારે ટકાઉપણા અને વાયબ્રેશન નિયંત્રણ માટે ઈલાસ્ટોમેરિક બેરિંગ્સ મૂકવામાં આવ્યા છે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન વિયાડક્ટ અમદાવાદમાં કુલ ૩૧ ક્રોસિંગ્સમાંથી પસાર થશે, જેમાં રેલ્વે ટ્રૅક્સ, ફલાયઓવર્સ, નહેર, સાબરમતી નદી પર એક રિવર પુલ ક્રોસિંગ અને ૭ સ્ટીલ પુલ્સનો સમાવેશ થાય છે. સમગ્ર કોરિડોર માટે કુલ ૨૮ સ્ટીલ પુલ બનાવવાની યોજના છે, જેમાંથી ૧૭ ગુજરાતમાં અને ૧૧ મહારાષ્ટ્રમાં છે.

### ૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી બે હોટલ સીલ

# રાજકોટ હાઈવે પર બાયો ડીઝલનું ગેરકાયદે વેચાણ ઝડપાયું....

### આ બાતમીના આધારે, પ્રાંત અધિકારી મકવાણાએ તાત્કાલિક દરોડા પાડવાની કાર્યવાહી હાથ ધરી હતી

| (એજન્સી) રાજકોટ,તા.૧૨ |

રાજકોટ-ચોટીલા નેશનલ હાઈવે પર ગેરકાયદેસર બાયો ડીઝલના વેચાણનું એક મોટું રેકેટ ઝડપી પાડવામાં આવ્યું છે. ચોટીલાના પ્રાંત અધિકારીની ટીમે હાઈવે પર આવેલી બે હોટલમાં દરોડા પાડીને ૪૩,૨૫૦ લીટર બાયો ડીઝલ ભરેલા ટેક્ર સહિત ?૭૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાંત અધિકારી એચ. ટી. મકવાણાની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે નેશનલ હાઈવે પરની કેટલીક હોટલોમાં સબસીડીવાળા ડીઝલનો દુરુપયોગ કરીને ગેરકાયદે બાયો ડીઝલનું વેચાણ થઈ રહ્યું છે. આ બાતમીના આધારે, પ્રાંત અધિકારી મકવાણાએ તાત્કાલિક દરોડા પાડવાની કાર્યવાહી હાથ ધરી હતી.



રેડ દરમિયાન જાણવા મળ્યું કે, હાઈવે પર આવેલી બે હોટલમાં આ ગેરકાયદે પ્રવૃત્તિ ચાલી રહી હતી. બાયો ડીઝલનો આ જથ્થો છુપાવવા માટે આરોપીઓએ એક અનોખી તરકીબ અપનાવી હતી. તેમણે હોટલના રસોડાની નીચે જ બે મોટા ટાંકા બનાવી દીધા હતા, જેમાં ગેરકાયદે બાયો ડીઝલનો સંગ્રહ થતો હતો અને ત્યાંથી જ તેનું વેચાણ થતું હતું.

પ્રાંત અધિકારીની ટીમે સ્થળ પરથી ૪૩,૨૫૦ લીટર બાયો ડીઝલ અને તેને લાવવા-લઈ જવા માટે ઉપયોગમાં લેવાતું એક ટેક્ર જપ્ત કર્યું હતું, જેની કુલ કિંમત ?૭૦ લાખથી વધુ આંકવામાં આવી છે.

## લીંબાયતમાં જૂની અદાવતમાં યુવક પર જીવલેણ હુમલો કરનારની ધરપકડ થઇ

| (એજન્સી) સુરત,તા.૧૨ |

સુરત શહેરના લીંબાયત વિસ્તારમાં તાજેતરમાં ગોરખ વાઘ ગેંગના માથાભારે તત્વોએ મચાવેલા આતંકના મામલે પોલીસે કડક કાર્યવાહી કરી છે. જૂની અદાવતમાં એક યુવક પર જીવલેણ હુમલો કરનાર ગેંગના બે મુખ્ય આરોપીઓની પોલીસે ધરપકડ કર્યા બાદ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાનો સંદેશો આપવા માટે તેમનું જાહેરમાં સરઘસ કાઢવામાં આવ્યું હતું. લીંબાયતના સંજય નગર વિસ્તારમાં ગોરખ વાઘ ગેંગના સભ્યોએ જૂની અદાવત રાખીને એક યુવક પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલાને કારણે વિસ્તારના રહેવાસીઓમાં ખૌફ ફેલાયો હતો.

## હિંમતનગરમાં બાળકીના અપહરણ કેસમાં મોટો ઘટસ્ફોટ થયો

| (એજન્સી) હિંમતનગર,તા.૧૨ |

હિંમતનગરના ઈ સર્કલ નજીકથી શુક્રવારે (૧૦મી ઑક્ટોબરે) ભંગાર વીણતા શ્રમિક પરિવારની બે માસની બાળકીનું અપહરણ થયું હોવાની ઘટનામાં પોલીસે સઘન તપાસ બાદ એક ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. બાળકીનું અપહરણ બહારના કોઈ વ્યક્તિએ નહીં, પરંતુ માતા-પિતાએ પોતે જ પૈસા માટે કર્યું હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી અનુસાર, બાળકીના પિતાએ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી, પરંતુ પોલીસની કડક પૂછપરછમાં આ આખો ભાંડો ફૂટ્યો હતો.

### ૧૦૦થી વધુ ગેરકાયદે દબાણો દૂર કરી રસ્તો ખુલ્લો કરાયો

# વિરમગામના થોરીથાંભા ગામમાં મેગા ડિમોલિશન

### થોરીથાંભા-લીયા-અને વાંસવા ગામ રોડ મંજૂર થતાં આ માર્ગ પરના અવરોધો દૂર કરવા માટે આ દબાણ હટાવી ઝુંબેશ ચલાવવામાં આવી

| (એજન્સી) અમદાવાદ,તા.૧૨ |

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના થોરીથાંભા ગામમાં આજે વહીવટી તંત્ર દ્વારા મેગા ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી, જેમાં રસ્તાને અડચણરૂપ રહેણાંક અને કોમર્શિયલ સહિતના ૧૦૦થી વધુ ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, થોરીથાંભા-લીયા-અને વાંસવા ગામ રોડ મંજૂર થતાં આ માર્ગ પરના અવરોધો દૂર કરવા માટે આ દબાણ હટાવ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ રોડ પરના ૧૦૦થી વધુ ગેરકાયદે દબાણો પૈકી ૫૦થી વધુ રહેણાંક મકાનો, દુકાનો, અને દીવાલોનો સમાવેશ થતો હતો.



કાર્યવાહી દરમિયાન, ગામમાંથી પસાર થતા મુખ્ય રસ્તાને અડચણરૂપ ગામ તળ અને તળાવની પાળ પાસેના રહેણાંક સહિતના દબાણો પર સરકારી બુલડોઝર ફરી વળ્યું હતું. ગામના વિકાસના કાર્યમાં અવરોધરૂપ આ દબાણો દૂર કરવા માટે વહીવટી તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારી કરવામાં આવી હતી. આ ઝુંબેશમાં વિરમગામ તાલુકા વિકાસ અધિકારી (TDO) શરદ જાની, પોલીસ, તાલુકા પંચાયત, માર્ગ અને મકાન વિભાગ સહિતના કર્મચારીઓ હાજર રહ્યા હતા. દબાણ હટાવવા માટે ૨ JCB અને ટ્રેક્ટર સહિતનો કાફલો જોડાયો હતો.

જોકે, વહીવટી તંત્રની આ કાર્યવાહી પહેલા જ અનેક રહેણાંક મકાનો, દુકાનો અને દીવાલોના દબાણો ગ્રામજનો દ્વારા સ્વૈચ્છિક રીતે દૂર કરી દેવાયા હતા, જેનાથી વહીવટી પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. તાલુકા વિકાસ અધિકારી શરદ જાનીએ જણાવ્યું હતું કે, "ગામના લાંબા સમયથી પ્રતીક્ષિત રોડના નિર્માણમાં અવરોધ દૂર કરવા માટે આ કાર્યવાહી જરૂરી હતી, અને ગ્રામજનોના સહકારથી તે સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી છે.

## નવસારીમાં રૂ.૧ લાખની લાંચ લેતો કોન્સ્ટેબલ રંગેહાથ ઝડપાયો

| (એજન્સી) નવસારી,તા.૧૨ |

નવસારીના ખેરગામ પોલીસ સ્ટેશનમાં એક વ્યક્તિ વિરુદ્ધમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આ કેસમાં આરોપીએ કોર્ટમાંથી આગોતરા જામીન મેળવી લીધા હતા. જેમાં આરોપી પોલીસ સ્ટેશનમાં હાજર થતાં પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલે માર ન મારવા અને હેરાન-પરેશાન ન કરવા માટે આરોપી પાસેથી ૧ લાખ રૂપિયાની માંગણી કરી હતી. સમગ્ર મામલે પ્રોહિબિશનના ગુનાના આરોપીએ તેના મિત્રને વાત કરી હતી. આ પછી આરોપીના મિત્રએ એન્ટી કરપ્શન બ્યુરો(ACB)ને જાણ કરતાં છટકું ગોઠવીને લાંચીયા પોલીસકર્મીને ઝડપી પાડવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, નવસારીના ખેરગામ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ બળવંતભાઈ પટેલ (ઉં.વ.૩૨)એ પ્રોહિબિશનના ગુનાના આરોપીને માર ન મારવા અને કોઈ પ્રકારની હેરાનગતિ ન કરવા રૂ.૧ લાખ માગ્યા હતા. આ મામલે જાણ કરતાં ACBએ સફળ ટ્રેપ ગોઠવીને ૧ લાખ રૂપિયાની લાંચ લેતા પોલીસકર્મીને રંગે હાથે ઝડપી પાડ્યો હતો.

## કુખ્યાત ગણાતી બંગલા ગેંગનો મુખ્ય સૂત્રધારને ઝડપાયો

| (એજન્સી) જૂનાગઢ,તા.૧૨ |

જૂનાગઢ જિલ્લામાં કુખ્યાત ગણાતી બંગલા ગેંગ તરીકે પ્રખ્યાત એવી ગેંગના મુખ્ય સૂત્રધાર કરસન ગલા મોરીની ધરપકડ કરી છે. તેને રિમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કરવામાં આવતા, કોર્ટે આગામી ૧૪ તારીખ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. અન્ય ફરાર આરોપીઓને પકડવાની કાર્યવાહી હાલ ચાલુ છે. આ ગેંગના ભાવિન ખોડા બડ (સરગવાડા): ૧૪ ગુના, નિલેશ ઉર્ફે નીલુ ખોડા બડ (સરગવાડા): ૮ ગુના,કરસન ગલા મોરી (ગાંધીગ્રામ): ૮ ગુના, દિલીપ ઉર્ફે દિલા ભગા છેલાણા (જાંજરડા રોડ): ૭ ગુના, જાદવ ઉર્ફે લાખા સાંગા હૂણ (કોયલી, વંથલી): ૯ પોલીસ ચોપડે નોંધાયા છે. જેમાંથી કરસન ગલા મોરીની ધરપકડ કરવામાં આવી છે.

આ ગેંગ 'બંગલા ગેંગ' તરીકે જાણીતી હતી કારણ કે તેઓ સામાન્ય લોકોની જમીન અને પૈસા પડાવી લેવા જેવી ગેરકાનૂની પ્રવૃત્તિઓ જાંજરડા રોડ પર આવેલા એક બંગલામાંથી ઓપરેટ કરતા હતા. આ બંગલો જ તેમનું હેડક્વાર્ટર હતું.

# સાણંદના લોદરિયાળ ગામમાં ત્રણ મૃતદેહ મળી આવતા ખળભળાટ મચ્યો

| (એજન્સી) અમદાવાદ,તા.૧૨ |

ચાંગોદરના લોદરિયાળ ગામમાં પ્રેમ પ્રકરણનો કરૂણ અંત આવ્યો છે. લોદરિયાળ ગામમાં ત્રણ મૃતદેહ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. પ્રેમીએ પહેલા પરિણીત પ્રેમિકા અને તેની દીકરીની હત્યા કરી હતી. જે બાદ પ્રેમીએ પણ આપઘાત કરી લીધો હોવાનો ખુલાસો થયો છે. પ્રેમિકાને અન્ય સાથે પણ પ્રેમ હોવાની શંકા રાખી પ્રેમીએ હત્યા કરી હોવાની પોલીસને શંકા છે. મહત્વનું છે કે, મૃતક પરિણીતાની તેના પતિ સાથે છૂટાછેડાની પ્રક્રિયા ચાલી રહી છે. પોલીસે કાયદેસરની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને ઘટના સ્થળેથી ૧૦ પાનાની સુસાઈડ નોટ મળી આવી છે. પોલીસે સમગ્ર મામલો વધુ તપાસ હાથ ધરી છે.

સમગ્ર ઘટનાની વિગતવાર વાત કરીએ તો, ગતરોજ શુક્રવારે સાંજે સાત વાગ્યે ચાંગોદર પોલીસ પર મેસેજ આવ્યો હતો કે એક રૂમમાંથી પુરુષ, મહિલા અને બાળકીનો મૃતદેહ મળી આવ્યો છે. પોલીસને જાણ થતાં જ ચાંગોદર પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી હતી. પ્રણય ત્રિકોણમાં બનાવ બન્યો હોવાનો ખુલાસો પોલીસની પ્રાથમિક તપાસમાં થયો છે. બનાવ સ્થળેથી મળેલી સુસાઈડ નોટમાં સંજય ઠાકોરના નામનો ઉલ્લેખ છે. સંજય ઠાકોરને મૃતક મહિલા ગીતા સાથે છેલ્લા દોઢેક વર્ષથી પ્રેમ સંબંધ હતો. રણછોડ મૃતક ગીતા સાથે લગ્ન કરવા માંગતો હતો. રણછોડ થોડા દિવસો પહેલા જ જેલમાંથી બહાર આવ્યો હતો. રણછોડ તેની પત્ની સાથે છૂટાછેડાના કેસમાં જેલમાં ગયો હતો.

જ્યારે ગીતા અને તેના પતિના છૂટાછેડાની પ્રક્રિયા હાલ ચાલી રહી હતી. આ સંજોગો દરમિયાન રણછોડે ગીતા અને તેની દીકરીની ગળું કાપીને હત્યા કરી પોતે આત્મહત્યા કરી છે. જેના પગલે હાલ રણછોડ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરાયો છે. મૃતક રણછોડ પાસેથી મળેલી સુસાઈડ નોટમાં અનેક ખુલાસા થઈ શકે છે. રસપ્રદ વાત એ છે કે, તેણે પોલીસ સ્ટાફ સહિત તમામને એડવાન્સમાં દિવાળીની શુભકામના પાઠવતો મેસેજ પણ સુસાઈડ નોટમાં લખ્યો હતો.

અન્ય મળતી માહિતી અનુસાર, રણછોડ ઘટના સ્થળે વીસ દિવસથી રહેતો હતો. સંજય ઠાકોરની પૂછપરછ પ્રમાણે ગીતા તેની સાથે લગ્ન કરવા માંગતી હતી. સંજય ઠાકોર બનાસકાંઠાનો છે અને છૂટક મજૂરી કરે છે. જ્યારે ગીતા મૂળ અમરાઈવાડીમાં પરિવાર સાથે રહેતી હતી. ગીતા અને રણછોડ વચ્ચે સાત વર્ષ થી પ્રેમ સંબંધ હતો.

## વિશેષ

### તમામ ૧૬ બેઠકો પર વિજય

# બનાસ ડેરીના નિયામક મંડળની ચૂંટણીમાં શંકર ચૌધરીનો દબદબો હજુ યથાવત્

### દાંતા બેઠક પર અમરત પરમારનો વિજય થતા ભાજપ સમર્થકોમાં જશ્નનો માહોલ છવાઈ ગયો હતો

| (માહિતી) બનાસકાંઠા |

ઉત્તર ગુજરાતની સૌથી મોટી બનાસ ડેરી પર શંકર ચૌધરીનો દબદબો કાયમ રહ્યો છે. એશિયાની સૌથી મોટી અને બનાસકાંઠા જિલ્લાની સૌથી મહત્વની સહકારી સંસ્થા બનાસ ડેરીમાં બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણીમાં તમામ ૧૬ બેઠકો પર શંકર ચૌધરીનો દબદબો જોવા મળ્યો. મેન્ટેડ પ્રથાના વિરોધ વચ્ચે તથા આંતરિક જુથવાદ વચ્ચે શંકર ચૌધરીની જીત થઈ છે.

એશિયાની સૌથી મોટી બનાસ ડેરીની ચૂંટણીમાં ૧૫ બેઠક બિનહરીફ થયા બાદ ૧૬મી દાંતા બેઠક પર બળવો થયો અને ચૂંટણી થઈ જો કે આ ચૂંટણીમાં પણ શંકર ચૌધરીની પેનલના ભાજપના મેન્ડેડ ધારી અમરત પરમારનો વિજય થતા ભાજપ સમર્થકોમાં જશ્નનો માહોલ છવાયો છે. બનાસ ડેરીમાં વધુ એક વખત વર્તમાન ચેરમેન શંકર ચૌધરીનો દબદબો યથાવત રહ્યો છે.

એશિયાની સૌથી મોટી બનાસ ડેરીમાં નવા નિયામક મંડળની ચૂંટણી યોજાઈ જેમાં કેટલીક બેઠકો પર ભાજપ સામે ભાજના જ દિગ્ગજો મેદાને ઉતરતા આ ચૂંટણમાં રાજકીય ગરમાવો સર્જાયો હતો. પરંતુ ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ભાજપે મેન્ડેડ જાહેર કર્યા બાદ દિગ્ગજોએ પોતાના ફોર્મ પરત ખેંચી લેતા બનાસડેરીના ૧૬ નિયામકોમાંથી ૧૫ બેઠકો બિનહરીફ થઈ ચુકી હતી. જોકે દાંતા બેઠક પર ભાજપે અમરત પરમારને મેન્ડેડ આપતા વર્તમાન ડિરેક્ટર દિલીપસિંહ બારડે ભાજપ મેન્ડેડ સામે બળવો કરતા દાંતા બેઠક પર ચૂંટણી યોજાઈ હતી. ગઈકાલે દાંતા બેઠકની ચૂંટણીને લઈ મતદાન થયું જેમાં ૮૫ મતદારોએ પોતાના મત અધિકારનો ઉપયોગ કર્યો દાંતા બેઠક પર સો ટકા મતદાન થયું જ્યારે આજે વહેલી સવારે દાંતા બેઠકની ચૂંટણી પ્રક્રિયાને લઈ પાલનપુર કલેક્ટર કચેરી ખાતે મતગણતરી હાથ ધરાઈ જેમાં ભાજપના મેન્ટેડધારી અમરત પરમારને ૫૫ મત મળ્યા તો બળવો કરનાર દિલીપસિંહ બારડને ૩૦ મત જ મળતા ભાજપના મેન્ડેડધારી અમરત પરમારનો ૨૫ મતોથી વિજય થયો છે. ત્યારે બનાસ ડેરીની ચૂંટણીમાં વધુ એક વખત વર્તમાન ચેરમેન શંકર ચૌધરીનો દબદબો યથાવત જોવા મળ્યો છે. વધુ એક વખત બનાસ ડેરીમાં શંકર ચૌધરીની પેનલનું જોર જોવા મળ્યું.



૧૦ ઓક્ટોબરના રોજ બનાસડેરીના ૧૬ ડિરેકટરો માટે ચૂંટણી યોજાઈ હતી. જોકે, બનાસ ડેરીના નિયામક મંડળની ચૂંટણીમાં અગાઉ ૧૬ માંથી ૧૫ બેઠકો બિન હરીફ થઈ હતી. એકમાત્ર દાંતા બેઠક પર ચૂંટણી હાથ ધરવામાં આવી હતી. જેના બાદ આજે પાલનપુર કલેક્ટર કચેરી ખાતે મતગણતરી હાથ ધરાઈ હતી.

ગઈકાલે દાંતા વિભાગના ડિરેકટર માટેની ચૂંટણીમાં ૧૦૦ % મતદાન થયું હતું. દાંતા બેઠક પર ૮૫ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ભાજપના મેન્ડેડધારી અમરત પરમાર અને વર્તમાન ડિરેક્ટર દિલીપસિંહ બારડ વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો. બનાસડેરીની દાંતા બેઠક પર ભાજપના મેન્ડેટધારી ઉમેદવાર અમરત પરમારની જીત થઈ છે. ૮૫ માંથી ૫૫ મત અમરત પરમારને મળતા દાંતા બેઠક પર અમરત પરમારનો વિજય થયો છે. તો બળવો કરનાર પૂર્વ ડિરેક્ટર દિલીસિંહ બારડનો પરાજય થયો હતો. મતગણતરી કેન્દ્ર ઉપર બંને ઉમેદવારોના સમર્થકોનો મોટો જમાવડો જોવા મળ્યો હતો.

ફોર્મ ચકાસણી દરમિયાન પાલનપુર બેઠક પરથી બનાસ ડેરીની ચૂંટણીમાં ઝંપલાવનાર પૂર્વ કેન્દ્રિય મંત્રી હરી ચૌધરીના ઉમેદવારી ફોર્મ સામે તેમના હરીફ ઉમેદવાર ભરત પટેલે વાંધો રજૂ કર્યો હતો. ભરત ચૌધરીએ ચૂંટણી અધિકારીને લેખિતમાં વાંધો રજૂ કરતા રાજકારણ ગરમાયું હતું. પૂર્વ કેન્દ્રીય મંત્રી હરી ચૌધરીએ પોતાની મંડળીનો ઠરાવ નિયમો અનુસાર ન કર્યો હોવાનો વાંધો રજૂ કર્યો હતો. પરંતુ ગણતરીના કલાકો બાદ આ વાંધો ભરત પટેલે પરત ખેંચી લીધો છે. જોકે વાંધો પરત ખેંચવા મામલે ભાજપે ભરત પટેલને પ્રેશર કર્યું હોવાનું લોકમુકે ચર્ચાયું હતું. પોતાનો વાંધો પરત ખેંચ્યા બાદ ભરત પટેલે જવાબ આપવાનો ટાળ્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ગરમીમાં ખીલ વધારે થાય છે? આ ઉપાય છે અસરકારક, કોઈ સાઈડ ઈફેક્ટ નહીં થાય



ગરમીમાં ચહેરા પર ખીલ વધારે થાય છે. ખીલ થવા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. આમ, તમે આ પેસ્ટ ખીલ પર લગાવશો તો સ્કિન મસ્ત ચમકી જશે. ગરમીમાં ખીલ વધારે થાય છે. ખીલ તમારી સુંદરતા બગાડવાનું કામ કરે છે. ગરમીમાં ખીલ થવા પાછળ એક નહીં, પરંતુ અનેક કારણો જવાબદાર હોય છે. ખાસ કરીને ગરમીમાં ઓઈલી સ્કિનનાં લોકોને ખીલ અને એક્ને વધારે થાય છે. આ સાથે ધૂળ, ગંદકી, પરસેવો અને શરીરનું અસંતુલન થવાને કારણે પણ ખીલ વધારે થાય છે. ચહેરા પર થતા ખીલ દૂર કરવા માટે લોકો જાતજાતની ક્રીમ અને ફેસ વોશનો ઉપયોગ કરતા હોય છે. પરંતુ ઘણીવાર આ બધી પ્રોડક્ટ્સ સ્કિનને લાંબે ગાળે નુકસાન કરે છે અને સ્કિન ખરાબ થાય છે. આમ, તમને ખીલ વધારે થાય છે તો આ સસ્તા ઘરેલુ ઉપાયો અસરકારક છે. આ ઘરેલુ ઉપાયોની મદદથી તમે ચહેરા પરનાં ખીલ દૂર કરી શકો છો. આ ઘરેલુ ઉપાયોથી ફેસ પરનાં ડાઘ પણ દૂર થઈ જશે. આ ઘરેલુ ઉપાયોથી કોઈ સાઈડ ઈફેક્ટ્સ થતી નથી. ડિસ્પ્રિનની મદદથી તમે ખીલ દૂર કરી શકો છો. ડિસ્પ્રિનમાં ખાસ તત્વ સેલિસિલિક એસિડ હોય છે. આ સ્કિન માટે અનેક રીતે ગુણકારી છે. ડિસ્પ્રિનથી ચહેરા પરનાં દાણાં, સોજો અને લાલશ પણ દૂર થાય છે. એકથી બે ડિસ્પ્રિનની ગોળીને પીસી લો. પછી આમાં થોડું પાણી મિક્સ કરીને પેસ્ટ બનાવો. આ પેસ્ટ માત્ર એ જ જગ્યા પર લગાવો જ્યાં ખીલ થયા છે. ત્યારબાદ આ પેસ્ટ સુકાઈ જાય એટલે ઠંડા પાણીથી ફેસ ધોઈ દો. આ પેસ્ટનો ઉપયોગ તમે અઠવાડિયામાં બેથી ત્રણ વાર કરી શકો છો. આ પેસ્ટ તમે રેગ્યુલર લગાવશો તો સ્કિન મસ્ત થઈ જશે. આ સાથે થોડાં દિવસમાં તમને ફરક જોવા મળશે. આ પેસ્ટ ચહેરા પર લગાવશો નહીં. આ પેસ્ટ માત્રને માત્ર દાણાં પર લગાવો. આ પેસ્ટથી સ્કિન મસ્ત થઈ જશે. ખીલ દૂર કરવા માટે તમે ફટકડી અને નારિયેળ તેલનો પણ ઉપયોગ કરી શકો છો. આ પેકથી ફેસ મસ્ત થઈ જશે. ખીલ દૂર કરવા માટે તમે લીંબુનાં રસનો ઉપયોગ પણ કરી શકો છો.

# એક એક વાળ મૂળમાંથી કાળો થઇ જશે! નાળિયેર તેલમાં આ નાખીને લગાવો

## માથામાં વાળ વચ્ચે આંગળીઓ ફેરવીએ તો દસ-બાર વાળ સફેદ દેખાય જ જાય છે, શું તમને પણ આ સમસ્યા છે?



આજકાલ ઘણા લોકો સફેદ વાળની સમસ્યાથી પરેશાન છે. તેમાં યુવાન લોકો પણ સામેલ છે. ટીનએજર્સ હોય કે કોલેજ જતાં યુવક-યુવતીઓ, આ લોકો પણ ગ્રે હેરની સમસ્યાથી પીડાઈ રહ્યા છે. માથામાં વાળ વચ્ચે આંગળીઓ ફેરવીએ તો દસ-બાર વાળ સફેદ દેખાય જ જાય છે. શું તમને પણ આ સમસ્યા છે? જો હા, તો હવે તમે ઘરેલુ ઉપાય અજમાવવાનું શરૂ કરો. માર્કેટમાં અનેક પ્રકારના હેર કેર પ્રોડક્ટ્સ મળે છે, પરંતુ તેનો વધુ ઉપયોગ વાળને સફેદ બનાવે છે અને મૂળમાથી નબળા બનાવે છે. અમે તમને અહીં એક ખૂબ જ સસ્તો ઘરેલુ ઉપાય બતાવી રહ્યા છીએ. તમને ફક્ત નાળિયેરનું તેલ અને ડુંગળીનો રસ જોઈએ. નાળિયેરનો ઉપયોગ વર્ષોથી વાળમાં કરવામાં આવી રહ્યો છે. તે બેસ્ટ હેર ઓઈલની યાદીમાં સામેલ છે. તેના ઉપયોગથી ન માત્ર વાળ મજબૂત થાય છે, પરંતુ કાળા, જાડા અને મૂળમાથી પણ મજબૂત થાય છે. બીજી બાજુ, ડુંગળીનો રસ પણ વાળને પૂરતું પોષણ આપે છે. વાળમાં ડેન્ડ્રફની સમસ્યાને ઘટાડે છે. તલ પડતી હોય તો માથામાં વાળ ઉગવા લાગે છે. ડુંગળીના રસમાં સલ્ફર હોય છે જે વાળને મજબૂત બનાવે છે અને કાળા પણ કરે છે. આથી હેર ગ્રોથ પણ થાય છે. આ સાથે જ ડુંગળીમાં એન્ટીઓક્સિડન્ટ્સ, એન્ટી બેક્ટેરિયલ તત્વો પણ હોય છે, જેનાથી હેર સ્કેલ્પમાં ખંજવાળની સમસ્યા દૂર થાય છે. તો ચાલો જાણીએ કે વાળમાં નાળિયેર તેલ અને ડુંગળીના રસને કેવી રીતે લગાવવું. ડુંગળીના રસને નાળિયેર તેલમાં મિક્સ કરીને લગાવવાના ફાયદા આ માટે તમે ૨ મોટા ચમચી તેલ લો. તેમાં બે ચમચી ડુંગળીનો રસ કાઢી મિક્સ કરો. તમારે નાળિયેર તેલને થોડું ગરમ કરવાનું છે. આ પછી તેમાં ડુંગળીનો રસ મિક્સ કરો. હવે તમે તમારી આંગળીઓ અથવા કોટનની મદદથી સ્કેલ્પ અને વાળમાં સારી રીતે આ તેલ લગાવો. તેને મસાજ કરતા લગાવો. એક કલાક માટે આમ જ છોડી દો. હવે તમે તમારા વાળને કોઈ હર્બલ અથવા માઈલ્ડ શેમ્પૂથી ધોઈ લો. આ ઓઈલ તમે ઈચ્છો તો અઠવાડિયામાં ૨ વાર લગાવી શકો છો. જેમના વાળ સફેદ થવા લાગ્યા છે, તેમના માટે આ ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે. આથી વાળ તો ઉગશે જ, સફેદ વાળની સમસ્યા પણ દૂર થશે. તમારા વાળને પૂરતું પોષણ મળશે, જેનાથી તે મૂળમાથી મજબૂત થશે. હેર ફોલ પણ ઓછો થશે અને વાળની ગ્રોથ પણ ઝડપી થશે.

## સામાન્ય રીતે લોકો તેને કંટ્રોલ કરવા માટે દવાઓ લે છે

# કોલેસ્ટ્રોલને દૂર કરશે આ ફૂડ્સ! નસોમાં જમા ગંદકીને કરશે સાફ



## કોલેસ્ટ્રોલ દૂર કરવા દવાઓ મદદ કરી શકે છે, પરંતુ લાઈફ સ્ટાઈલમાં ફેરફાર કરીને પણ તમને ઘણો ફાયદો થઈ શકે છે

મોટાભાગના લોકો કોલેસ્ટ્રોલની સમસ્યાથી પીડાય છે. માયો ક્લિનિક મુજબ, વધેલું કોલેસ્ટ્રોલ હૃદયની બીમારીઓનું કારણ બની શકે છે. ફાઈબરથી ભરપૂર આહાર, કસરત, ફિશ ઓઈલ, લસણ, સેચ્યુરેટેડ અને ટ્રાન્સ ફેટ ઓછું કરવું, અને નિયમિત તપાસ કરાવવી જરૂરી. આજકાલ મોટાભાગના લોકો કોલેસ્ટ્રોલની સમસ્યાથી પીડાય છે. વધેલું કોલેસ્ટ્રોલ હૃદયની બીમારીઓ અને સ્ટ્રોકનું મોટું કારણ બની શકે છે. સામાન્ય રીતે લોકો તેને કંટ્રોલ કરવા માટે દવાઓ લે છે, પરંતુ જો તમારું કોલેસ્ટ્રોલ થોડું અથવા મધ્યમ સ્તર સુધી વધેલું હોય, તો કેટલાક નેચરલ ઉપાયોથી પણ તેને ઓછું કરી શકાય છે. દવાઓ મદદ કરી શકે છે, પરંતુ લાઈફસ્ટાઈલમાં ફેરફાર કરીને પણ તમને ઘણો ફાયદો થઈ શકે છે.

અહીં અમે ૬ સરળ અને નેચરલ રીતો જણાવી રહ્યા છીએ, જેનાથી તમે દવા લીધા વિના તમારા કોલેસ્ટ્રોલને ઓછું કરી શકો છો અને હૃદયની તંદુરસ્તી સુધારી શકો છો. ડાયટમાં ફાઈબરનો સમાવેશ કરવો ખૂબ જ ફાયદાકારક છે. આ શરીરમાં રહેલા ખરાબ કોલેસ્ટ્રોલ (LDL)ને પચવા નથી દેતો અને તેને બહાર કાઢવામાં મદદ કરે છે. ઓટ્સ, સફરજન, ગાજર, બીન્સ, મસૂર, એવોકાડો અને બદામ જેવી વસ્તુઓ ફાઈબરના ઉત્તમ સ્ત્રોત છે. રોજ એક વાટકી ઓટ્સ અથવા ઈસબગોલ (Psyllium Husk)નું સેવન પણ અસરકારક હોઈ શકે છે. એક્ટિવ રહેવું માત્ર વજન કંટ્રોલ કરવા માટે જ નહીં, પરંતુ કોલેસ્ટ્રોલ કંટ્રોલ કરવા માટે પણ જરૂરી છે. નિયમિત રીતે કસરત કરવાથી શરીરમાં સારા કોલેસ્ટ્રોલ (HDL)નું સ્તર વધે છે, જે ખરાબ કોલેસ્ટ્રોલને ઓછું કરવામાં મદદ કરે છે. અઠવાડિયામાં ઓછામાં ઓછા ૧૫૦ મિનિટ વૉકિંગ, સાયક્લિંગ, સ્વિમિંગ અથવા જોગિંગ જરૂર કરો. ફિશ ઓઈલમાં ઓમેગા-૩ ફેટી એસિડ ભરપૂર માત્રામાં હોય છે, જે ટ્રાઈગ્લિસરાઈડ્સને ઘટાડવામાં અને સોજા ઓછા કરવામાં મદદ કરે છે. જોકે તે LDLને સીધું ઓછું નથી કરતું, પરંતુ હૃદયની તંદુરસ્તી માટે ફાયદાકારક છે. તમે તેને સપ્લિમેન્ટ તરીકે લઈ શકો છો અથવા ઓમેગા-૩ રિચ ફિશ (જેમ કે સૅલ્મોન અથવા મેકેરલ)ને ડાયટમાં સામેલ કરી શકો છો.લસણમાં એવા તત્વો હોય છે, જે શરીરમાં કોલેસ્ટ્રોલના અવશોષણને રોકે છે. ઘણા સંશોધનમાં આ જોવા મળ્યું છે કે લસણ થોડું ઘણું LDL ઓછું કરી શકે છે. તમે તેને ખાવામાં ઉમેરી શકો છો અથવા સપ્લિમેન્ટ તરીકે લઈ શકો છો. જોકે તેનો અસર મર્યાદિત હોય છે, પરંતુ હેલ્ધી ડાયટ સાથે તે મદદરૂપ થઈ શકે છે. વધેલું કોલેસ્ટ્રોલ, ખાસ કરીને LDL (ખરાબ કોલેસ્ટ્રોલ), નસોમાં જમા થાય છે અને હાર્ટની બીમારીઓનું જોખમ વધી જાય છે. પરંતુ માત્ર ૭ દિવસથી નકારાત્મક પરિણામની અપેક્ષા કરવી વાસ્તવમાં શક્ય નથી - ફરી પણ નિયમિતતાથી આ ફૂડ્સ અને પદ્ધતિઓ અજમાવશો તો ચોક્કસ સકારાત્મક પરિણામ મળશે. ઊચ્ચ ફાઈબરવાળી વસ્તુઓ, ફાઈબર હજમ ન થતી હોય છે, પણ તે પાચન તંત્રમાં કોલેસ્ટ્રોલને શોષાય નહીં તે રીતે શરીરમાંથી બહાર કાઢે છે. શ્રેષ્ઠ ફાઈબર સ્ત્રોતોઃ ઓટ્સ (સવારમાં એક વાટકી), સફરજન (છાલ સાથે ખાવું), બીન્સ (રાજમો, કીડની બીન્સ, કાળા ચણા), મસૂર (દાળરૂપે) એવોકાડો. બદામ (સૂકા ફળોમાંથી સૌથી ઉત્તમ) લસણ, લસણમાં એલિસિન નામનું તત્વ હોય છે જે કોળેસ્ટ્રોલ અવશોષણને રોકે છે. વાપરવાની રીતઃ રોજ સવારે ખાલી પેટે ૧-૨ કાચા લસણના કળા ચાવવાથી ફાયદો થઈ શકે છે. લસણના સપ્લિમેન્ટ પણ ઉપલબ્ધ છે, ફિશ ઓઈલ અથવા ઓમેગા-૩, ઓમેગા-૩ ફેટી એસિડ્સ ટ્રાઈગ્લિસરાઈડ્સ ઘટાડે છે અને સોજો ઓછો કરે છે. કઈ રીતે લૈશોઃ સપ્તાહે ૨ વાર સૅલ્મોન, ટ્યૂના કે મેકેરલ જેવી માછલી ખાવા. નહિં તો ફિશ ઓઈલ કે ઓમેગા-૩ કેપ્સૂલ રૂપે લેવાય. કસરત, નિયમિત કસરત સારા કોલેસ્ટ્રોલ (HDL) વધારવામાં મદદ કરે છે. શિફારસઃ અઠવાડિયામાં ૧૫૦ મિનિટઃ વૉકિંગ, સાઈકલિંગ, સ્વિમિંગ, યોગ કે ઝુંબા. દરરોજ ઓછામાં ઓછું ૩૦ મિનિટ એક્ટિવ રહો. આમાં પણ ઓમેગા-૩ અને ફાઈબર હોય છે. વાપરવાની રીતઃ ૧ ચમચી પીસેલા અમેંદા નાસ્તામાં ઉમેરો. ચિયાના બીજ ભિજીને ખાવા. ચીની અને ફ્રાયડ વસ્તુઓ ટાળો, સેચ્યુરેટેડ અને ટ્રાન્સ ફેટ્સ કોલેસ્ટ્રોલ વધારવામાં મોટો ફાળો આપે છે. ટાળવા જેવી વસ્તુઓઃ બેકરી વસ્તુઓ (કેક, પફ્સ, બ્રેડ) જંક ફૂડ (બર્ગર, ફ્રેન્ચ ફ્રાઈઝ) પેકેજ્ડ અને પ્રસેસ્ડ ફૂડ, હરોળ પાનીઓ અને હર્બલ ચા, લીંબુ પાણી, આદુ પાણી, મેથી દાણાનું પાણી - ફાયદાકારક. ગ્રીન ટી અને તુલસી/દાળચિની ચા એન્ટી-ઓક્સિડન્ટ ગુણધર્મ ધરાવે છે.

# થાઇરોઇડનાં દર્દીઓએ ભૂલથી પણ ન ખાવા જોઇએ આ ફૂડ્સ

## થાઇરોઇડનાં દર્દીઓએ ખાંડનું સેવન ઓછામાં ઓછું કરવું જોઇએ, ખાંડનું સેવન વધારે કરવાથી હેલ્થને વધારે નુકસાન થાય છે



અનહેલ્ધી લાઈફ સ્ટાઈલને કારણે અનેક લોકો થાઈરોઈડની ઝપેટમાં આવતા હોય છે. થાઈરોઈડ થાય ત્યારે શરીરમાં જરૂરિયાત કરતા વધારે તેમજ જરૂરિયાત કરતા ઓછાં હોર્મોન બને છે. થાઈરોઈડની બીમારી અનેક પ્રકારની હોય છે, જેમ કે હાઈપોથાઈરોડિઝમ, થાઈરોઈડિટિસ અને હાશિમોટો થાઈરોઈડિટીસ. પુરુષ કરતા મહિલાઓમાં થાઈરોઈડ વધારે જોવા મળે છે. ઘણી મહિલાઓને પ્રેગનન્સી પછી થાઈરોઈડ આવતો હોય છે. થાઈરોઈડનાં દર્દીઓએ લાઈફસ્ટાઈલમાં બદલાવ કરવો ખૂબ જરૂરી છે. આમ, તમને થાઈરોઈડ છે તો તમારે આ વસ્તુઓ ખાવાનું ટાળવું જોઈએ. કોબિજનાં શાકમાં ગોઈટ્રોજન હોય છે જે થાઈરોઈડની સમસ્યાને ટ્રિગર કરી શકે છે. થાઈરોઈડનાં દર્દીઓએ કોબિજનું શાક ખાવાનું ટાળવું જોઈએ. આ સાથે થાઈરોઈડનાં દર્દીઓએ બ્રોકલી, પાલક, કોબીજ તેમજ આ પ્રકારનાં શાક ખાવાનું ટાળવું જોઈએ. અનેક રિપોર્ટ્સ અનુસાર સોયા પ્રોડક્ટ્સનું સેવન કરવાથી બચવું જોઈએ. કારણકે સોયા પ્રોડક્ટ્સ થાઈરોઈડની દવા ઠીકથી અવશોષિત કરવામાં સમસ્યા થઈ શકે છે. સોયા પ્રોડક્ટ્સ જેમ કે સોયા ચંક્સ, ટોફૂ, સોયા મિલ્ક વગેરેનું સેવન કરવાથી બચવું જોઈએ. તમે એકવાર તમારા ડોક્ટર પાસેથી ડાયટ પ્લાન વિશેની સલાહ લો. ડોક્ટરની સલાહ સિવાય તમે કોઈ વસ્તુનું સેવન કરશો નહીં. હાઈપોથાઈરોડિઝમ થાઈરોઈડનાં દર્દીઓએ વધારે કેફીન જેમ કે ચા-કોફીનું સેવન વધારે કરવું જોઈએ નહીં. કેફીનનું સેવન કરવાથી દવાનાં અવશોષણમાં સમસ્યા આવી શકે છે.

હાઈપોથાઈરોડિઝમ થાઈરોઈડમાં શરીરમાં જરૂરિયાત કરતા ઓછાં હોર્મોન્સ બને છે. આ કન્ડિશનને અંડરએક્ટિવ થાઈરોઈડ કહે છે. આમ, તમને થાઈરોઈડ છે અને તમે વધારે માત્રામાં કેફીનનું સેવનનું કરો છો તો આ સમયે હેલ્થને વધારે નુકસાન થઈ શકે છે. આ માટે કેફીનનું સેવન કરશો નહીં.

થાઈરોઈડનાં દર્દીઓએ ખાંડનું સેવન ઓછામાં ઓછું કરવું જોઈએ. ખાંડનું સેવન વધારે કરવાથી હેલ્થને વધારે નુકસાન થાય છે. આ સાથે તમે ખાંડમાંથી બનેલાં આઈસ્ક્રીમ, મીઠાઈ, સોડા તેમજ કુકીઝ જેવી વાનગીઓનું સેવન વધારે કરશો નહીં. આ વસ્તુઓનું સેવન કરવાથી આ સમસ્યા વધી શકે છે.

આમ, તમને થાઈરોઈડ છે તો તમે આ વસ્તુઓનું સેવન કરશો નહીં. આ વસ્તુઓનું સેવન કરવાથી થાઈરોઈડની સમસ્યા વધી શકે છે. આ માટે તમે એકવાર એક્સપર્ટની સલાહ લો. એક્સપર્ટની સલાહ અનુસાર તમે ચાલો છો તો કોઈ તકલીફ થતી નથી.

# નાની ઉંમરમાં વાળ સફેદ થઈ રહ્યાં છે? ફળનું પાણી લગાવો

## શું તમારા વાળ પણ સફેદ થવા લાગ્યા છે, તમે તેને કાળા કરવા માટે કેમિકલ બેઝ્ડ પ્રોડક્ટ્સનો ઉપયોગ નથી કરવા માગતા?



સફેદ વાળ લોકોના કોન્ફિડન્સને હચમચાવી નાખે છે. મોટાભાગના લોકો સફેદ વાળને કાળા કરવા માટે કેમિકલ બેઝ્ડ મોંઘી-મોંઘી પ્રોડક્ટ્સ પર પૈસા ખર્ચ કરે છે. પરંતુ તમે દાદી-નાનીના જમાનાથી ઉપયોગમાં લેવાતી નેચરલ વસ્તુઓની મદદથી પણ સફેદ વાળથી છુટકારો મેળવી શકો છો. તમે તેમાંથી કોઈપણ એક રીત અજમાવો અને થોડા જ અઠવાડિયાની અંદર આપોઆપ પોઝિટિવ અસર જુઓ. તમારા હેર કેર રૂટિનમાં આમળાના તેલને સામેલ કરો. સફેદ વાળને કાળા કરવા માટે આમળાનું તેલ ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે.

આ સિવાય જો તમે ઈચ્છો તો આમળા અને અરીઠાના શેમ્પૂનો પણ ઉપયોગ કરી શકો છો. બંને નેચરલ વસ્તુઓનું મિક્સચર તમારા વાળ માટે વરદાન સાબિત થઈ શકે છે. સફેદ વાળને કાળા કરવા માટે તમે રોગન આલમન્ડ ઓઈલનો ઉપયોગ પણ કરી શકો છો. એક વાટકીમાં દહીં અને રોગન આલમન્ડ ઓઈલ નાખો. હવે આ જ વાટકીમાં એલોવેરા જેલ અને મધ પણ એડ કરી લો. આ બધી વસ્તુઓને સારી રીતે મિક્સ કરીને એક પેસ્ટ બનાવી લો. આ પેસ્ટને તમારા સ્કેલ્પ પર એપ્લાય કરો અને થોડીવાર પછી હેર વોશ કરી લો. આ નેચરલ હેર પેક તમારા વાળની હેલ્થ માટે પણ ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. વાળને કાળા કરવા માટે તમે તમારા ડાયટ પ્લાનમાં પોષક તત્ત્વોથી ભરપૂર કેટલીક વસ્તુઓ સામેલ કરી શકો છે. જેનાથી તમારા વાળને પોષણ મળી શકે. તમે ઘીને ડેઈલી ડાયટ પ્લાનનો હિસ્સો બનાવી શકો છો. જો તમે ઈચ્છો તો આમળાને પણ રેગ્યુલરલી કંઝ્યુમ કરી શકો છો. આમળામાં રહેલા તત્ત્વો તમારી હેર હેલ્થને ઘણી હદ સુધી ઈમ્પ્રુવ કરી શકે છે. આમળાના પાઉડરમાં વિટામિન ઈ ની બે ગોળીઓ મિક્સ કરો અને પછી તેમાં થોડું એલોવેરા જેલ ઉમેરો. તેને સારી રીતે મિક્સ કરીને તમારા વાળમાં લગાવો અને મસાજ કરો. આ હેર પેક વાળમાં કોલેજન વધારશે.

# આ ફૂલ ઉગાડવાથી ઘરને સુગંધથી ભરી દેશે, શ્વસન-ગળાના રોગને મટાડશે

## વાસ્તુથી આયુર્વેદ સુધી, દરેક જગ્યાએ અસરકારકઃ



## આ છોડ ઓછા જતનમાં ૪-૫ વર્ષ સુધી ફૂલ આપે છે, આને ઘરમાં લગાવવાથી મન-મિજાજ તાજું રહે છે

મધુકામિની, જેને 'ઓરેન્જ જાસ્મીન' પણ કહે છે, ગરમીમાં ખીલનારો સફેદ ફૂલ છે જે સંતરાની સુગંધ આપે છે. આ છોડ ઓછા જતનમાં ૪-૫ વર્ષ સુધી ફૂલ આપે છે. આને ઘરમાં લગાવવાથી મન-મિજાજ તાજું રહે છે. કહે છે કે,સ્વર્ગમાંથી ધરતી પર માત્ર ત્રણ ફૂલ આવ્યા. જેને આપણે અપરાજિતા, પારિજાત અને મધુકામિની તરીકે ઓળખીએ છીએ.. આમાંથી મધુકામિની એવું ફૂલ છે, જે માત્ર સુગંધ જ નથી ફેલાવતું, પણ તમારા જીવનને પણ મહેકાવતું છે. ગરમીના મોસમમાં ખીલનારો આ ફૂલ નજાકત, સુગંધ અને ફાયદા ત્રણેયમાં શ્રેષ્ઠ છે. સફેદ ફૂલ, નારંગી જેવી સુગંધ! મધુકામિનીનું સાચું નામ મુરાયા પેનિક્યુલેટમ છે, તેને 'ઓરેન્જ જાસ્મીન' તરીકે પણ ઓળખવામાં આવે છે. આના ફૂલ ભલે સફેદ હોય, પણ તેમાંથી સંતરા એટલે કે નારંગી જેવી સુગંધ આવતી હોય છે, જે આખા વાતાવરણને તાજગીથી ભરપૂર કરી દે છે. તેની ખાસ વાત એ છે કે, આ ફૂલ દિવસે જ નહીં પણ રાતના સમયે પણ થાક્યા કે અટક્યા વિના તેની મહેક ફેલાવતું રહે છે, એક વાર ઉગાડો, વર્ષો સુધી મહેકશેઃ જો તમે એવા છોડની શોધમાં છો જેને વારંવાર સંભાળવાની જરૂર ન પડે, તો મધુકામિની તમારા માટે પરફેક્ટ છે. એક વાર તેને ઘરની બાલ્કની કે કુંડામાં લગાવી દો, તો ૪-૫ વર્ષ સુધી સતત ફૂલ આપે છે. ન પાણીની વધારે જરૂર, ન ખાસ માટીની, ઓછા જતનમાં પણ આ છોડ દરેક મોસમમાં ખીલેલો રહે છે. વાસ્તુથી આયુર્વેદ સુધી, દરેક જગ્યાએ અસરકારકઃ માનવામાં આવે છે કે મધુકામિની ઘરમાં સકારાત્મક ઉર્જા લાવે છે. તેના ફૂલને જો બેડરૂમમાં રાખવામાં આવે તો દાંપત્ય જીવનમાં મીઠાશ રહે છે. વાસ્તુથી આયુર્વેદ સુધી, દરેક જગ્યાએ અસરકારકઃ માનવામાં આવે છે કે મધુકામિની ઘરમાં સકારાત્મક ઉર્જા લાવે છે. તેના ફૂલને જો બેડરૂમમાં રાખવામાં આવે તો દાંપત્ય જીવનમાં મીઠાશ રહે છે. અને હા, જો શ્વાસ કે ગળાની કોઈ તકલીફ હોય તો તેની બે પાંદડીઓ ઉકાળી પી લો, આરામ મળશે. અને હા, જો શ્વાસ કે ગળાની કોઈ તકલીફ હોય તો તેની બે પાંદડીઓ ઉકાળી પી લો, આરામ મળશે. સુંદરતા જ નહીં, સંસ્કૃતિ પણ સમેટે છેઃ આ ફૂલની ખાસિયત માત્ર તેની સુગંધ કે ફાયદા સુધી મર્યાદિત નથી. તેને ભારતના અલગ-અલગ ભાગોમાં અલગ નામોથી ઓળખવામાં આવે છે. તમિલમાં વેંગરાય, તેલુગુમાં નાગાગોલુંગ, મરાઠીમાં કુંતી અને મણિપુરીમાં કામિની કુસુમ. લગ્ન મંડપોની સજાવટથી લઈને ધાર્મિક અનુષ્ઠાનો સુધી, મધુકામિની દરેક જગ્યાએ પોતાની હાજરી નોંધાવે છે. તો આગળથી જ્યારે ફૂલોની વાત આવે, તો માત્ર ગુલાબ કે મોગરામાં અટકશો નહીં - મધુકામિનીને પણ યાદ રાખજો. શક્ય છે કે આ ફૂલ તમારા જીવનની મહેક બદલી નાખે! અહીં આપવામાં આવેલી માહિતી સામાન્ય જાણકારી આધારિત છે. કોઈ પણ ઉપાય અજમાવતા પહેલાં એક્સપર્ટની સલાહ લેવી આવશ્યક છે.

## તંત્રી લેખ...

# ખરેખર શાંતિ સ્થપાશે કે પ્રસિદ્ધિ માટે ટ્રમ્પનું વધુ એક તૂત

પહેલા તબક્કામાં ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ ગાઝામાંથી પાછા ખસવાનું શરૂ કરશે અને સહમતી રેખા સુધી પાછા જતા રહેશે, બીજી તરફ હમાસ દ્વારા ઈઝરાયેલના કેટલાક બંધકોને મુક્ત કરવામાં આવશે : ઈઝરાયેલ જણાવે છે કે, તેને હમાસની શરતો માનવાની અને બંધકોને છોડવાની વાત ઉપર વિશ્વાસ નથી. બીજી તરફ હમાસ પણ ઈઝરાયેલ શાંત રહે તે વાત સ્વીકારવા તૈયાર નથી : ગાઝામાં હોસ્પિટલો, ખેતી, બજારો, મકાનો, યુનિવર્સિટીઓ, કોલેજો બધું જ નષ્ટ થઈ ગયું છે. ગાઝાના 90 ટકા મકાનો ક્ષતિગ્રસ્ત છે અથવા નષ્ટ થઈ ગયા છે. આ યુદ્ધમાં 67,000 લોકોનાં મોત થયા છે. 1.70 લાખથી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે સાતમી આક્ટોબર ૨૦૨૩થી ચાલી રહેલા યુદ્ધમાં આખરે શુક્રવારે યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હતી. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ૨૦ મુદ્દાના પ્રસ્તાવો પરનો યુદ્ધવિરામ કરાર ગાઝામાં અમલમાં આવ્યો હતો. જો કે, ઉત્તરી ગાઝામાં ભારે ગોળીબારના અહેવાલો સામે આવતા શાંતિ સ્થાપિત થવા અંગે શંકાઓ ઊભી થઈ છે. ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (ઈંધખ) એ જાહેરાત કરી હતી કે હમાસ સાથેના યુદ્ધવિરામ કરાર બાદ તેમના સૈનિકો ગાઝામાંથી પાછા ફરી રહ્યા છે. યુદ્ધવિરામ કરાર બાદ એવી આશા છે કે તે ગાઝામાં અસ્થિરતા અને વધતી જતી માનવતાવાદી કટોકટીને અટકાવીને શાંતિ તરફનું એક સકારાત્મક પગલું હોઈ શકે છે. જો કે, યુદ્ધવિરામ કરારની શરતો અને તેના અમલીકરણની વિગતો હજુ સુધી સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ નથી. અમેરિકાની મધ્યથી થકી થયેલી સમજૂતી પ્રમાણે ઈઝરાયેલની કેબિનેટની મંજૂરી મળ્યાના ૨૪ કલાકમાં આ શાંતિ યોજના ઈઝરાયેલ અમલી બનાવશે. તેના ભાગરૂપે ઈઝરાયેલ શુક્રવાર કે શનિવારથી હુમલા રોકશે. ઈઝરાયેલના હુમલા રોક્યાના ૭૨ કલાક પછી હમાસ ૨૦ અપહૃતોને મુક્ત કરશે. ઉલ્લેખનીય છે કે, હમાસે આ અપહ્યતોને ૭મી ઓક્ટોબર ૨૦૨૩ના રોજ કરેલા હુમલામાં ઉઠાવ્યા હતા. ઈઝરાયેલ પણ લગભગ બે હજારથી વધારે પેલેસ્ટાઈનીઓને છોડશે. આ સમાધાનને ગાઝા યુદ્ધ ખતમ કરવાની દિશામાં પ્રથમ પગલું માનવામાં આવે છે. પ્રમુખ ટ્રમ્પના ૨૦ સૂત્રીય પ્લાનને લઈને હજી પણ ઘણી બધી બાબતો પર અસંમતિ છે, પરંતુ તેના પ્રથમ તબક્કાના અમલને લઈને ઈઝરાયેલ અને હમાસ સંમત થઈ ગયા છે. જ્યારે બાકીની બાબતો પર ચર્ચા શાંતિ યોજનાના પ્રથમ તબક્કાનું સફળ અમલીકરણ સુનિશ્ચિત કરશે. આ દરમિયાન ઈઝરાયેલે અગાઉ જેમ અપહ્યતોને છોડવામાં આવ્યા હતા તેની સામે નારાજગી વ્યક્ત કરી હતી. તેથી આ વખતે અપહૃતોને હમાસ સન્માનજનક રીતે છોડશે અને તેના પ્રોપગેન્ડાનો કોઈપણ રીતે પ્રચાર નહીં કરે તે પૂર્વશરત રાખવામાં આવી છે.

ઈઝરાયેલ અને ગાઝાના આ સમાધાન વિશે લોકોના મનમાં શંકા છે. ખાસ કરીને આ બંને દેશોના લોકોના જ મનમાં અનેક સવાલો ઊભો થઈ રહ્યા છે. ખાસ કરીને બંને દેશોના લોકોને જ એક તરફ આનંદ છે તો બીજી તફ શંકા છે કે, આ ડીલ લાંબો સમય ચાલશે કે નહીં. બંને દેશો એકબીજાની શરતોને આધિન રહીને કામગીરી કરશે તેના વિશેની ખાતરી માગવામાં આવી રહી છે. ઈઝરાયેલ જણાવે છે કે, તેને હમાસની શરતો માનવાની અને બંધકોને છોડવાની વાત ઉપર વિશ્વાસ નથી. બીજી તરફ હમાસ પણ ઈઝરાયેલ શાંત રહે તે વાત સ્વીકારવા તૈયાર નથી. ખરેખર આ શાંતિ સ્થપાવાની શરૂઆત થઈ તો આગળ શું થશે તે જાણવા જેવું તો છે. બંને દેશો કેટલા દિવસ સુધી શાંત રહે છે અને સ્થિતિ કાબુમાં રહે છે તે આગળ ખબર પડશે. દુનિયાના મોટાભાગના દેશો દ્વારા ગાઝા અને ઈઝરાયેલના આ પગલાને આવકારવામાં આવ્યું છે. હવે ખાસ વાત એ છે કે, આ સમજુતી ક્યારે અમલમાં આવશે અને તેમાંથી કેટલા મુદ્દા ઉપર અમલ થશે. અત્યાર સુધીના બંનેના યુદ્ધને કારણે ૬૭,૦૦૦થી વધારે લોકોનાં મોત થઈ ગયા છે. લાખો લોકો બેઘર થઈ ગયા છે.

## બિહારમાં મહાગઠબંધનએ બેઠક વહેંચણીની ફોર્મ્યુલા નક્કી કરી

બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા વિપક્ષી મહાગઠબંધન બેઠકોની વહેંચણીને અંતિમરૂપ આપી રહ્યું છે. મહાગઠબંધનમાં સંમતિ બની રહી છે. જો સત્તામાં આવશે તો મહાગઠબંધન દલિત, મુસ્લિમ અને પછાત વર્ગમાંથી ત્રણ ઉપમુખ્યમંત્રી બનાવશે. આરજેડી અને કોંગ્રેસના સિનિયર નેતાઓએ આ માહિતી આપી છે. મહાગઠબંધન તરફથી મુખ્યમંત્રીપદનો ચહેરો તેજસ્વી યાદવ હશે. જોકે સહયોગી પક્ષોએ હજી ઔપચારિક રીતે એમના નામ પર સિક્કો નથી માર્યો. તેજસ્વી યાદવનો સામનો એનડીએના મુખ્યમંત્રી નિતિશકુમાર સામે થશે. એમની સરકારમા બે ઉપમુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી (ઓબીસી) અને વિજયકુમાર સિંહા (ભૂમિહાર) કામગીરી કરી રહ્યા છે. નક્કી થયા પ્રમાણે આરજેડીને ૧૨૫ બેઠકો, કોંગ્રેસને ૫૦ થી ૫૫ બેઠકો અને સામ્યવાદી પક્ષને ૨૫ બેઠકો અપાશે. બાકીની બેઠકો બીજા નાના પક્ષોને આપવામાં આવશે. ચૂંટણી રણનીતિકારમાંથી રાજકારણી બનેલા પ્રશાંત કિશોરના પક્ષ જન સુરાજ પાર્ટીએ બિહાર વિધાનસભા ચૂંટણી માટે ૫૧ ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી દીધી છે. બીજા કોઈપણ પક્ષ કરતા આ મામલે જન સુરાજ પક્ષ આગળ છે. જન સુરાજે જે ૫૧ ચહેરાઓ જાહેર કર્યા છે તેમાં ગણિત નિષ્ણાંત અને પૂર્વ પ્રોફેસર, પૂર્વ અધિકારી, નિવૃત્ત પોલીસ અધિકારી અને ડોક્ટરનો સમાવેશ કર્યો છે. આ ૫૧ બેઠકોમાંથી ૪૪ બેઠકો સામાન્ય છે જ્યારે ૭ અનામત બેઠકો માટે ઉમેદવાર જાહેર કર્યા છે. ઉમેદવારોની પસંદગીમાં પ્રશાંત કિશોરએ રાજ્યનું જાતિ સમીકરણ અને જાતિ આધારિત ગણિત પર ખાસ ધ્યાન આપ્યું છે. પ્રશાંત કિશોરએ હંમેશા વ્યક્તિ પ્રમાણે તમામ વર્ગોને પ્રતિનિધિત્વ આપવાની દલીલ કરી છે. પ્રશાંત કિશોરની પહેલી યાદી જોતા એમ લાગે છે કે, તેઓ જાહેર કરેલી યોજના પ્રમાણે ચાલી રહ્યા છે. જન સુરાજના ૫૧ ઉમેદવારોમાં સૌથી વધારે અત્યંત પછાત વર્ગની કેટેગરીમાં ૧૭ ઉમેદવારો છે. ત્યારે ઓબીસીના ૧૧, સામાન્ય વયના ૯ અને મુસ્લિમ ઉમેદવારોની સંખ્યા ૭ છે.

એમ લાગે છે કે, ઉત્તર પ્રદેશની આગામી વિધાનસભા ચૂંટણીમાં બસપાના સુપ્રીમો માયાવતી આક્રમકતાથી ઝૂકાવશે. માયાવતીએ સાફ વાત કરી છે કે, બસપા એકલે હાથે ચૂંટણી લડશે. તેઓ ઉત્તર પ્રદેશમાં ફરીથી સત્તા મેળવવાનો પ્રયત્ન કરશે. કાશીરામની પૂણ્યતિથિને દિવસે યોજાયેલી રેલીમાં એમણે સૌથી મોટો હુમલો સમાજવાદી પક્ષ પર કર્યો છે. એમણે કહ્યું હતું કે, સપા જ્યારે સત્તામાં આવી હતી ત્યારે સરકારી વિભાગમાં પ્રમોશન આપવામાં અનામત નાબૂદ કરવાની કોશિષ કરી હતી. આ ઉપરાંત સમાજવાદી પાર્ટી દલીતો અને બીજા મહાપુરુષોનું અપમાન કરવામાં સૌથી આગળ રહી હતી. જે દલીત મહાપુરુષોના નામ વિવિધ સરકારી યોજનાઓ સાથે જોડવામાં આવ્યા હતા. એ તમામ નામ સમાજવાદી પાર્ટીએ બદલી નાખ્યા હતા. માયાવતીએ બરેલી, કાનપુર જેવા શહેરોમાં 'આઈ લવ મોહમ્મદ'ના વધેલા દબાણ બાબતે સલાહ પણ આપી છે. એમનું કહેવું છે કે, તકવાદી એક બીજાના દેવી દેવતાઓ અને પયગંબરનું અપમાન કરીને બબાલ કરે છે. આ એટલા માટે કરવામાં આવે છે કે વિવાદ વધે. બધાએ એક બીજાના ધર્મનું સન્માન કરવું જોઈએ, પરંતુ આઇ લવ જેવી રાજનીતી કરવી જોઈએ નહીં. અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી આમિર ખાન મુત્તકી પોતાની પહેલી ભારત યાત્રાએ આવી ગયા. અફઘાનિસ્તાનમાં બનેલી તાલિબાન સરકાર પર યુનાઈટેડ સ્ટેટ્સ (યુએસ)એ કડક પ્રતિબંધ લાદ્યા છે. જોકે ભારત સરકારની વિનંતી માન્ય રાખીને તાલિબાનની વિદેશ મંત્રીને ભારત આવવાની છૂટ મળી છે. તામિલનાડુના આંતરરાષ્ટ્રીય પ્રવક્તા સુહેલ શાહીને ભારતએ આશ્વાસન આપ્યું છે કે, અફઘાનિસ્તાન પોતાની જમીનનો ઉપયોગ ભારત વિરુદ્ધ થવા નહીં દે. સુહેલ શાહીને ભારતને વિનંતી કરી છે કે, તાલિબાન સરકારની માન્યતા આપે.

### શિવ તત્વને હજી વધુ સારી રીતે આત્મસાત કરવાં માટે આગળ એની વિશે જ ચિંતન કરીશું

# સતી અનસૂયા એ પોતાનાં એક વર્ષનાં પતિવ્રતા ધર્મનું ફળ ગંગાજીને આપ્યું !



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**એકવાર અત્રિ ઋષિની પત્ની અનસૂયાનાં પતિવ્રતા ધર્મ વિશે સાંભળીને ગંગાજી સતી અનસૂયાને ઘરે આવે છે, અને કહે છે કે સતી અનસૂયા! જો તમે એક વર્ષનું પતિ સેવાનું ફળ અને પાર્થિવ શિવલિંગની પૂજાનું ફળ મને આપી દો, તો દેવતાઓ પર ઉપકાર કરવાં માટે હું સદાય અહીં સ્થિત થવાં તૈયાર છું**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે સોમવાર અને એટલે ચરિત્રની ઓળખ, પણ આપણે શ્રાવણ મહિનામાં શિવપુરાણ વિશે ચિંતન કર્યું હતું, અને હજી શિવપુરાણમાં શિવ ચરિત્રનાં એવા કેટલાય પ્રકરણનો ઉલ્લેખ બાકી છે, અને ખાસ કરીને અત્ર તત્ર સર્વત્ર દેખાતાં સ્વયંભૂ શિવલિંગો કંઈ રીતે ઉદ્દ્ભવ પામ્યા છે, એ વિશેની પૌરાણિક કથાઓનો ઘણો મહિમા છે, તો આપણે શિવ તત્ત્વને હજી વધુ સારી રીતે આત્મસાત કરવાં માટે આગળ એની વિશે જ ચિંતન કરીશું.



શતરુદ્ર સંહિતા બાદ કોટીરુદ્ર સંહિતા આવે છે, જેમાં બાર જ્યોતિર્લિંગોની પૌરાણિક કથાઓનો ઉલ્લેખ જોવા મળે છે, પરંતુ આપણે શ્રાવણીયા સોમવારે દર ત્રણ જ્યોતિર્લિંગ વિશે ચિંતન કરી લીધું છે!; પણ હજીય ભગવાન શિવના એવાં કેટલાંય શિવલિંગ રુપી સ્વરૂપ છે, જેને વિષે આપણે જાણતા નથી!; શિવ કે શિવલિંગ વિશે જાણવું નહીં! અર્થાત શિવનાં કલ્યાણ સ્વરૂપની મહત્તા સમજ્યા વગર, એને છોડી દેવું! અને એટલે જ એને છોડી દેવું નથી, અને આજે કાશી વિસ્તારમાં આવેલા અત્રીશ્વર મહાદેવ અને નંદીકેશ શિવલિંગ વિશે પૌરાણિક કથાના દ્રષ્ટાંત વિશે જોઈશું!

સૂતજી મુનીશ્વરોને કહે છે, ગંગાજીનાં તટ પર આવેલી કાશી નગરી કે જેને મુક્તદાયિની કહેવાય છે, એ ભગવાન શિવની નિવાસી છે, અને એમાં અસંખ્ય સ્વયંભૂ શિવલિંગ વાળા મંદિર આવેલાં છે. જેમ કે કૃત્તિવાસેશ્વર, તિલભાંડેશ્વર દશાશ્વમેઘ, સંગમેશ્વર, ભૂતેશ્વર, નારીશ્વર, સિદ્ધનાથેશ્વર, દૂધેશ્વર, શ્રૃંગેશ્વર, વૈદ્યનાથ, બટુકેશ્વર, પૂરેશ્વર, જપ્યેશ્વર, ગોપેશ્વર, રંગેશ્વર, વામેશ્વર, બ્રહ્મેશ્વર સોમેશ્વર, માધવેશ વગેરે શિવલિંગોનું વર્ણન છે.

એકવાર અત્રિ ઋષિની પત્ની અનસૂયાનાં પતિવ્રતા ધર્મ વિશે સાંભળીને ગંગાજી સતી અનસૂયાને ઘરે આવે છે, અને કહે છે કે હે સતી અનસૂયા! જો તમે એક વર્ષનું પતિ સેવાનું ફળ અને પાર્થિવ શિવલિંગની પૂજાનું ફળ મને આપી દ્યો, તો દેવતાઓ પર ઉપકાર કરવાં માટે હું સદાય અહીં સ્થિત થવાં તૈયાર છું. પતિવ્રતા સ્ત્રીનાં દર્શન માત્રથી હું પ્રસન્ન થાઉં છું, અને બીજા લાખ ઉપાય કરવાથી મને આવી પ્રસન્નતા મળતી નથી. આમ પણ ગંગામાં સ્નાન કરવાથી મનુષ્યનાં પાપ ધોવાય છે, એ પ્રચલિત કહેવત અનુસાર બધાં મારા તટ પર આવી સ્નાન કરે છે, અને એ પાપ પતિવ્રતા સ્ત્રીનાં દર્શનથી જ ધોવાય છે, અને હું વિશેષ શુદ્ધ થઈ જાઉં છું, કેમ કે પતિવ્રતા નારી પાર્વતી સમાન પવિત્ર હોય છે, તેથી જો તમે જગતનું કલ્યાણ કરવા ઈચ્છતા હો, અને લોકહિત માટે મારી આ માંગણી સ્વીકારી લ્યો તો હું અવશ્ય અહીં નિવાસ કરીશ. પતિવ્રતા અનસુયાએ ગંગાજીની માંગણી સ્વીકારી લીધી અને વર્ષ વરનો સમગ્ર પુણ્ય એમને આપી દીધું. અનસુયા એ જ્યારે પોતાના પુણ્યનું ફળ ગંગાજીને આપી દીધું, આ જોઈ ભગવાન મહાદેવ અત્યંત પ્રસન્ન થઈ ગયાં, અને પાર્થિવ લિંગમાંથી તત્કાળ પ્રગટ થઈને, એમણે દર્શન આપ્યા. એમણે અનસુયાને કહ્યું એ સાધ્વી તમારું આ કર્મ જોઈને હું ખૂબ જ પ્રસન્ન છું, માટે વરદાન માગો. અત્રી અનસુયા ભગવાન મહાદેવનાં પંચમુખ વાળા અદભુત સુંદર સ્વરૂપનાં દર્શન કરી આશ્ચર્યચકિત થઈ ગયાં અને એમણે નમસ્કાર કરીને સ્તુતિ કરી, અને કહ્યું હે દેવ દેવેશ્વર આપ જો અત્યંત પ્રસન્ન થયાં હો તો આ તપોવનમાં નિવાસ કરો, અને ત્યારે ગંગા અને શિવ બંનેએ પ્રસન્ન થઈ, એ સ્થાન પર નિવાસ કર્યો અને આ શિવલિંગનું નામ અત્રીશ્વર રાખવામાં આવ્યું.

આમ જુદા જુદા સ્વયંભૂ શિવલિંગોની પૌરાણિક કથા સુતજીએ મુનીસશ્વરોને સંભળાવી, ત્યારબાદ મુનીસ્વરોએ સૂતજીને પ્રશ્ન કર્યો કે હે મહામતે સૂતજી વૈશાખ સુદ સાતમે ગંગાજી નર્મદામાં કઈ રીતે પ્રગટ થયા?: એ કથા અમને પ્રસન્નતા પૂર્વક સંભળાવો.

ઘણા સમય પહેલા એક ઋષિકા નામની બ્રાહ્મણી હતી, જે ભગવાન શિવની ભક્ત હતી. સમય થતા એમના લગ્ન એક બ્રાહ્મણ સાથે થયાં, પરંતુ પૂર્વ જન્મનાં કોઈ અશુભ કર્મના પ્રભાવથી એ બાળ વિધવા બની. ઋષિકા બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવા લાગી તથા પાર્થિવ શિવલિંગની પૂજા કરી પોતાનાથી કામાંધ બની કોઈ પાપ કર્મ થઈ ન જાય માટે કઠોર તપ કરતી હતી. એ સમયે મોઢ નામનો એક પ્રસિદ્ધ અને બલવાન અસુર જે મોટો માયાવી પણ હતો એ આ સુંદર કામિનીને તપસ્યા કરતી જોઈ ગયો! અને મોઢ નામનાં અસુરને ઋષિકા સાથે કામક્રિડા કરવાની અત્યંત ઈચ્છા થઈ, પરંતુ ઉત્તમ વ્રતનું પાલન કરનારી ઋષિકા એ અસુર તરફ દ્રષ્ટિ પણ કરી નહીં. આજ તીરસ્કાર દૈતેરાજ મૂઢથી સહન થયો નહીં, અને એણે ક્રોધિત થઈ પોતાનું મૂળ વિકટ સ્વરૂપ બતાવ્યું. એમ કેન પ્રકારે એણે ઋષિકાને પ્રાપ્ત કરવાં જુદી જુદી પ્રકારે ત્રાસ આપવાનું શરૂ કર્યું. ઋષિકા અસુરના વિકટ સ્વરૂપને જોઈ ભયથી ધ્રુજી રહી હતી, અને વારંવાર શિવ શિવ ના પોકાર કરવા લાગી, એને સંપૂર્ણ ભરોસો હતો કે, ભગવાન શિવ એની મદદે આવશે, અને આ અસુરના ત્રાસમાંથી એને છોડાવી, પોતાનાં પતિવ્રતા ધર્મનું રક્ષણ કરશે. શરણાગતની રક્ષા કરનાર ભગવાન શિવ ત્યાં પ્રગટ થયાં, અને કામવિમૂઢ થયેલા દૈત્યરાજ મૂડને એમણે તત્કાળ ભસ્મ કરી દીધો. ઋષિકા પર પ્રસન્ન થઈ વરદાન માંગવા કહ્યું! બ્રાહ્મણ પત્નીએ ભગવાન શિવના મંગલકારી સ્વરૂપનાં દર્શન કર્યા, અને શુદ્ધ અંતઃકરણ વાળી ઋષિકા એ ભગવાન શિવને કહ્યું, ભગવાન આપ દિનબંધુ છો, ભક્તોની સદા રક્ષા કરનારા છો, આપે મારા પતિવ્રતા ધર્મની રક્ષા કરી છે, અને આ કિસ્સો યાદ રહે, એ માટે મને આપનાં ચરણોમાં ઉત્તમ અને અનન્ય ભક્તિ પ્રદાન કરી, અહીં પધાર્યા એ જ મારું વરદાન છે, આનાથી વધારે મને શું જોઈએ!: પણ તે છતાં જો કંઈ આપવા ઈચ્છતા હો તો અહીં નિવાસ કરો! અને ભગવાન પ્રસન્ન થઈ, તથાસ્તુ કહી એ પાર્થિવ લિંગમા નંદીકેશ નામથી સ્થિત થયાં. એ સમયે ગંગાજી પણ પ્રગટ થયાં અને એમણે ઋષિકાને વચન આપ્યું કે દર વૈશાખ સુદ સપ્તમી એ અહીં એક દિવસ માટે નિવાસ કરશે અને આમ વૈશાખ સુદ સપ્તમીયે નર્મદામાં મા ગંગાનું પ્રગટીકરણ થાય છે, અને આપણે એને ગંગા સપ્તમી નામથી ઓળખીએ છીએ.

આમ સુતજીએ બે પતિવ્રતા ધર્મની સ્ત્રીઓને કારણે ભગવાન શિવના પ્રાગટ્યની કથા કહી, જેમાં એક અત્રિ ઋષિની પત્ની અનસૂયા છે! જે વેદ પુરાણ મુજબ ભગવાન શિવનાં મૂળ સ્વરૂપને જાણે છે, કે જગતના કર્તા, હર્તા, સમાહર્તા, ભગવાન શિવ જ છે! એમણે જ આ સમગ્ર બ્રહ્માંડ પર કલ્યાણ કરીને બ્રહ્મા અને વિષ્ણુ દ્વારા સુંદર સૃષ્ટિની રચના કરી છે. જ્યારે બીજી પતિવ્રતા સ્ત્રી એટલે એક બ્રાહ્મણની બાળ વિધવા કે જે માત્ર ને માત્ર ભક્તિના જળથી ભગવાન શિવનાં પાર્થિવ શિવલિંગ પર અભિષેક કરી રહી હતી, અને છતાં એ પણ કૃષિ પત્ની અનસૂયા જેવું જ વરદાન પ્રાપ્ત કરી શકી! આ વાત બતાવે છે કે, ભગવાન શિવનાં મનમાં એમનાં તમામ ભક્તો માટે સદા સમાન ભાવ રહ્યો છે, અને એ સમયે ભક્તની રક્ષા કરવા પોતાનાં મૂળ સ્વરૂપે પ્રગટ થઈ, લોકકલ્યાણ માટે સ્વયંભૂ શિવલિંગમાં સ્થિત થાય છે. તો ભક્તને મદદ કરવા સદા તત્પર રહેનારાં દેવોનાં દેવ મહાદેવની અપરંપાર કૃપા આપણી પર વરસતી રહે એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

### ભીલોએ ભરતજીને નવડાવ્યા, ફૂલની માળા પહેરાવી સુંદર પકવાનો ભોજન માટે આપ્યા

# સ્વાદિષ્ટ ભોજન કે સ્વાદહીન ભોજનમાં ભેદ નથી, જે આપે તે ખાય, ભોજનએ સાધન છે, ભજન એ સાધ્ય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સંસારના લોકોની દૃષ્ટિથી સંત એ પાગલ છે. સંતોની દૃષ્ટિ સંસાર સુખમાં ફસાયેલ પાગલ લોકો તરફ છે. ભીલ લોકો ભરતજીને લઈ ગયા. બલિદાન શું અને કોનું તે સમજવા જેવું છે.માતાજીને બલિદાન કરવાનું તે કોઈ જીવનું નહીં, પણ કામ,ક્રોધ,લોભરૂપી પશુનું બલિ દાન કરવાનું છે. દેવી ભાગવતમાં બલિદાનનો અર્થ આવો બતાવ્યો છે**




ભગવદ્ ગીતા જ્ઞાન આજે આપણે જોઈએ તો એક ભીલ રાજાને સંતાન ન હતું. તેમણે ભદ્રકાલીની બાધા લીધીકે બાળક થાય તો નરબલિ આપીશ પુત્ર થયો.ભીલોને આજ્ઞા આપી, જાવ કોઈ નરને લઈ આવો.ભીલોની નજર જડભરત ઉપર ગઈ આ તગડો છે. આનો બિલ સારો થશે.

સંસારના લોકોની દૃષ્ટિથી સંત એ પાગલ છે.સંતોની દૃષ્ટિ સંસાર સુખમાં ફસાયેલ પાગલ લોકો તરફ છે. ભીલ લોકો ભરતજીને લઈ ગયા.બલિદાન શું અને કોનું તે સમજવા જેવું છે.માતાજીને બલિદાન કરવાનું તે કોઈ જીવનું નહીં, પણ કામ,ક્રોધ,લોભરૂપી પશુનું બલિ દાન કરવાનું છે. દેવી ભાગવતમાં બલિદાનનો અર્થ આવો બતાવ્યો છે.

ભીલોએ ભરતજીને નવડાવ્યા, ફૂલની માળા પહેરાવી સુંદર પકવાનો ભોજન માટે આપ્યા.

ભરતજીને તો સ્વાદિષ્ટ ભોજન કે સ્વાદહીન ભોજનમાં ભેદ નથી. જે આપે તે ખાય.ભોજનએ સાધન છે.ભજન એ સાધ્ય છે. ભરતજી ભોજન કરે છે,પણ ભરતજીનું ભોજન ભજન માટે છે.

ભીલો નવાઈ પામે છે કે આ બે કલાક પછી મરવાનો છે,તેમ છતાં સુખેથી ભોજન કરે છે. તે પછી તેઓ જડભરતને ભદ્રકાલી માતા ના મંદિરે લઈ ગયા.સંતની પરીક્ષા મનોવૃત્તિથી થાય છે, દાઢી-જટાથી નહીં. જડભરતજી માતાજીને મનથી પ્રણામ કરી માથું નમાવી શાંત ચિત્તે બેઠા. ભીલરાજાએ ભદ્રકાલીની પ્રાર્થના કરી,પછી તલવાર થી ભરતજીનું માથું કાપવા તૈયાર થયો.

સર્વમાં સમભાવ સિદ્ધ કરનાર ભક્તને જોતાં માતાજીનું હૃદય ભરાયું.તેમનાથી આ સહન ન થયું. ભદ્રકાલી મૂર્તિ ફાડી બહાર નીકળ્યા.ભીલરાજાનું મસ્તક તેની જ તલવાર લઈ કાપી નાખ્યું અને એ મસ્તકનો દડો બનાવી માતાજી રમવા લાગ્યાં.જ્ઞાની ભક્ત માને છેકે,મારી પાછળ હજાર હાથવાળો રક્ષણ કરનાર છે.બે હાથવાળા શું રક્ષણ કરનાર હતા?જ્ઞાની ભક્તો માતાજીનેબહુ વહાલા લાગે છે.માતાજીએ પોતે આમ ભરતજીનું રક્ષણ કર્યું. ભીલો ભાગી ગયા.એક સમયે સિંધુ દેશના રાજા રહૂગણને બ્રહ્મ જ્ઞાન પ્રાપ્ત કરવાનું મન થયુંએટલે વિદ્યા પ્રાપ્ત કરવા પાલખીમાં બેસીએ કપિલ મુનિનાઆશ્રમે આવવા નીકળ્યો. ચાર ભાઈઓએ પાલખી ઊંચકી છે. રસ્તામાં એક ભાઈ ભાગી ગયો. રાજાએ કહ્યું, જે મળે તેને પકડી લાવો.સેવકો પાલખી ઊંચકવા જડભરતને પકડી લાવ્યા. કહે કે, આ તગડો ઠીક કામ લાગશે. ભરતજીએ પાલખી ઉપાડી.અગાઉ ઘણી વાર પોતે પાલખીમાં બેઠેલા હતા, તેમ છતાં આજે પાલખી ઉપાડવાનું કામ આવ્યું તો આનંદથી સ્વીકારી લીધું.આ તેનું પ્રારબ્ધ હતું. પ્રારબ્ધ ભોગવ્યા વગરછૂટકો નથી. છેલ્લો જન્મ હતો તેમ છતાં પાલખી ઉપાડવી પડી.

વૈષ્ણવો ભગવદચ્છાથી જીવે છે. જ્ઞાનીઓ પ્રારબ્ધ કર્મ ભોગવવાની ઈચ્છાથી જીવે છે.જ્ઞાનીઓ અનિચ્છાથી પ્રારબ્ધ જુએ છે. વૈષ્ણવો તેમાં ભગવદચ્છા જુએ છે.

સાધક માટે ખાસ આજ્ઞા કરી છે કે,ચાર હાથ કરતાં વધારે દૂર દ્રષ્ટિ ન જાય.દૃષ્ટિ ચંચળ થાય એટલે મન ચંચળ થાય છે એટલે ભરતજી જમીન ઉપર જોઈને ચાલે છે. કોઈ જીવની હિંસા ન થઈ જાય. ભરતજીને દરેક જીવ માં ભગવાનનાં દર્શન થાય છે.

ભરતજી વિચારે છે કે,મારું પ્રારબ્ધ થોડું બાકી છે. મરશે તો શરીર મરશે.હું તો મારા નારાયણ ને મળવાનો છું. હું સાવધ છું. હું નિર્ભય છું. ગાફેલ હોઈએ તો જ કામ,ક્રોધ,લોભ માથે ચડી બેસે છે. નિર્ભય બનો. નિર્ભય જીવ હંમેશાં પરમાત્માના સાનિધ્યમાં સતત અનુભવ કરે છે રસ્તે ચાલતાં જડભરતજી પ્રભુને રીઝવવા ચાલે છે.

મનમાંથી ક્ષણભર પ્રભુ અંતર્ધ્યાન થાય તો ભરતજી વ્યાકુળ બની રડી પડે છે.નાથ મને શરણમાં ક્યારે લેશો? મારું પ્રારબ્ધ ક્યારે પૂરું થશે? હજુ મને તમારાં દર્શન કેમ થયાં નથી?વિચારી ભરતજી રડે છે.

રસ્તામાં કીડીને બચાવવા ભરત જી પગને રોકે એટલે પાલખીને આંચકો આવે,અને રાજાના માથા માં વાગે. રાજાએ સેવકોને કહ્યું, બરાબર ચાલો.મને ત્રાસ થાય છે. સેવકોએ કહ્યું,અમે તો બરાબર ચાલીએ છીએ પણ આ નવો આવનારો બરાબર ચાલતો નથી. તે ઘડીમાં ઊભો રહે છે, ઘડીમાં દોડે છે,ઘડીમાં કૂદે છે,ઘડીમાં હસે છે,ઘડીમાં રડે છે,કોક પાગલ છે. રાજા વક્રોક્તિ જડભરતને કહેવા લાગ્યા વાહ રે,તું તો સાવ દૂબળો છે!તારા હાથ પગમાં જોર નહીં એટલે તારાથી સારી રીતે કેમ ચલાય?અગણ હવે ભરતજી ઉપર નજર રાખે છે.ભરતજી વિચારે છેકે, રસ્તામાં કોઈ જીવ કચડાઈ મરશે તો પાપ લાગશે. ભરતજીનેકીડીમાં પણ કનૈયો દેખાય છે.

જડભરતે રાજાના કહેવા ઉપર ધ્યાન ન આપ્યું. એવામાં કીડીને ચંપાતી બચાવવા ભરતજીએ કૂદકો માર્યો. રાજાને પાલખીનો દાંડો માથામાં વાગ્યો.રાજાથી આ સહન ન થયું.ક્રોધથી અપમાન કરી તેણે ભરતજીને કહ્યું,તું જીવતો મૂઆ જેવો છે.તને ચાલવાનું યે ભાન નથી. બરાબર ચાલ!ભસ્મમાં છુપાયેલો અગ્નિ ઓળખાતો નથી એવી રીતે બ્રહ્મચિંતનમાં લીન થયેલો જ્ઞાની ઓળખાતો નથી. વળી ફરી એવો જ બનાવ બન્યો.

રહૂગણ રાજાને ફરીથી દાંડો માથામાં વાગ્યો. એણે ક્રોધ કરી કહ્યું, એય જાડિયા!હું જે તે નથી. રહુગણ રાજા પોતે છું.હું તને સજા કરીશ.

રાજાનો પૈસો લીધો નથી. રાજાનું અન્ન ખાધું નથી,છતાં રાજામારવા તૈયાર થયો છે. નિર્દોષને મારવાનો રાજાને શું અધિકાર? પણ રાજા અભિમાની હતો.મદાંધ થયો હતો

ભરતજીને બોલવાની ઈચ્છા ન હતી વિચાર્યું કે દુબળા-પાતળા હોવુંએ શરીરનો ધર્મ છે.આત્માને કંઈ નથી.એ મારા શરીર સાથે વાતો કરે છે એટલે તેની સાથે બોલવાની શું જરૂર છે.મારા શરીરનું એ અપમાન કરે તે મહત્ત્વનું નથી.પરંતુ મેં એને ખભા ઉપર ઊંચક્યો છે,એટલે તે જો હવે નરકમાં પડશે,તો પૃથ્વી ઉપર થી સત્સંગનો મહિમા નષ્ટ થશે. લોકો કહેશેકે,મહાજ્ઞાનીજડભરતે જેને ખભે ઊંચક્યો તે પણ નરક માં પડ્યો. જગતમાં સત્સંગનોબહુ મોટો મહિમા છે.માટે હવે હું તેનો ઉદ્ધાર કરીશ. આમ સત્સંગનો મહિમા રાખવા જડ ભરતને બોલવાની ઈચ્છા થઈ. આજદિન સુધી તેઓ કોઇની સાથે બોલ્યા ન હતા.રાજા ઉપર દયા આવી અને બોલવાની ઈચ્છા થઈ.

રાજા કપિલ મુનિના આશ્રમમાં તત્ત્વજ્ઞાનનો ઉપદેશ લેવા જાય છે ઉપદેશ લેવા દીન બનીને જવું જોઈએ.તેના બદલે 'હુંપણું' રાખી ને રાજા થઈને ઉપદેશ લેવા જાય. આવું અભિમાન લઈને જશે તો ઋષિ વિદ્યા નહીં આપે.માટે આજે તેને અધિકારી બનાવું.આવી ભાવના ભરતજીના મનમાં જાગી.

રહુગણ રાજા ભાગ્યશાળી છે કે, એમને માટે જડભરતજીને બોલવાની ઈચ્છા થઈ.ભાગવતના સંત બહુ ઓછું બોલે છે. સુદામા પણ બહુ ઓછું બોલશે.મૌન રાખવાથી માયાનું બંધન ઓછું થાય છે.બોલો તો એવું બોલો કે સામાનું કલ્યાણ થાય.

જડભરતજી બોલ્યા,હે રાજા, તમે કહ્યું 'તું દૂબળો છે' એ વાત ખરી છે.તે કંઈ મારી નિંદા કે મશ્કરી ન કહેવાય. જાડાપણું કે પાતળાપણું એ તો શરીરના ધર્મો છે. આત્માને તેની સાથે કોઈ સંબંધ નથી.હે રાજા,તમે કહ્યું કે તું જીવતે મૂઆ જેવો છે,એ વાત પણ ખરી છે.આખું જગત જીવતે મૂઆ જેવું છે.આ પાલખી મૂઆ જેવી છે અને પાલખીમાં બેઠેલો તું પણ જીવતો મૂઆ જેવો છે.

**મૌસમી ચેટર્જી આજકાલ તેના એક ઇન્ટરવ્યુને કારણે ઘણી સમાચારમાં છે**

# અમિતાભ અભિનયમાંથી ઊંચા ન આવ્યા અને રાજેશ ખન્ના ઘમંડી હતાઃ મૌસમી



પોતાની સ્પષ્ટવક્તા બોલી માટે પ્રખ્યાત, મૌસમી ચેટર્જી આજકાલ તેના એક ઈન્ટરવ્યુને કારણે સમાચારમાં છે, જેમાં તેણીએ તેની ફિલ્મ કારકિર્દીથી લઈને અમિતાભ બચ્ચન અને રાજેશ ખન્ના સુધીની દરેક બાબત વિશે વાત કરી હતી. તેણીએ રાજેશ ખન્નાને 'ઘમંડી' કહ્યા હતા, તેણીએ એ પણ ખુલાસો કર્યો હતો કે તેણીને અમિતાભની એક ફિલ્મમાંથી બહાર કાઢી મૂકવામાં આવી હતી. હવે તેણીએ ફરીથી અમિતાભ અને રાજેશ ખન્ના વિશે વાત કરી છે.મૌસમી ચેટર્જીએ કહ્યું હતું કે તેણીને અમિતાભ માટે દુઃખ થાય છે. તે પોતાની છબીનો શિકાર છે.



મૌસમીએ કહ્યું હતું કે અમિતાભ બચ્ચન હંમેશા પોતાના શબ્દો પ્રત્યે સચેત રહેતા હતા અને મોટા સ્ટારની પોતાની છબી જાળવી રાખવા માટે હંમેશા ચોક્કસ રીતે વર્તતા હતા.મૌસમી ચેટર્જીએ કહ્યું, 'અમિતાભ બચ્ચન ખૂબ જ બુદ્ધિશાળી છે. તે હંમેશા રાજકીય રીતે યોગ્ય શબ્દોનો ઉપયોગ કરે છે. મને ક્યારેક તેમના માટે દુઃખ થાય છે. મને લાગે છે કે મોટાભાગે તે ફક્ત એટલા માટે જ અભિનય કરે છે કારણ કે તે ફક્ત એટલું જ જાણે છે. હું ખોટી હોઈ શકું છું, પરંતુ હું તેના વિશે આવું જ વિચારું છું. તે તેની છબીને કારણે છે. તેની એક મહાન છબી છે, જે બીજું કોઈ પ્રાપ્ત કરી શક્યું નથી.'મૌસમીએ પછી સમજાવ્યું કે અમિતાભ બચ્ચન રાજેશ ખન્નાથી કેટલા અલગ છે, અને બંને વચ્ચે કેટલો તફાવત છે. તેણીએ કહ્યું, 'અપાર સફળતા છતાં, અમિતાભ જમીન પર રહ્યા. પરંતુ રાજેશ ખન્ના આમાં નિષ્ફળ ગયા. તે તેની સફળતાથી ખૂબ ખુશ હતો. જેમ કહેવાય છે - એક અભણ ગુંડા અને શિક્ષિત ગુંડા વચ્ચે ઘણો તફાવત છે.'મૌસમી ચેટર્જીએ આગળ કહ્યું, 'મેં ક્યારેય અમિતાભ બચ્ચનને ચાતુરીઓ સાથે જોયા નથી. પરંતુ રાજેશ ખન્ના હંમેશા આવા લોકોથી ઘેરાયેલા રહેતા હતા. તેમને તે ધ્યાન અને લાડની જરૂર હતી. "પણ દુઃખની વાત છે કે આ બધું તેમના મગજમાં કેવી રીતે ઉતરી ગયું અને તેમની કારકિર્દી નીચે ગઈ. આ તેમના માટે એક મોટો ફટકો હતો. એક સમય હતો જ્યારે તેઓ ટોચ પર હતા, કોઈએ આટલી ઊંચાઈ જોઈ ન હતી." મૌસમી ચેટર્જી અને અમિતાભે તેમના કરિયરમાં ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યું હતું. તેઓ બંને 'પીકુ'માં પણ દેખાયા હતા.

# પ્લમ્બરનું કામ કરતા પિતાની પુત્રી અભિનેત્રી કાજોલ સાથે ફિલ્મમાં દેખાશે



**ગુજરાતના વ્યારા શહેરની ૧૫ વર્ષની યુવતી જયનિશા નાયકે કાજોલ સાથે ફિલ્મ "મા"માં ભૂમિકા ભજવી છે**



દક્ષિણ ગુજરાતના વ્યારા શહેરની ૧૫ વર્ષની યુવતી, જયનિશા નાયક, આજે માત્ર પોતાની શાળા કે પરિવાર માટે નહીં, પણ સમગ્ર જિલ્લાની શાન બની છે. નાની ઉંમરમાં અભિનય ક્ષેત્રે વિશાળ સફળતા મેળવનારી જયનિશાએ દર્શાવ્યું છે કે મહેનત, પ્રતિભા અને મનોબળ સાથે સપનાઓને સાકાર કરી શકાય છે. જયનિશા અજય દેવગણ પ્રોડક્શન હેઠળ બનેલી ફિલ્મ "મા"માં કાજોલની સાથે જોવા મળશે. આ હોરર-ડ્રામા ફિલ્મમાં તેણે એક **"Possessed Girl"** (ભૂતગ્રસ્ત છોકરી)ની અગત્યની ભૂમિકા ભજવી છે. ખાસ વાત એ છે કે આ ફિલ્મ માટે સમગ્ર દેશમાં થયેલી ૬૦૦૦થી વધુ ઓડિશન્સમાંથી માત્ર ૬ છોકરીઓ પસંદ કરવામાં આવી હતી, જેમાં ગુજરાતમાંથી પસંદ થનારી એકમાત્ર કલાકાર જયનિશા હતી. ટેલિવિઝન અને વેબ સિરીઝની સફરમાં, સુહાગન, દહેજદાસી, **Dustbin (Web Series)** જેવા વિવિધ મંચો પર જયનિશાએ પોતાની અભિનય ક્ષમતા અને ભાવ પ્રગટ કરવાની અદભુત કલા દ્વારા દર્શકોના દિલ જીતી લીધા છે. ઉપરાંત, રોનિત રોય જેવા અનુભવી કલાકાર સાથે "બેટી બચાવો, બેટી પઢાવો" થીમ આધારિત શોર્ટ ફિલ્મ **"The Little Firefly"** માં પણ ભાગ લીધો છે. મોડેલિંગથી અભિનય સુધીની સફર છે જયનિશાની. તેણે પોતાની કારકિર્દીની શરૂઆત મોડેલિંગથી કરી હતી અને અત્યાર સુધીમાં ૯થી વધુ ટાઈટલ્સ અને વિજેતાપદ મેળવ્યા છે. તેની માતા સોનીકાબેને તેનામાં રહેલા જઝ્બો અને પ્રતિભાને ઓળખી તેને યોગા, જીમ, ફેશન શો અને સ્વિમિંગ જેવી તાલીમ આપી હતી. તે આજે પણ દરરોજ સવારે આ શિસ્તભર્યા અભ્યાસ દ્વારા પોતાને વધુ પુષ્ઠ બનાવી રહી છે. સપનાની પાછળ ઊભા છે જયનિશાના પિતા સુધાકરભાઈ નાયક, જે વ્યારામાં પ્લમ્બર તરીકે કામ કરે છે, અને માતા સોનીકાબેન, જેઓ તેમના દરેક સપનું સાકાર કરવા માટે અડીખમ મહેનત કરે છે. તેમના ૬ સભ્યોના પરિવારમાં ત્રણ બહેનો અને એક ભાઈ છે, જે તમામ જયનિશાને સતત સહારો અને પ્રોત્સાહન આપે છે. ફિલ્મના શૂટિંગ દરમિયાન ૭-સ્ટાર હોટલ અને પ્લેન યાત્રાનો આનંદ તેમના માટે એક નવો અનુભવ રહ્યો છે.

# ફોટા અને વીડિયોના દુરુપયોગ સામે સુનીલ શેટ્ટીએ ઉઠાવ્યો અવાજ

**અભિનેતા સુનીલ શેટ્ટીએ પોતાના વ્યક્તિત્વ અને છબીના અધિકારોના રક્ષણ માટે બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો**





આજના AIના જમાનામાં જાણીતી ફિલ્મી હસ્તીઓના ફોટો અને વીડિયોનો ઘણા લોકો દૂરઉપયોગ કરી રહ્યા છે. જેને લઈને ઐશ્વર્યા રાય, અભિષેક બચ્ચન સહિતના ઘણા કલાકારોએ કોર્ટમાં અવાજ ઉઠાવ્યો છે. હવે બોલીવુડના દિગ્ગજ અભિનેતા સુનીલ શેટ્ટીએ પણ બોમ્બે હાઈ કોર્ટના દરવાજો ખખડાવ્યો છે. સુનીલ શેટ્ટીએ પણ બોમ્બે હાઈ કોર્ટમાં કેવી અરજી કરી છે, આવો જાણીએ.અભિનેતા સુનીલ શેટ્ટીએ પોતાના વ્યક્તિત્વ અને છબીના અધિકારોના રક્ષણ માટે બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. તેમણે કોર્ટમાં અરજી દાખલ કરીને તેમની પરવાનગી વિના તેમના નામ, ફોટા, વીડિયો અને ડીપફેક સામગ્રીના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી છે. જેને લઈને આજે જસ્ટિસ આરિફ ડોક્ટરની અધ્યક્ષતાવાળી બેન્ચે સુનાવણી હાથ ધરી હતી.વરિષ્ઠ વકીલ બિરેન્દ્ર સરાફે સુનીલ શેટ્ટી તરફથી કોર્ટમાં દલીલ કરી હતી કે, ઘણા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને વેબસાઈટ્સ દ્વારા અભિનેતાના ફોટા, વીડિયો અને ડીપફેક સામગ્રીનો ઉપયોગ થઈ રહ્યો છે. બોમ્બે હાઈ કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં જણાવાયું હતું કે, અભિનેતા સુનીલ શેટ્ટીના ફોટાનો ઉપયોગ જાહેરાતો અને પ્રમોશનલ સામગ્રીમાં થઈ રહ્યો છે, જેના કારણે એવી છાપ ઊભી થાય છે કે શેટ્ટી આ બ્રાન્ડ્સ અથવા સેવાઓ સાથે સંકળાયેલા છે, જ્યારે વાસ્તવમાં તેમનો કોઈ સંબંધ નથી.કેટલીક વેબસાઈટ્સે તેમના પૌત્રના ડીપ ફેક ફોટા પણ બનાવ્યા અને શેર કર્યા છે, જે સંપૂર્ણપણે નકલી છે. અરજીમાં સુનીલ શેટ્ટીએ દાવો કર્યો છે કે, આવી સામગ્રી મારી ઈમેજને નુકસાન પહોંચાડી રહી છે. સાથોસાથ મારી ગોપનીયતાનું ઉલ્લંઘન પણ થઈ રહ્યું છે.અરજીમાં સુનીલ શેટ્ટીએ સ્પષ્ટ કર્યું છે કે, તેઓ વેબસાઈટને સંપૂર્ણપણે બ્લોક કરવાની માગણી નથી કરી રહ્યા, પરંતુ માત્ર તેમના વ્યક્તિત્વના અધિકારોનું ઉલ્લંઘન કરતી લિંક્સ અને પોસ્ટ્સને દૂર કરવાની માગ કરી રહ્યા છે.જસ્ટિસ આરિફ ડોક્ટરની અધ્યક્ષતાવાળી બેન્ચે વકીલની દલીલો સાંભળ્યા બાદ પોતાનો આદેશ અનામત રાખ્યો છે.

**સત્ય સામે આવતા ભડકી અભિનેત્રી**

# અભિનેત્રી તમન્ના ભાટિયાએ પણ ક્રિકેટર વિરાટવાળી ભૂલ કરી!



ડાયરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ સ્પિરિટને લઈને છેલ્લા ઘણા દિવસોથી સમાચાર સામે આવી રહ્યા છે. વાંગા અને એક્ટ્રેસ દિપિકા પાદુકોણ વચ્ચેનો વિવાદ કોઈનાથી છુપાયો નથી. આ વચ્ચે એક્ટ્રેસ તમન્ના ભાટિયા ફણ ચર્ચામાં આવી ગઈ છે. આ સમગ્ર વિવાદ વચ્ચે હવે તમન્ના ભાટિયાએ દિપિકાની એક રીલ સોશિયલ મીડિયા પર લાઈક કરી છે, જેમાં મહિલાઓ સામે ફેલાવવામાં આવી રહેલી ગેરસમજ અને અન્યાયના મુદ્દાઓને ઉજાગર કર્યા છે. તમન્ના ભાટિયાને સોશિયલ મીડિયા પર એક રીલ લાઈક કરી છે, જેને ચાહકો દીપિકાના મુદ્દા સાથે જોડી રહ્યા છે. ચાહકોનું માનવું છે કે આ તમન્નાનો દીપિકાને ટેકો વ્યક્ત કરવાની રીત હતી. જોકે, હવે તમન્નાએ આ સમગ્ર મામલે દોષનું ઠીકરું સોશિયલ મીડિયા પર ફોડી દીધું છે. તેની હાલત પણ કેટલાક અંશે વિરાટ કોહલી જેવી થઈ ગઈ છે.એક્ટ્રેસે બુધવારે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો. આ વીડિયોમાં ખાસ જે હતું તે તેનું કેપ્શન હતું. તમન્નાએ વીડિયોમાં કંઈ નહીં કહ્યું, પરંતુ કેટલાક એક્સપ્રેશન બનાવ્યા. આ સાથે જ તેણે કેપ્શનમાં લખ્યું કે, 'શું ઈન્સ્ટાગ્રામ એ ફિગર આઉટ કરી શકે છે કે તે આખરે કેવી રીતે આપમેળે કોઈ પેજ અથવા રીલને લાઈક કરે છે, કારણ કે ઘણા લોકો હવે સમાચાર બનાવી રહ્યા છે અને મારી પાસે ખરેખર ઘણું કામ છે.' તમન્નાની આ રીલ પર ચાહકો હવે અલગ-અલગ પ્રકારની કોમેન્ટ્સ કરી રહ્યા છે. તમન્ના સાથે જે થયું તે થોડા દિવસો પહેલા વિરાટ કોહલી સાથે પણ થયુ હતું. ક્રિકેટર વિરાટ કોહલીએ એક્ટ્રેસ અને ઈન્ફ્લુએન્સર અવનીત કૌરના ફેન પેજની પોસ્ટને ભૂલથી લાઈક કરી દીધી હતી. ત્યારબાદ ઘણો હોબાળો થયો હતો, ત્યારબાદ ક્રિકેટરે ચાહકોને જણાવ્યું હતું કે, મેં પોસ્ટ લાઈક નહોતી કરી, પરંતુ તે સ્કોલ કરતી વખતે થઈ ગઈ હતી. આ અલ્ગોરિધમનો વાંક છે. હવે તમન્નાએ પણ એ જ વાત કહી છે. તેણે કોઈનું નામ લીધા વિના ઈન્સ્ટાના અલ્ગોરિધમ પર ઠીકરું ફોડી દીધુ છે.

# રામાયણ' ફિલ્મની પહેલી ઝલક VFXથી ભરપૂર

**આ ફિલ્મ બે ભાગમાં બની છે, પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર અને બીજો ભાગ ૨૦૨૭ની દિવાળી પર રિલીઝ થશે**



જ્યારથી 'રામાયણ' ફિલ્મની જાહેરાત થઈ ત્યારથી આ ફિલ્મની દરેક બાબત ચર્ચામાં રહી છે. આ ફિલ્મ એ ભારતના ભવ્ય વારસા અને સમૃદ્ધ ઈતિહાસને એક શ્રદ્ધાંજલિ છે, જેમાં રણબીર કપૂર ભગવાન રામ, સાઈ પલ્લવી સીતા અને યશ રાવણના રોલમાં જોવા મળશે, તે વાત પણ જાહેર છે. આ ફિલ્મમાં પૌરાણિક વાર્તાને વિશ્વ કક્ષાની સ્ટોરી ટેલિંગ અને વિઝ્યુલ એક્સપિરીયન્સ સાથે બનાવવામાં આવી રહી છે. હજુ તો આ ફિલ્મ રિલીઝ થવાને ૨૦૨૬ની દિવાળી સુધીનો સમય છે. ત્યારે આ ફિલ્મની પહેલી ઝલક આપવામાં આવી છે. આ એક ત્રણ મિનિટનો વીડિયો છે, જે ઓનલાઈન સોશિયલ મીડિયામાં તેમજ થિએટરમાં પણ દર્શાવાયો હતો. આ વિડિયો ત્રિદેવના પરિચયથી શરૂ થાય છે, બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, જેઓ બ્રાહ્માંડમાં સંતુલન જાળવી રાખવાનું કામ કરે છે. વીડિયોમાં જણાવાયું છે કે જ્યારે બ્રહ્માંડનું પતન થવા લાગે છે, અંધાધુંધી છવાય છે અને ભગવાન રામમાં એક આશાનું કિરણ દેખાય છે, ધર્મ રક્ષમક રામ.ત્યાર પછી આ વીડિયોમાં એક કવિતાનું પઠન થાય છે, જેમાં રામના મુલ્યો દર્શાવાયા છે, તેમની કરુણા, શક્તિ અને ન્યાયપ્રિયતા. એઆઈ અને વીએફએક્સ દ્વારા આ વિષયો જીવંત કરાયા છે. આગળ જઈને આ વીડિયોમાં રામ અને રાવણ વચ્ચેનાં યુદ્ધની પણ વાત આવે છે. જેમાં ભગવાન રામ તરીકે રામ કપૂર અને શક્તિશાળી અને ભયાવહ રાવણ તરીકે યશને જોઈ શકાય છે. આ વીડિયો સંપુર્ણપણે આઈમેક્સ એક્સિપરીયન્સ સાથે બનાવાયો છે. આ ફિલ્મમાં રવિ દુબે લક્ષ્મણના રોલમાં, સની દેઓલ હનુમાનજીના રોલમાં જોવા મળશે. આ ફિલ્મની સ્ક્રિપ્ટ શ્રીધર રાઘવન દ્વારા લખવામાં આવી છે. જ્યારે એ.આર. રહેમાન અને હંસ ઝીમર દ્વારા સંયુક્ત રીતે આ ફિલ્મનું સંગીત આપવામાં આવ્યું છે. આ ફિલ્મ બે ભાગમાં બની છે, પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર અને બીજો ભાગ ૨૦૨૭ની દિવાળી પર રિલીઝ થશે. આ વીડિયો સંપુર્ણપણે આઈમેક્સ એક્સિપરીયન્સ સાથે બનાવાયો છે. આ ફિલ્મમાં રવિ દુબે લક્ષ્મણના રોલમાં, સની દેઓલ હનુમાનજીના રોલમાં જોવા મળશે. આ ફિલ્મની સ્ક્રિપ્ટ શ્રીધર રાઘવન દ્વારા લખવામાં આવી છે. જ્યારે એ.આર. રહેમાન અને હંસ ઝીમર દ્વારા સંયુક્ત રીતે આ ફિલ્મનું સંગીત આપવામાં આવ્યું છે. આ ફિલ્મ બે ભાગમાં બની છે, પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર અને બીજો ભાગ ૨૦૨૭ની દિવાળી પર રિલીઝ થશે.

**કિશોર કુમાર ખુશમિજાજ વ્યક્તિ હતા**

# કિશોર કુમાર ઘરમાં જ હાડપિંજર અને ખોપરીઓ રાખતા હતાઃ અમિત



કિશોર કુમાર ખુશમિજાજ વ્યક્તિ હતા. તે લોકો સાથે મજાક કરતો હતો. તેના કેટલાક કાર્યોને કારણે લોકો તેને પાગલ પણ કહેતા હતા. જ્યારે તે આ દુનિયામાં હતો, ત્યારે ઘરમાં ખોપરીઓ રાખવાના સમાચાર પણ હેડલાઈન્સમાં હતા. હવે તેમના પુત્ર અમિત કુમારે એક ઈન્ટરવ્યુ દરમિયાન જણાવ્યું કે તેમના પિતા ખોપરી ઘરમાં કેમ રાખતા હતા. અમિતે કહ્યું કે લોકો તેને પાગલ માનતા હતા પણ તેના પિતાને કોઈ પરવા નહોતી.દુર્લભ વસ્તુઓ એકત્રિત કરવાનો શોખ હતોઅમિત કુમારે કહ્યું કે તેના ઘરમાં ખોપરી હતી, જોકે તે ડરાવવા માટે નહોતું. તે કહે છે, 'અમે તે અમારી સાથે લાવ્યા હતા.' અમે પૂર્વ આફ્રિકા, નૈરોબીમાં એક શો કરવા ગયા હતા. તેમનો શોખ આવી પ્રાચીન પ્રકારની વસ્તુઓ ભેગી કરવાનો હતો. પાછા ફરતી વખતે અમે બધું જ સાથે લાવ્યા હતા, તે હજુ પણ ટ્રસ્ટ પાસે છે.અમિતે જણાવ્યું કે તેના પિતાને આફ્રિકન સંસ્કૃતિ ખૂબ ગમતી હતી. તેમના સંગીતમાં વૈશ્વિક સંસ્કૃતિ પણ દેખાતી હતી. તેમને એમ પણ પૂછવામાં આવ્યું હતું કે તેમના પિતાની છબી ઘમંડી વ્યક્તિ જેવી બની ગઈ છે. આના પર અમિતે કહ્યું કે તે બધી અફવાઓ હતી. કિશોર કુમાર કહેતા હતા, 'ઠીક છે, દુનિયા મને પાગલ કહે છે, હું પોતે પણ દુનિયાને પાગલ કહું છું, અમિતે જણાવ્યું કે તેના પિતાને આફ્રિકન સંસ્કૃતિ ખૂબ ગમતી હતી, તેમના સંગીતમાં વૈશ્વિક સંસ્કૃતિ પણ દેખાતી હતી તેમને મને પાગલ કહેવા દો, સારું છે.' અમિતે કહ્યું કે તેના પિતા માનતા હતા કે દરેક વ્યક્તિએ એક દિવસ આ હાડપિંજર જેવું બનવું જ પડશે.

# લક્ષ્મણ ઉતેકરની ફિલ્મમાં લીડ રોલ ઓફર થયો હતો

**એક સ્ટોરી સંભળાવી છે - તેઓ માને છે કે આ વાર્તા મહારાષ્ટ્રીયન સંસ્કૃતિમાં ઊંડા મૂળ ધરાવે છે**



શ્રદ્ધા કપુર વધુ એક વખત મેડોકની ફિલ્મ કરશે એવી ચર્ચા છે. ૨૬ તારીખે શ્રદ્ધા કપૂરે મેડોકની મુંબઈની ઓફિસની બહાર દેખાઈ હતી. તેના પછી તેની આ મુલાકાતના કારણની ચર્ચા શરૂ થઈ હતી. ત્યાર પછી એવા અહેવાલો છે કે શ્રદ્ધા કપૂર એક મીટિંગ માટે મેડોકની ઓફિસ પહોંચી હતી. જ્યાં તે દિનેશ વિજાન અને લક્ષ્મણ ઉટેકરને મળી હતી. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, "લક્ષ્મણ અને શ્રદ્ધા એક સ્ક્રિપ્ટ પર ચર્ચા કરવા મળ્યા હતા. જે શ્રદ્ધાને ગમી છે અને તે મૌખિક રીતે તો આ ફિલ્મ માટે સહમત પણ થઈ છે. જો બધું જ સમું સુતરું રહે તો લક્ષ્મણ ઉટેકરની આગામી ફિલ્મમાં શ્રદ્ધા લીડ રોલમાં જોવા મળશે." એવા પણ અહેવાલો છે કે આ ફિલ્મ એક મરાઠી નોવેલ પર આધારીત છે, જેમાં શ્રદ્ધા મોટા પડદે એક મહારાષ્ટ્રિયન સ્ત્રીના રોલમાં જોવા મળશે. સુત્રએ જણાવ્યું, "જોકે, આ અંગે હજુ કોઈ પણ માહિતિ જાહેર કરવામાં આવી નથી. એવી પણ શક્યતા છે કે આ ફિલ્મમાં એક મોટો હિરો લીડ રોલમાં હશે."જોકે, હાલ આ ચર્ચાઓ પ્રાથમિક તબક્કામાં છે, પરંતુ શ્રદ્ધા આ ફિલ્મ કરે તેવી પુરી શક્યતા છે કારણ કે શ્રદ્ધાનો પણ મેડોકની ટીમ સાથે ઘણો સારો સંબંધ છે. સૂત્રએ જણાવ્યું, "દિનેશ વિજાન હાલ જાણે સપનામાં જીવતા હોય એટલી ખુશીના માહોલમાં છે.

## પ્રાકૃતિક હોવાના કારણે પાકના વેચાણમાં પણ કોઇ તકલીફ નથી પડતી. ગ્રાહકો ઘર બેઠા આવી પાક લઇ જાય છે : પ્રગતિશિલ ખેડુત પ્રજ્ઞાબેન પટેલ



નવસારી જિલ્લામાં આત્મા અંતર્ગત પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ત્યારે ખેડૂત મહિલાઓની ભાગીદારી નવસારી જિલ્લાના લક્ષ્યને હાંસલ કરવામાં મદદરૂપ બની રહી છે. નવસારી જિલ્લાના ચંદ્રવાસણસુપા ગામના પ્રજ્ઞાબેન પટેલ ફકત એક વિંધામાં આઠથી વધુ શાકભાજી અને ત્રણ ફળોની ખેતી કરી રહ્યા છે.

પ્રજ્ઞાબેન પટેલ પોતાના ઘરની બાજુમાં જ આવેલા પોતાના નાનકડા ખેતરમાં છેલ્લા ત્રણ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. ત્રણ વર્ષ પહેલા આત્મા પ્રોજેક્ટ અંતર્ગત પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી હતી. જેમાં અધિકારી કર્મચારીઓને ખેડૂત ભાઇબહેનો પોતાના ઘર પરિવાર માટે પ્રાકૃતિક ખેતી કરવા શરૂઆત કરવા આગ્રહ કર્યો હતો. જેના પરિણામે પ્રજ્ઞાબેન સહિત ચંદ્રવાસણસુપા ગામના ઘણા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી.

પ્રાકૃતિક ખેતી અપનાવતા તેમણે પાકમાં આવેલા બદલાવ અંગે જાત અનુભવ કર્યો અને આજે ત્રણ વર્ષથી સતત પ્રાકૃતિક ખેતી કરી પોતાના પરિવાર અને વેચાણ માટે અનાજ, શાકભાજી અને ફળોનું ઓર્ગેનીંક ઉત્પાદન કરી રહ્યા છે. આજે તેઓના ખેતરમાં ફલાવર, કોબી, લાલકોબી, રીંગણ, મુળા, કાંદા, ગાજર, હળદળ, પાલક, તાંદળજાની ભાજી, રાઈ, બેબી કોર્ન, લીંબુ, કેરી, ચીકુ, સફેદ જાંબુ વગેરે પાક પોતાના પરિવાર અને વેચાણ અર્થે ઉગાડે છે.

પ્રજ્ઞાબેનના શબ્દોમા કહીએ તો, ‘‘પ્રાકૃતિક ખેતીથી શાકભાજી અને ફળોને સ્વાદ મીઠો લાગે છે. સ્વાદમાં ફર્ક અનુભવી શકાય છે. ઉપરાંત ખાતર અને નિંદામણનો ખર્ચ નથી આવતો જેના કારણે આવક વધારે મળે છે. પ્રાકૃતિક હોવાના કારણે પાકના વેચાણમાં પણ કોઈ તકલીફ નથી પડતી. ગ્રાહકો ઘર બેઠા આવી પાક લઈ જાય છે. પ્રાકૃતિક ખેતી ખરેખર ઓછા ખર્ચે વધુ નફો આપે છે.’’

આ ઉપરાંત તેઓ પાસે ૩૩ જેટલી ગાયો છે. જેમાંથી ૩ ગીર ગાય છે. જેના નિભાવ માટે સરકારશ્રી તરફથી વાર્ષિક રૂપોયા ૧૦,૮૦૦/-ની સહાય મળે છે. ૩૩ ગાયોના દુધ થકી પણ ખર્ચ બાદ કરતા ૧૫ થી ૨૦ હજારની માસિક આવક મેળવી પરિવારને આર્થીક મદદરૂપ બન્યા છે.

નવસારી જિલ્લામાં ૨૧૭૩૬ ખેડૂતો દ્વારા કુલ-૭૦૭૪ એકરમાં વિસ્તારમાં પ્રાકૃતિક કૃષિ વિસ્તારી છે. આત્મા (એગ્રિકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી) પ્રોજેક્ટ હજારો ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિની તાલીમ અને આર્થિક સહાય આપી રહી છે. રાજ્ય કક્ષાએ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને જિલ્લા કક્ષાએ કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેના સીધા માર્ગદર્શન હેઠળ આત્મા પ્રોજેક્ટ નવસારી દ્વારા ખેડૂત ભાઇબહેનો વિવિધ તાલીમમા સહભાગી થઈ પ્રાકૃત્તિક ખેતીની વિધિવત જાણકારી મેળવી નવસારી જિલ્લાને પ્રાકૃતિક ખેતી તરફ આગળ ધપાવી રહ્યા છે.

### મોટા સપનાની સાથે સરકારી સહાય હેઠળ મળેલા સાધનોના સહારે પાયલબેને પોતાની ઉડાન ભરી અન્ય મહિલાઓ માટે બન્યા પ્રેરણારૂપ

# સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ઈશનપોર ગામની પાયલબેન પટેલ ‘ડ્રોન દીદી’ તરીકે બની પ્રેરણારૂપ







### એકાઉન્ટની નોકરી છોડી ડ્રોન ઓપરેટર તરીકે કારકિર્દી શરૂ કરી મેળવી સફળતાઃ બે વર્ષમાં ડ્રોન મશીનથી ખેતરમાં દવાનો છંટકાવ કરી રૂ.૫.૫૦ લાખની આવક પ્રાપ્ત કરી

ગુજરાતના ગ્રામિણ વિસ્તારોમાં મહિલા સશક્તિકરણને ટેકનોલોજી સાથે સંકલિત કરીને રાજ્ય સરકાર દ્વારા પરિવર્તન લાવવાના પ્રયાસો સતત ચાલી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દૃઢ નેતૃત્વ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનથી પ્રેરિત ‘‘નમો ડ્રોન દીદી યોજના’’ અંતર્ગત અનેક ગામડાની મહિલાઓ આજે આત્મનિર્ભર બનવાની યાત્રા પર આગળ વધી રહી છે. ત્યારે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનાં નાનકડા ગામ એવા ઈશનપોરમાંથી નીકળેલી પાયલબેન પટેલ આજે ‘ડ્રોન દીદી’ તરીકે ઓળખ પ્રાપ્ત કરી છે. ટેકનોલોજી અને આત્મનિર્ભરતા સાથે ગ્રામિણ જીવનમાં ક્રાંતિ લાવનારી પાયલબેનની સફર એ ગુજરાતના મહિલા સશક્તિકરણની જીવતી ઝાંખીરૂપ બન્યા છે.

ખેતી આધારિત પરિવારમાંથી આવતા પાયલબેને સુરતના અઠવાલાઈન્સ ખાતે આવેલી ગર્લ્સ પોલીટેકનિક કોલેજમાંથી ડિપ્લોમા કોમર્શિયલ પ્રેક્ટિસનો અભ્યાસ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ તેમણે એક ખાનગી કંપનીમાં એકાઉન્ટ વિભાગમાં નોકરી કરી, જ્યાં તેમને મહિને રૂ.૧૨ હજારનું વેતન મળતું. પરંતુ જીવનમાં કંઈક નવું કરવાનો વિચારથી તેમણે નોકરી છોડીને ટેકનોલોજીના ક્ષેત્રમાં પગ મૂક્યો અને ડ્રોન ઓપરેટર તરીકે પોતાના વ્યવસાયની શરૂઆત કરી. વર્ષ ૨૦૨૩માં પાયલબેને પુણે ખાતે યોજાયેલી ૧૫ દિવસની વિશિષ્ટ તાલીમ મેળવી. આ તાલીમમાં તેમને ડ્રોન ઉડ્ડયન, સંચાલન તથા તેના નિયમો અંગે ટેકનિકલ જ્ઞાન આપવામાં આવ્યું. તાલીમ પૂર્વે IFFCO દ્વારા લેવાયેલ ઈન્ટરવ્યૂ અને લેખિત પરીક્ષા સફળતાપૂર્વક પાસ કર્યા બાદ તેમને સરકારી સહાય હેઠળ રૂ.૧૫.૩૦ લાખના સાધનોમાં મિડિયમ સાઈઝનો ડ્રોન, ઈ-વ્હીકલ ટેમ્પો અને જનરેટર વિનામુલ્યે પ્રાપ્ત થયાં. તાલીમ પૂર્ણ કર્યા બાદ પાયલબેને



ટેકનોલોજીના માધ્યમથી આત્મનિર્ભરતાની ઉડાન ભરતી મહિલા શક્તિ એવા પાયલબેન પટેલ.

ઓલપાડ તાલુકાના ૩૬ થી વધુ ગામોમાં ખેતીવાડી પાકોમાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાઓના છંટકાવની કામગીરી શરૂ કરી. માત્ર બે વર્ષમાં તેઓએ રૂ.૫.૫૦ લાખથી વધુની આવક હાંસલ કરી છે, જે અગાઉની નોકરી કરતા અનેકગણી વધુ છે. પાયલબેન જણાવે છે કે, ડ્રોન ઓપરેટ કરવું અત્યંત જવાબદારીભર્યું કાર્ય છે. ખેતરનો નક્શો ડ્રોનમાં ફીડ કરીને કમ્પાસ કેલિબ્રેશન દ્વારા ચોકસાઈથી ડ્રોનને નિર્ધારિત વિસ્તારમાં ઉડાડવો પડે છે. તેમણે પોતાના અનુભવ વર્ણાવતા કહે છે કે, ડ્રોન મશીનથી દવાના છંટકાવથી સમય, દવા અને પાણીની બચત થાય છે અને ખેતર પર વધુ કાર્યક્ષમતા પ્રાપ્ત થાય છે. ખાસ કરીને ઊંચા પાકોમાં જેમ કે શેરડીના પાકમાં આ ટેક્નિક ખૂબ અસરકારક સાબિત થઈ છે. એક એકર જમીન પર માત્ર સાત મિનિટમાં છંટકાવ શક્ય બને છે. આજે પાયલબેન ઓલપાડ તાલુકાના અનેક ગામોમાં લોકપ્રિયતા મેળવી ચૂકયા છે અને તેમની પાસે સતત નવા કાર્ય માટે સંપર્ક થઈ રહ્યો છે. ઘરનાં કામકાજ, પતિ અને ચાર વર્ષની દિકરીની જવાબદારી નિભાવતાં તેઓ પોતાની કાર્યક્ષમતા અને નિષ્ઠાથી ટેકનોલોજી સાથે શાનદાર સંકલન સ્થાપી રહ્યા છે. પાયલબેનના પ્રયાસોએ આજની ગ્રામીણ મહિલાઓ માટે નવી દિશા બતાવી છે. તેઓ માત્ર પોતાના જીવનમાં પરિવર્તન લાવી શકયા છે તેવું નહી પણ આસપાસની મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. પાયલબેન પટેલ એક એવી ‘‘ડ્રોન દીદી’’, જેણે ખેતરમાં ટેકનોલોજીની દિશામાં નવો ઈતિહાસ રચ્યો છે અને આજે ગુજરાતના ગ્રામિણ વિકાસ યાત્રામાં એક દ્રઢ પગથિયાં સમાન સાબિત થઈ રહી છે.

ગુજરાતના ગ્રામિણ વિસ્તારોમાં મહિલા સશક્તિકરણને ટેકનોલોજી સાથે સંકલિત કરીને રાજ્ય સરકાર દ્વારા પરિવર્તન લાવવાના પ્રયાસો સતત ચાલી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દૃઢ નેતૃત્વ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનથી પ્રેરિત ‘‘નમો ડ્રોન દીદી યોજના’’ અંતર્ગત અનેક ગામડાની મહિલાઓ આજે આત્મનિર્ભર બનવાની યાત્રા પર આગળ વધી રહી છે. ત્યારે સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાનાં નાનકડા ગામ એવા ઈશનપોરમાંથી નીકળેલી પાયલબેન પટેલ આજે ‘ડ્રોન દીદી’ તરીકે ઓળખ પ્રાપ્ત કરી છે. ટેકનોલોજી અને આત્મનિર્ભરતા સાથે ગ્રામિણ જીવનમાં ક્રાંતિ લાવનારી પાયલબેનની સફર એ ગુજરાતના મહિલા સશક્તિકરણની જીવતી ઝાંખીરૂપ બન્યા છે.

ખેતી આધારિત પરિવારમાંથી આવતા પાયલબેને સુરતના અઠવાલાઈન્સ ખાતે આવેલી ગર્લ્સ પોલીટેકનિક કોલેજમાંથી ડિપ્લોમા કોમર્શિયલ પ્રેક્ટિસનો અભ્યાસ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ તેમણે એક ખાનગી કંપનીમાં એકાઉન્ટ વિભાગમાં નોકરી કરી, જ્યાં તેમને મહિને રૂ.૧૨ હજારનું વેતન મળતું. પરંતુ જીવનમાં કંઈક નવું કરવાનો વિચારથી તેમણે નોકરી છોડીને ટેકનોલોજીના ક્ષેત્રમાં પગ મૂક્યો અને ડ્રોન ઓપરેટર તરીકે પોતાના વ્યવસાયની શરૂઆત કરી. વર્ષ ૨૦૨૩માં પાયલબેને પુણે ખાતે યોજાયેલી ૧૫ દિવસની વિશિષ્ટ તાલીમ મેળવી. આ તાલીમમાં તેમને ડ્રોન ઉડ્ડયન, સંચાલન તથા તેના નિયમો અંગે ટેકનિકલ જ્ઞાન આપવામાં આવ્યું. તાલીમ પૂર્વે IFFCO દ્વારા લેવાયેલ ઈન્ટરવ્યૂ અને લેખિત પરીક્ષા સફળતા પૂર્વક પાસ કર્યા બાદ તેમને સરકારી સહાય હેઠળ રૂ.૧૫.૩૦ લાખના સાધનોમાં મિડિયમ સાઈઝનો ડ્રોન, ઈ-વ્હીકલ ટેમ્પો અને જનરેટર વિનામુલ્યે પ્રાપ્ત થયાં. તાલીમ પૂર્ણ કર્યા બાદ પાયલબેને ઓલપાડ તાલુકાના ૩૬ થી વધુ ગામોમાં ખેતીવાડી પાકોમાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાઓના છંટકાવની કામગીરી શરૂ કરી. માત્ર બે વર્ષમાં તેઓએ રૂ.૫.૫૦ લાખથી વધુની આવક હાંસલ કરી છે, જે અગાઉની નોકરી કરતા અનેકગણી વધુ છે.

પાયલબેન જણાવે છે કે, ડ્રોન ઓપરેટ કરવું અત્યંત જવાબદારીભર્યું કાર્ય છે. ખેતરનો નક્શો ડ્રોનમાં ફીડ કરીને કમ્પાસ કેલિબ્રેશન દ્વારા ચોકસાઈથી ડ્રોનને નિર્ધારિત વિસ્તારમાં ઉડાડવો પડે છે. તેમણે પોતાના અનુભવ વર્ણાવતા કહે છે કે, ડ્રોન મશીનથી દવાના છંટકાવથી સમય, દવા અને પાણીની બચત થાય છે અને ખેતર પર વધુ કાર્યક્ષમતા પ્રાપ્ત થાય છે. ખાસ કરીને ઊંચા પાકોમાં જેમ કે શેરડીના પાકમાં આ ટેક્નિક ખૂબ અસરકારક સાબિત થઈ છે. એક એકર જમીન પર માત્ર સાત મિનિટમાં છંટકાવ શક્ય બને છે.

આજે પાયલબેન ઓલપાડ તાલુકાના અનેક ગામોમાં લોકપ્રિયતા મેળવી ચૂકયા છે અને તેમની પાસે સતત નવા કાર્ય માટે સંપર્ક થઈ રહ્યો છે. ઘરનાં કામકાજ, પતિ અને ચાર વર્ષની દિકરીની જવાબદારી નિભાવતાં તેઓ પોતાની કાર્યક્ષમતા અને નિષ્ઠાથી ટેકનોલોજી સાથે શાનદાર સંકલન સ્થાપી રહ્યા છે.

પાયલબેનના પ્રયાસોએ આજની ગ્રામીણ મહિલાઓ માટે નવી દિશા બતાવી છે. તેઓ માત્ર પોતાના જીવનમાં પરિવર્તન લાવી શકયા છે તેવું નહી પણ આસપાસની મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.

પાયલબેન પટેલ એક એવી ‘‘ડ્રોન દીદી’’, જેણે ખેતરમાં ટેકનોલોજીની દિશામાં નવો ઈતિહાસ રચ્યો છે અને આજે ગુજરાતના ગ્રામિણ વિકાસ યાત્રામાં એક દ્રઢ પગથિયાં સમાન સાબિત થઈ રહી છે.

# પ્રાકૃતિક ખેતી એટલે પ્રકૃતિ દ્વારા સિંચાતી-સચવાતી ખેતીઃ નવસારીના પ્રગતિશીલ ખેડૂત પરિમલ દેસાઈ

**{પ્રાકૃતિક પેદાશના વેચાણકરનાર ખેડૂત મિત્રોએ GOPCAમાં રજીસ્ટ્રેશન જરૂરથી કરાવવું} {સરકારના અથાગ પ્રયત્નો થકી આજે લોકોમાં પ્રાકૃતિક ખેતીની જાગૃતા ઘણી વધી છે} મનવસારી કૃષિ યુનીવર્સીટી તથા સરકારના કૃષિ વિભાગમાંથી સતત ટેકનીકલ માર્ગદર્શન અને વેચાણના પ્લેટફોર્મ મળી રહે છે : પ્રગતિશીલ ખેડૂત પરિમલભાઈ દેસાઈ**

દેશના નાગરીકોના સ્વાસ્થ્યની ચિંતા કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહ્વાન કર્યું છે. જેનો હકારાત્મક પ્રતિસાદ આપતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના માર્ગદર્શન તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજય સરકાર દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી અનેક પહેલો કરવામાં આવી રહી છે. લોકોના સ્વાસ્થ્યપ્રદ ખોરાક મળી રહે તે માટે પ્રાકૃતિક ખેતી એ સમયની માંગ છે. ઝીરો બજેટની ખેતીથી જમીનનું રક્ષણ પણ થશે અને લોકોની આરોગ્ય ગરિમા પણ જળવાઈ રહેશે એ ખેડૂતોને સમજાયું છે, ત્યારે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના હાંસાપોરગામનાખેડૂતશ્રીપરીમલભાઈદેસાઈએ૨૦૧૦ થી પ્રાકૃતિક ખેતી અપનાવીને આત્મનિર્ભર બન્યા છે. પ્રાકૃતિક ખેતીના પંચસ્તરીય મોડેલનો ઉપયોગ કરીને ખેડુતે કેરી ,ચીકુ શેરડી, ચોખા જેવા પાકોનું ઉત્પાદન કરીને તેનું મૂલ્યવર્ધન કરીને ડબલ આવક મેળવી છે.

પરિમલભાઈ દેસાઈ કહે છે કે, આજના સમયમાં પ્રાકૃતિક ખેતી એ સમયની માંગ છે. વધતા જતા રાસાયણિક ખાતરો- પેસ્ટીસાઈડઝ, દવાઓના પરિણામે કેન્સર જેવા રોગોનું પ્રમાણ સતત વધી રહ્યુ છે. ત્યારે ગાય, ગામડુ અને ખેતી વિના ઉદ્ધાર નથી.

પરિમલભાઈ જણાવે છે કે, ૨૦૧૦ ના વર્ષથી પ્રાકૃતિક ખેતી કરવાની શરૂઆત કરી હતી. પ્રાકૃતિક ખેતીના પાંચ આયામોનું સંપુર્ણ પાલન કરીને ખેતીમાં અદભુત પરિણામો મેળવ્યા છે. ખેતીપાકોમાં બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાપસા, મિશ્રપાક એમ પાંચ આયામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રાકૃતિક ખેતીમાં વિવધ પ્રયોગો કરીને પોતાની જમીનને રસાયણયુકત ખેતીમાંથી મુક્ત કરી છે. આ




પ્રગતિશીલ ખેડૂત કહે છે કે, પંચસ્તરીય મોડેલના ઉપયોગથી અનેકગણું પરિણામ મળ્યું છે. પ્રાકૃતિક કૃષિથી મારી જમીનમાં અળસિયાની સંખ્યા વધી છે જેથી જમીનની ભેજ તારણશક્તિ વધવાના કારણે પિયતની સંખ્યા પણ ઘટી છે. સરવાળે વીજળી બિલ પણ ઘટ્યું, પાણીની બચત થઈ, જમીનમાં પણ સુધારો થયો અને એકંદરે અમારો ખેતીનો ખર્ચ પણ ઘટ્યો છે. તેઓએ પ્રાકૃતિક ખેતીનો પ્રસાર-પ્રચાર થાય તે માટે મંદિર ગામમાં આવેલ ‘શાંતિ નીલયમ’ પ્રાકૃતિક કૃષિ ફાર્મનું GOPCA હેઠળ રજીસ્ટ્રેશન કરાવી ગામના આસપાસના ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું માર્ગદર્શન આપી રહ્યા છે. તેઓ નવસારી કૃષિ યુનીવર્સીટીના કૃષિ સેમીનાર અને વર્કશોપમાં અચૂક હાજર રહે છે અને જણાવે છે કે આજે સરકારશ્રીના અથાગ પ્રયત્નોથી પ્રાકૃતિક ખેતી પ્રત્યે લોકોની જાગૃતામાં વધારો થયેલ છે અને નવસારી કૃષિ યુનીવર્સીટી તથા કૃષિ વિભાગના જિલ્લા ખેતીવાડી કચેરી , બાગાયત કચેરી અને આત્મા પ્રોજેક્ટ દ્વાર ખેડૂતોને પ્રાકતિક ખેતીનું સતત માર્ગદર્શન અને તમામ પ્રકારની સહાય મળી રહે છે. પરિમલ ભાઈ કહે છે કે, આજે જે પ્રમાણે રોગનું પ્રમાણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે ત્યારે આપણે પ્રાકૃતિક ખેતી અપનાવવી જ પડશે. રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગના પરિણામે જમીનની ફળદ્રુપતા ઘટી છે. જેથી ધરતીમાતાને પુનઃ ફળદ્રુપ બનાવવા અને લોકોને સ્વસ્થ, સશક્ત બનાવવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવવી જ પડશે. પરિમલ ભાઈ કહે છે કે, પ્રાકૃતિક ખેતીમાં બહારથી કોઈ વસ્તુ લાવવાની જરૂર નથી. ગામનો પૈસો ગામમાં, શહેરનો શહેરમાં અને દેશનો પૈસો દેશમાં રહેશે. આ ખેતીમાં રોજગારીની પણ વિપુલ તકો રહેલી છે. પ્રગતિશીલ યુવાનો આ ખેતીને ઉન્નત બનાવી શકે છે. સૌ ખેડૂતોએ વધુમાં વધુ પ્રાકૃતિક ખેતી અપનાવી સ્વસ્થ અને સમૃદ્ધ સમાજ તથા રાષ્ટ્રનિર્માણ માટે કટિબદ્ધ બનવાનો અનુરોધ કર્યો હતો.

## બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ હેઠળના ૪૭ ઘટકોમાં ઓનલાઈન નવી અરજીઓ કરવા આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકાયું




વર્ષ ૨૦૨૫-૨૬માં નવસારી જિલ્લાના ખેડૂતો માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ હેઠળના ૪૭ ઘટકોમાં ઓનલાઈન નવી અરજીઓ મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ તા.૨૪/૦૪/૨૦૨૫ થી તા.૩૧/૦૫/૨૦૨૫ સુધી ખુલ્લુ મુકવામાં આવેલ છે. જેમાં લાભ લેવા માંગતા ખેડૂતોએ અરજી કરતાં પહેલા ખેડૂત નોંધણી કરવી ફરજિયાત છે. તેમજ નોંધણી કરવા માટે મોબાઈલ નંબર નાખવો ફરજિયાત રહેશે. એક મોબાઈલ નંબર થી એક જ નોંધણી શક્ય બનશે ત્યારબાદ લાભ મેળવવા માટે ઓનલાઈન અરજી કરી શકશે.તેમજ અરજીમાં જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજીની પ્રીન્ટ લઈ ખેડૂતોએ પોતાની પાસેજ રાખવાની રહેશે તથા પોર્ટલ પર અરજી મેળવવાની સમય મર્યાદા પુર્ણ થયા બાદ તમામ અરજીઓનો ડ્રો કરવામાં આવશે અને અગ્રતા યાદી તૈયાર કરવામાં આવશે જે મુજબ પુર્વમંજૂરી આપવામાં આવશે, મંજૂરી મળ્યા બાદ કલેઈમ સબમીટ કરતી વખતે સહી કરી જરૂરી સાધનિક કાગળો સહિત અત્રેની કચેરી ખાતે જમાં કરાવવાના રહેશે જેની નોંધ લેવા સૌ ખેડૂત મિત્રોને જણાવવામાં આવે છે. મુખ્ય ઘટકો જેવા કે ફળ પાક વાવેતર આંબા,ટીસ્યુ કેળ, કમલમ, પપૈયા,નાળિયેરી,જામફળ. લીંબુ, વગેરે, ફળપાક પ્લાન્ટીંગ મટીરીયલ (વનબંધુ),પ્લગ નર્સરી (વનબંધુ), શાકભાજીની પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી વાવેતર, સરગવાની ખેતી, પાણીના ટાંકા, બાગાયતી પાકોના પ્રોસેસીંગના નવા યુનિટ,પેકિંગ મટીરિયલ,ક્રોપ કવર/ બંચ કવર/ ગ્રો કવર, જુના બગીચાઓનું નવીનીકરણ, કાચા / અર્ધપાકા / પાકા ટ્રેલીઝ-મંડપ, સ્વરોજગારલક્ષી બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ, ટુલ્સ, ઈક્યુપમેન્ટ, શોર્ટીંગ, ગ્રેડીગના સાધનો તથા પી.એચ.એમ ના સાધનો માટે નો સહાયનો કાર્યક્રમ,મહિલા તાલીમાર્થીઓને વૃતિકા (સ્ટાઈપેડ) જેવા ઘટકોમાં અરજી કરી શકાશે.

# અનિલ અંબાણી ગ્રુપના CFOની ધરપકડ કરાઈ

## ધરપકડ ફેક બેંક ગેરંટી કેસ સાથે સંબંધિત હોવાનું કહેવાય છે

## ગંભીર આરોપ બાદ EDએ કરી કાર્યવાહી

| (એજન્સી) નવી દિલ્હી, તા.12 |

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ રિલાયન્સ અનિલ અંબાણી ગ્રુપના ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર (CFO) અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અશોક કુમાર પાલની નકલી બેંક ગેરંટી કેસમાં મની લોન્ડરિંગના આરોપ હેઠળ ધરપકડ કરી છે. આ કેસ રૂ. 68.2 કરોડના નકલી બેંક ગેરંટી સાથે જોડાયેલ છે અને અશોક પાલની ધરપકડ અનિલ અંબાણીના વ્યવસાય સામ્રાજ્ય માટે વધુ એક મોટો ઝટકો ગણાય છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર અશોક કુમાર પાલની ગુરુવારે રાત્રે દિલ્હી સ્થિત તેમના ઓફિસમાંથી ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. EDએ આ કાર્યવાહી નકલી બેંક ગેરંટી બનાવવાના અને તેનો ઉપયોગ કરવાના મામલે મની લોન્ડરિંગ તપાસ હેઠળ કરી છે. આ મામલો ઓડિશા સ્થિત "બિસ્વાલ ટ્રેડલિંક પ્રાઈવેટ લિમિટેડ" નામની એક શેલ કંપની સાથે જોડાયેલ છે. જે 8% કમિશનના બદલે નકલી બેંક ગેરંટી તૈયાર કરતી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે આ કંપની માત્ર કાગળ પર અસ્તિત્વ ધરાવે છે અને તેનો કોઈ વાસ્તવિક વ્યવસાય નથી.

આ કૌભાંડમાં સામેલ લોકોએ ખૂબ જ ચતુરાઈપૂર્વક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)નું નકલી ઈમેલ એડ્રેસ બનાવી નકલી દસ્તાવેજો તૈયાર કર્યા હતા. SBIનું સત્તાવાર ડોમેન 'sbi.co.in' છે પરંતુ આરોપીઓએ 's-bi.co.in' જેવું સરનામું બનાવી તેનાથી નકલી ઈમેલ્સ મોકલ્યા હતા. જેથી તે ખરેખર SBI તરફથી મોકલાયાં હોય એવું લાગે.

તપાસમાં બહાર આવ્યું છે કે રિલાયન્સ ગ્રુપની એક એકમ તરફથી સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SECI) ને રૂ.68.2 કરોડની નકલી બેંક ગેરંટી આપવામાં આવી હતી. ED તપાસ કરી રહી છે કે અશોક પાલને આ નકલી ગેરંટીની જાણ હતી કે નહીં તેમજ તેને મંજૂરી આપવા અથવા મોકલવામાં તેમની સીધી ભૂમિકા હતી કે નહીં.

અશોક પાલની ધરપકડ અનિલ અંબાણી ગ્રુપ માટે વધુ એક ગંભીર આંચકો બની શકે છે. ગ્રુપ પહેલાથી જ નાણાકીય સંકટ અને કાનૂની પડકારોનો સામનો કરી રહ્યું છે. હવે EDની તપાસ આ મામલામાં વધુ મોટા નામો સામે લાવી શકે છે અને રિલાયન્સ ગ્રુપની પ્રતિષ્ઠા પર પણ તેની અસર પડી શકે છે.



### અનિલ અંબાણી ગ્રૂપના CFOની ધરપકડ

રિલાયન્સ પાવરના ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર (CFO) અશોક કુમાર પાલની શુક્રવારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) ની જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) કરોડો રૂપિયાના બેંક છેતરપિંડીના કેસોમાં અનિલ અંબાણી જૂથની કંપનીઓની તપાસ કરી રહ્યું છે. તપાસમાં બહાર આવ્યું છે કે રિલાયન્સ ગ્રુપની એક એકમ તરફથી સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SECI) ને રૂ.68.2 કરોડની નકલી બેંક ગેરંટી આપવામાં આવી હતી. ED તપાસ કરી રહી છે કે અશોક પાલને આ નકલી ગેરંટીની જાણ હતી કે નહીં તેમજ તેને મંજૂરી આપવા અથવા મોકલવામાં તેમની સીધી ભૂમિકા હતી કે નહીં.

### બોર્ડના ઠરાવે આપ્યા આ અધિકારો

બોર્ડના ઠરાવે તેમને (અને અન્યોને) SECI ના BESS ટેન્ડરના તમામ દસ્તાવેજોને અંતિમ સ્વરૂપ આપવા, મંજૂરી આપવા, સહી કરવા અને અમલમાં મૂકવા અને બિડ માટે RPL ની નાણાકીય ક્ષમતાનો ઉપયોગ કરવાની સત્તા આપી.

### આ રીતે પણ થયો પૈસાનો દુરુપયોગ

અશોક કુમાર પાલે કરોડો રૂપિયાના છેતરપિંડીવાળા ટ્રાન્સપોર્ટેશન ઈન્વોઇસ દ્વારા ભંડોળ લોન્ડરિંગમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમણે સામાન્ય SAP/વેન્ડર માસ્ટર વર્કફ્લોથી ભટકી ગયા અને રિલીઝને મંજૂરી આપી અને ટેલિગ્રામ/વોટ્સએપ દ્વારા કાગળકામમાં મદદ કરી. છેતરપિંડીની ગંભીરતાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે રિલાયન્સ પાવર ગ્રુપે ફિલિપાઈન્સના મનીલામાં ફર્સ્ટરેન્ડ બેંક પાસેથી બેંક ગેરંટી સબમિટ કરી હતી. હકીકતમાં, ફર્સ્ટરેન્ડ બેંકની ફિલિપાઈન્સમાં કોઈ શાખા નથી.

### 68 કરોડથી વધુની છેતરપિંડી

આ જાહેર ક્ષેત્રના ઉપક્રમ સાથે છેતરપિંડી કરવાના ઈરાદાથી તેમણે SECI ને કુલ 68 કરોડથી વધુની છેતરપિંડીવાળી બેંક ગેરંટી સબમિટ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમણે SECI ટેન્ડરમાં ઉપયોગમાં લેવામાં આવેલી છેતરપિંડીવાળી બેંક ગેરંટી યોજનાનું આયોજન, દેખરેખ, ધિરાણ અને છુપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

Directorate of Enforcement

### કંપનીના સીએફઓ સામે લાગ્યા આ આરોપો

તેમના પર આરોપ છે કે તેમણે બનાવટી બેંક ગેરંટી પૂરી પાડવા માટે બિસ્વાલ ટ્રેડલિંક પ્રાઈવેટ લિમિટેડની પસંદગી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. BTPL એક નાનું એન્ટિટી છે જે એક જ રહેણાંક સરનામાથી કાર્યરત છે અને તેનો કોઈ વિશ્વસનીય બેંક ગેરંટી રેકોર્ડ નથી. યોગ્ય તપાસ કર્યા વિના, વિક્રેતાને બનાવટી બેંક ગેરંટી આપવામાં આવી હતી. BTPL ડિરેક્ટર શ્રી પાર્થ સારથી બિસ્વાલ પહેલેથી જ ન્યાયિક કસ્ટડીમાં છે.

### સીકર અને જયપુરમાં બન્યા બનાવ

# રાજસ્થાનમાં આઠ લોકોના સામૂહિક આપઘાતથી હડકંપ

## પોલીસને ઘટનાસ્થળેથી અંગ્રેજીમાં લખેલી એક સુસાઈડ નોટ મળી આવી, માનસિક ત્રાસ અપાતો હોવાનો આરોપ

| (એજન્સી) સીકર, તા.૧૨ |

રાજસ્થાનના બે મોટા શહેર સીકર અને જયપુરમાં શનિવારે (૧૧મી ઑક્ટોબર) સામૂહિક આપઘાતના ચોંકાવનારા બનાવો સામે આવ્યા છે. સીકરમાં એક પરિવારના પાંચ સભ્યો અને જયપુરમાં ત્રણ સભ્યોએ જીવન ટૂંકાવી લેતા રાજ્યમાં ચકચાર મચી જવા પામી છે.



અહેવાલો અનુસાર, જયપુરના કરણી વિહાર વિસ્તારમાં શનિવારે સવારે એક જ પરિવારના ત્રણ સભ્યોએ આપઘાત કરી લીધો હતો. મૃતકોમાં પિતા, માતા અને પુત્રનો સમાવેશ થાય છે. પોલીસને ઘટનાસ્થળેથી અંગ્રેજીમાં લખેલી એક સુસાઈડ નોટ મળી આવી, જેમાં એક પરિચિત વ્યક્તિ પર માનસિક ત્રાસ આપતો હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. સવારે ૮ વાગ્યા સુધી ફ્લેટનો દરવાજો ન ખુલતા ફ્લેટનામાલિક રામગોપાલ શર્માને શંકા ગઈ કારણ કે પરિવારના મોભી રૂપેન્દ્ર શર્મા, દરરોજ સવારે ૫ વાગ્યે ઉઠતા હતા. જ્યારે તેમને કોઈ જવાબ ન મળ્યો, ત્યારે તેમણે પરિવારના સભ્યો અને પોલીસને જાણ કરી.

પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને દરવાજો તોડીને અંદર પ્રવેશ કરતા ભયાનક દ્રશ્ય જોવા મળ્યું હતું. ત્રણેય મૃતદેહો અલગ અલગ જગ્યાએ પડેલા મળી આવ્યા હતા. પુત્ર પુલકિત શર્મા (૩૨)નો મૃતદેહ ઘરના મુખ્ય દરવાજા પાસે મળી આવ્યો હતો. પિતા રૂપેન્દ્ર શર્મા (૬૩)નો મૃતદેહ હોલમાં અને માતા સુશીલા શર્મા (૫૮)નો મૃતદેહ રૂમમાં મળી આવ્યો હતો. પોલીસને શંકા છે કે ત્રણેયે ઝેરી પદાર્થ ખાઈને આપઘાત કર્યો હતો. જોકે, ઘટનાસ્થળેથી અન્ય કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી.

પોલીસ અધિકારી હવા સિંહે જણાવ્યું હતું કે, રૂમમાં એક ટેબલ પર અંગ્રેજીમાં લખેલી એક સુસાઈડ નોટ મળી આવી હતી, જેમાં એક પરિચિત વ્યક્તિ પર માનસિક ત્રાસ આપવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. સુસાઈડ નોટના આધારે પરિવારે સંબંધિત વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી છે.

સીકરમાં એક જ પરિવારના પાંચ સભ્યોએ ઝેર પીને આપઘાત કર્યાની ઘટના સામે આવી હતી. મૃતકોમાં માતા કિરણ દેવી અને તેના ચાર બાળકો-ત્રણ પુત્રો સુમિત, આયુષ, અવનીશ અને પુત્રી સ્નેહાનો સમાવેશ થાય છે. તે બધાએ તેમના ફ્લેટમાં ઝેરી પદાર્થ પીધો હતો. ઘટનાસ્થળેથી ઝેર પદાર્થના પેકેટ મળી આવ્યા હતા.

અહેવાલો અનુસાર, મૃતક કિરણ દેવી તેના પતિ સાથેના વિવાદને કારણે પાલવાસ રોડ પર અનિરુદ્ધ રેસિડેન્સીમાં તેના બાળકો સાથે રહેતી હતી. પાંચ લોકોના આપઘાતની માહિતી મળતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ કરી રહી છે. આપઘાતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ લોકોએ થોડા દિવસ પહેલા આપઘાત કરી લીધો હતો. મૃતદેહો ખૂબ જ સડી ગયા હતા.

ફ્લેટમાંથી દુર્ગંધ આવતાં બિલ્ડિંગના અન્ય રહેવાસીઓએ પોલીસને જાણ કરી. પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે અંદર પ્રવેશવું પણ મુશ્કેલ હતું. ગંધ છુપાવવા માટે ધૂપ અને પરફ્યુમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે પોલીસ ટીમ અંદર પ્રવેશી શકી.

### પંજાબ પોલીસમાં હતા ઓફિસર

# પ્રખ્યાત પંજાબી સિંગર ગુરમીત માનનું નિધન

- **ગુરમીત માન પંજાબી કલ્ચરને ઘણી સુંદરતાથી દર્શાવતા હતા અને તેઓ લોક સંગીતમાં ઘણા જાણીતા હતા**



| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ |

પ્રખ્યાત પંજાબી સિંગર ગુરમીત માનનું નિધન થયું છે. તેઓ એક પોપ્યુલર પંજાબી ફોક સિંગર હતા. તેઓના નિધનને લઈને પંજાબી ઈન્ડસ્ટ્રીમાં અને પંજાબના લોકોમાં હાલ શોકનો માહોલ છવાઈ ગયો છે. તેમના મોતનું કારણ હજુ સુધી જાણી નથી શકાયું. પરંતુ સમાચારને લઈને તેમના ફેન્સ અને સાથી કલાકારોને ઘણો આઘાત પહોંચ્યો છે. લોકો સોશિયલ મીડિયા પર તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. ફેન્સ તેમના ગીતને હાલમાં યાદ કરી રહ્યા છે. તેમના ગીતો પંજાબના કલ્ચરને સુંદરતા સાથે દર્શાવતા હતા. ગુરમીત માન પંજાબી કલ્ચરને ઘણી સુંદરતાથી દર્શાવતા હતા. તેઓ લોક સંગીતમાં ઘણા જાણીતા હતા. પોતાની ખાસ અવાજ અને તેના ઊંડાણને કારણે તેઓ ઘણા જાણીતા હતા. તેમના ગીતો પંજાબના ગામની માટી સાથે જોડાયેલા હતા. જે તેમની આત્મા, સંઘર્ષ અને પરંપરાને દર્શાવતા હતા. ગીતો સિવાય તેઓ પંજાબ પોલીસમાં અધિકારી તરીકે પણ સેવા બજાવતા હતા. તેમણે પોતાના પ્રોફેશનલ અને કલાત્મક જુસ્સાને ઘણા ડેડિકેશન સાથે નિભાવ્યું છે. જેને લઈને તેઓ હંમેશા ચર્ચામાં રહેતા હતા.

છેલ્લા એક સપ્તાહમાં આ બીજા પંજાબી સિંગરનું મોત છે. અગાઉ પંજાબી સિંગર અને એક્ટર રાજવીર જવંદાની હિમાચલ પ્રદેશમાં એક અકસ્માતમાં મોત થઈ હતી. તેઓ ૩૫ વર્ષના હતા અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. સતત વધી રહેલી આ ઘટનાઓને લઈને પંજાબી એન્ટરટેઈનમેન્ટ કોમ્યુનિટીનું દિલ તૂટી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે ગુરમીત માનના નિધનને લઈને ઈન્સ્ટાગ્રામ પર યુઝર્સ સંવેદના વ્યક્ત કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું કે શું થઈ ગયું છે પંજાબને, અન્ય એક યુઝરે લખ્યું કે આ શું થઈ રહ્યું છે દિવસેને દિવસે પંજાબ માટે એક નવી મોત, જ્યારે અન્ય એક પંજાબી યુઝરે ગુરમીત માનને શ્રદ્ધાંજલિ આપતા લખ્યું કે પંજાબને કોઈની નજર લાગી ગઈ છે.

### દાળ-ભાતને લઈ ICMRએ કર્યો મોટો ખુલાસો

# તમારા ભોજનની થાળી બની રહી છે બીમારીનું કારણ....

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ |

ICMR અને મદ્રાસ ડાયાબિટીસ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ભારતીયોના દૈનિક આહારમાં કાર્બોહાઈડ્રેટ્સનું પ્રમાણ વધુ પડતું હોય છે. આ સંશોધન મુજબ, ભારતીયો તેમની દૈનિક ઊર્જાનો ૬૨ ટકા હિસ્સો કાર્બોહાઈડ્રેટ્સમાંથી વાપરે છે, જેમાં મોટાભાગે સફેદ ચોખા અને પ્રોસેસ્ડ અનાજનો સમાવેશ થાય છે. ચાલો હવે સમજાવીએ કે દૈનિક આહાર કેવી રીતે જોખમ વધારી રહ્યો છે અને ICMR એ દાળ અને ચોખા અંગે કયા મહત્વપૂર્ણ ખુલાસા કર્યા છે. ICMR અને મદ્રાસ ડાયાબિટીસ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા હાથ ધરવામાં આવેલા સંશોધનમાં ૩૦ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને દિલ્હી-NCR માં ૨૦ વર્ષથી વધુ ઉંમરના લોકોના ઘરે ઘરે જઈને કરવામાં આવેલા સર્વેક્ષણોમાંથી ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો. આ સંશોધનમાં એ પણ બહાર આવ્યું છે કે ભારતીયોના આહારમાં પ્રોટીન ઓછું અને સંતૃપ્ત ચરબી વધુ હોય છે. વધુ પડતા કાર્બોહાઈડ્રેટનું સેવન ટાઈપ ૨ ડાયાબિટીસ, સ્થૂળતા અને પેટની ચરબીનું જોખમ વધારે છે. આ અહેવાલ મુજબ, જે લોકો લઘુત્તમ ભલામણ કરેલ દૈનિક સેવન કરતાં વધુ કાર્બોહાઈડ્રેટ્સનું સેવન કરે છે તેમને ડાયાબિટીસનું જોખમ ૩૦ ટકા, સ્થૂળતાનું જોખમ ૨૨ ટકા અને પેટની ચરબીનું જોખમ ૧૫ ટકા વધ્યું હતું. વધુમાં, ફક્ત આખા અનાજનું સેવન સંપૂર્ણપણે સલામત નથી. તમે ઘઉં, બાજરી અથવા ચોખા કરતાં આખા અનાજ પસંદ કરી શકો છો, પરંતુ વધુ પડતી માત્રા ટાઈપ ૨ ડાયાબિટીસનું જોખમ ઘટાડતી નથી. આ સંશોધન અંગે, નિષ્ણાતો કહે છે કે ભાત અને રોટલી ભારતીય આહારમાં મુખ્ય ભૂમિકા ભજવે છે અને તેમાં ઘણીવાર પ્રોટીન ઓછું હોય છે. પ્રોસેસ્ડ અને સિમ્પલ કાર્બોહાઈડ્રેટ્સ બંને ડાયાબિટીસનું જોખમ વધારી શકે છે.

# બિહારમાં બેઠકો મુદ્દે એનડીએમાં ખેંચતાણ વધતાં ભાજપનું ટેન્શન વધ્યું

| (એજન્સી) પટના, તા.૧૨ |

બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) માં બેઠકોની વહેંચણીને લઈને ગઠબંધન પક્ષો વચ્ચે ગરમાગરમી જોવા મળી રહી છે. ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડાના દિલ્હી નિવાસસ્થાને યોજાયેલી બેઠક છતાં, સહયોગી પક્ષોમાં હજુ સુધી સર્વસંમતિ સધાઈ નથી. બેઠકમાં જનતા દળ યુનાઈટેડ (JDU), હિન્દુસ્તાની આવમ મોરચા (HAM), રાષ્ટ્રીય લોક સમતા પાર્ટી (RLSP) અને લોક જનશક્તિ પાર્ટી (LJPR)ના નેતાઓએ ભાગ લીધો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર, સીટ વહેંચણીનો મુખ્ય પેચ JDU અને ચિરાગ પાસવાનની પાર્ટી (LJPR) વચ્ચે ફસાયો છે. JDU અને જીતનરામ માંઝીની પાર્ટી (HAM) ચિરાગ પાસવાન દ્વારા માંગવામાં આવેલી કેટલીક બેઠકો પર સમાધાન કરવા તૈયાર નથી. સૌથી મોટો ટ્વિસ્ટ એ છે કે JDU નેતાઓએ ભાજપ હાઈકમાન્ડને સ્પષ્ટ જણાવી દીધું છે કે, ભાજપે પોતે જ ચિરાગ પાસવાન સાથે વ્યવહાર કરવો જોઈએ. JDU તેમની સાથે કોઈ વ્યવહાર કરશે નહીં. આ ઉપરાંત, ભાજપ પણ પોતાની ગોવિંદગંજ બેઠક ચિરાગને આપવા તૈયાર નથી, અને માંઝીની પાર્ટી પણ પોતાની સિકંદરા બેઠક પર દાવો છોડવા માંગતી નથી. ચિરાગ પાસવાન એવી બેઠકો પર દાવો કરી રહ્યા છે જ્યાં તેમના ઉમેદવારો જીતી શકે, જેના કારણે બેઠકનો મુદ્દો NDAમાં અટકી ગયો છે. રાષ્ટ્રીય લોક મોરચા (RLM)ના વડા ઉપેન્દ્ર કુશવાહાએ મીડિયા રિપોર્ટ્સને રદિયો આપ્યો છે. તેમણે કહ્યું કે, 'મીડિયા રિપોર્ટમાં દાવા કરવામાં આવી રહ્યા છે કે NDAમાં બેઠકોની વહેંચણી પર અંતિમ સમજૂતી થઈ ગઈ છે અને પાર્ટીને કેટલીક બેઠકો ફાળવવામાં આવી રહી છે તે ખોટા છે. વાટાઘાટો હજુ પૂર્ણ થઈ નથી અને ચાલુ છે.' બીજી તરફ, લોક જનશક્તિ પાર્ટી (LJPR)ના સૂત્રોના જણાવ્યાનુસાર, સંસદીય બોર્ડ દ્વારા પક્ષના વડા ચિરાગ પાસવાનને NDA ગઠબંધન માટે બેઠકોની વહેંચણી અંગે અંતિમ નિર્ણય લેવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

### અફઘાની વિદેશ મંત્રી સાથે મુલાકાત બાદ બોલ્યા મૌલાના મદની

# અફઘાનિસ્તાનથી કોઈ આતંકી ભારત નહીં આવે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ |

અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી આમિર ખાન મુત્તાકી હાલ ભારતની મુલાકાતે છે. મુત્તાકીએ આજે જમિયત-ઉલેમા-એ-હિન્દના અધ્યક્ષ મૌલાના અરશદ મદની સાથે મુલાકાત કરી હતી. ત્યારબાદ અરશદ મદનીએ જણાવ્યું હતું કે, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેના સંબંધ માત્ર ધાર્મિક અને શૈક્ષણિક નથી, પરંતુ ઐતિહાસિક છે. આપણો સંબંધ માત્ર મદરેસા અને તાલીમ સુધી સીમિત નથી. અફઘાનિસ્તાને ભારતની આઝાદીમાં યોગદાન આપ્યું હતું. આપણા વડવાઓએ ભારતની સ્વતંત્રતાની લડાઈમાં અફઘાનની ભૂમિ પસંદ કરી હતી. અફઘાનિસ્તાને ખાતરી આપી છે કે, અફઘાનિસ્તાનમાંથી કોઈ આતંકવાદી ભારત નહીં આવે. ઉલ્લેખનીય છે, ભારતે અગાઉ અનેક વખત ફરિયાદ કરી છે કે, આતંકવાદીઓ અફઘાનિસ્તાનના માર્ગેથી ભારતમાં પ્રવેશ કરી રહ્યા છે. મૌલાના અરશદ મદનીએ આગળ જણાવ્યું કે, જેમ ભારતે બ્રિટિશ શાસને ઉખેડી નાખ્યું હતું, તેવી જ રીતે અફઘાનિસ્તાને અમેરિકા અને રશિયા જેવી તાકાતોને હરાવી છે. તેઓએ કહ્યું છે કે, અમે તમારી પાસેથી શીખ્યું છે કે, આઝાદી કેવી રીતે હાંસલ થઈ શકે. અફઘાનના વિદેશમંત્રી મુત્તાકી સાથે આ મુલાકાત ભારતીય મુસલમાનો અને દારૂલ ઉલૂમ દેવબંદના અફઘાનિસ્તાન સાથે ઊંડા સંબંધોનું પ્રતીક છે. વધુમાં અરશદ મદનીએ કહ્યું કે ધર્મથી આગળ વધીને વિશ્વના તમામ દેશોમાં સુમેળ અને શાંતિ હોવી જોઈએ. અમારી વાતચીતમાં કોઈ રાજકીય મુદ્દાઓ સામેલ નહોતા, પરંતુ પરસ્પર સંબંધોને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

### જિનપિંગ પર લગાવ્યો આરોપ

# ખીજાયેલા ટ્રમ્પે હવે ચીન પર દાઝ કાઢી, વધુ 100% ટેરિફ ઝીંક્યો

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨ |

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ચીન પર ૧૦૦ ટકા વધારાનો ટેરિફ લગાવવાની જાહેરાત કરી નાખી અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે થનારી બેઠક રદ કરવાની ધમકી આપી. હાલ ચીની પ્રોડક્ટ્સ પર પહેલેથી જ ૩૦ ટકા અમેરિકી ટેરિફ લાગી રહ્યો છે. જે ટ્રમ્પના ગત નિર્ણયોનો ભાગ છે. તેનાથી અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલી ટ્રેડ વોર ફરી ભડકી છે.

ચીને અમેરિકા પર જે ૧૦ ટકા બદલાનો ટેક્સ લગાવ્યો છે તેના જવાબમાં હવે ટ્રમ્પે નવું વેપાર યુદ્ધ છેડી દીધુ છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે ચીન પર ૧૦૦ ટકા વધારાનો ટેક્સ લગાવવાની જાહેરાત કરી અને કહ્યું કે તેઓ ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે થનારી મુલાકાત રદ પણ કરી શકે છે. આ ટેક્સ ૧ નવેમ્બરથી લાગૂ થશે. ટ્રમ્પે કહ્યું કે આ પગલું ચીનની ખુબ 'આક્રમક નીતિઓ'ના જવાબમાં ઉઠાવવામાં આવ્યું છે. ટ્રમ્પે કહ્યું કે આ વધારાનો ટેક્સ અને અમેરિકા તરફથી તમામ મહત્વના સોફ્ટવેર પર એક્સપોર્ટ પ્રતિબંધો ૧ નવેમ્બરથી લાગૂ થશે. તેમણે કહ્યું કે આ પગલું ચીનના ખુબ જ આક્રમક વલણના જવાબમાં ઉઠાવવામાં આવ્યું છે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર લખ્યું કે એ વિશ્વાસ કરવો મુશ્કેલ છે કે ચીન આવું પગલું ભરી શકે છે, પરંતુ તેમણે કર્યું અને હવે ઈતિહાસ પોતે બોલશે.

ટ્રમ્પે કહ્યું કે ચીનનું આ વલણ સમજ બહાર છે. તેઓ ખુબ શત્રુતાપૂર્ણ થઈ રહ્યા છે, કંઈક ખુબ અજીબ ચીજો થઈ રહી છે. તેમણે કહ્યું કે દુનિયાના અનેક દેશોએ અમેરિકા જોડે સંપર્ક કરીને ચીનની વેપારી નીતિઓ પર નારાજગી વ્યક્ત કરી છે. ટ્રમ્પે

**નામ બદલેલ છે**

હું મહંમદરફીક ઈમામઅલી સૈયદ મારુ નામ મારા ઘરના વડીલ દ્વારા શરતચુકથી જન્મના દાખલામાં મહંમદહનીફ લખાવી દીધેલ હતુ જે અમારા ઘરના વડીલ દ્વારા બદલીને મહંમદરફીક કરેલ છે.

એડ્રેસ: 2059, સૈયદવાડા, રામોલ-4, રામોલગામ, અમદાવાદ-382449.

## ન્યૂઝ ટ્રેક

### કેનેડા ખાતે વર્ક પરમિટ અને વિઝાના નામે પંજાબ -હરિયાણાના 4 લોકોએ રૂ. 78 લાખની છેતરપિંડી કરી

| (એજન્સી) અમદાવાદ, તા.12 |

નડિયાદના વડતાલ ખાતે રહેતા અને વિઝા પ્રોસેસિંગનું કામ કરનારા વ્યક્તિને પંજાબ તેમજ હરિયાણાના ચાર એજન્ટના નામે વાત કરી લોકોને કેનેડા મોકલી આપતા હોવાના નામે વિઝા તેમજ વર્ક પરમીટના નામે રૂપિયા 78 લાખ પડાવીને છેત્તરપિંડી કરી હોવા અંગેની ફરિયાદ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આરોપીઓએ આંગડિયા પેઢીમાં પણ તેમનો માણસ ગોઠવ્યો હતો. આ મામલે પોલીસે હાલ ચાર એજન્ટ અને આંગડિયા પેઢીના બે કર્મચારી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મૂળ વડતાલ ખાતે રહેતા અને વિઝા પ્રોસેસિંગનું કામ કરનારા ઈશ્વરભાઇ પ્રજાપતિને એક વર્ષ પહેલાં ફેસબુક મારફતે રણજીત કૌર નામની યુવતી જે વિઝા એજન્ટ તરીકે કામ કરતી હતી તેની સાથે ચેટિંગ થયું હતું. જેમાં વોટ્સએપ ગ્રુપના માધ્યમથી બલજીત કોર નામના વ્યક્તિનો સંપર્ક થયો હતો તેણે પણ ફોન કરી અને કહ્યું હતું કે અમે કેનેડાના વિઝા આપવાનું કામ કરીએ છીએ અને તેણે કોન્ફરન્સમાં જીતેન્દ્રસિંગ સાથે વાત કરાવી માણસ કેનેડા પહોંચી જાય પછી પૈસા લઈએ છે તેવી વાત કરી હતી. જીતેન્દ્ર સિંઘે ઈશ્વરભાઈને અમદાવાદના સીજી રોડ પર આવેલા સ્વસ્તિક ચાર રસ્તા પાસે આવેલા ઓમ કોમ્પ્લેક્સ માં બોલાવ્યા હતા. જા તેણે લોકોને કેનેડા મોકલે છે એવી વાત કરી હતી એક મહિનો દુબઈ રહેવું પડે અને ત્યારબાદ કેનેડા પહોંચાડી દે છે. મોટી ઉંમરના વ્યક્તિના મોકલવાના 28 લાખ અને નાના બાળકના 11 લાખ રૂપિયા લે છે. જ્યારે કેનેડા ઉતરે છે ત્યારે તેમની પાસેથી પૈસા લેવામાં આવે છે એમ જણાવ્યું હતું. જેથી અમદાવાદમાં રહેતા ચાર લોકોને કેનેડા મોકલવા માટેની વાત કરી હતી. જેમાં સિક્યુરિટી પેટે આંગડિયા માં પૈસા મૂકવા કહ્યું હતું. પટેલ જયંતિ અંબા કોર્પોરેશન નામની આંગડિયા પેઢીમાં પૈસા જમા કરાવ્યા હતા. જેમાં એક વીસ રૂપિયાની નોટનો ટુકડો કરી એક ટુકડો જીતેન્દ્ર રાખ્યો હતો અને બીજો ઈશ્વરભાઇને આપ્યો હતો. ત્યારબાદ દુબઈ ખાતે મોકલી આપ્યા હતા અને એક મહિનો ત્યાં રહ્યા હતા.

### દલિતો પર થતા અત્યાચાર મામલે NSUIનું વિરોધ પ્રદર્શન

# અમદાવાદમાં મંજૂરી વગર રેલી યોજતા પોલીસે ટીંગાટોળી કરી અટકાયત કરી

- આ દરમિયાન પોલીસે અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું
- પોલીસે તમામ કાર્યકરોની અટકાયત કરી હતી કેટલાક કાર્યકરો રોડ પર બેસી જતા પોલીસ પગ ખેંચીને ગાડીમાં બેસાડ્યા હતા



| (એજન્સી) અમદાવાદ, તા.12 |

દેશમાં દલિત પર થઈ રહેલા અત્યાચાર મુદ્દે NSUI દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.ગુજરાત યુનિવર્સિટીથી રેલી યોજવામાં આવી હતી. રેલી ચાર રસ્તે પહોંચે તે અગાઉ જ પોલીસે રેલી અટકાઈ હતી.આ દરમિયાન પોલીસ અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું જોકે પોલીસે તમામ કાર્યકરોની અટકાયત કરી હતી કેટલાક કાર્યકરો રોડ પર બેસી જતા પોલીસ પગ ખેંચીને ગાડીમાં બેસાડ્યા હતા. જોકે કાર્યકરો આગળ જવાનો પ્રયત્ન કરતા પોલીસે તમામને રોક્યા હતા. આ દરમિયાન પોલીસે અને કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું.પોલીસ કાર્યકરોને ધક્કા મારીને પોલીસની ગાડી સુધી લઈ ગઈ હતી જે બાદ કાર્યકરોની ટીંગાટોળી કરીને અટકાયત કરી હતી.આ દરમિયાન કેટલાક કાર્યકરો રોડ પર બેસી ગયા હતા જેથી પોલીસે કેટલાક કાર્યકરોને પગ ખેંચીને ગાડીમાં બેસાડ્યા હતા.



#### પરવાનગી વગર યોજવામાં આવેલી રેલી પોલીસ અટકાવી

ગુજરાત NSUI ના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીની આગેવાનીમાં ગુજરાત યુનિવર્સિટી ખાતેથી મોટી સંખ્યામાં કાર્યકરો સાથેની રેલી યોજાઈ હતી.દલિત પર થઈ રહેલા અત્યાચાર મુદ્દે રેલી યોજવામાં આવી હતી.ગુજરાત યુનિવર્સિટીથી નીકળીને રેલી દાદા સાહેબના પગલા તરફ જઈ રહી હતી.આ રેલી દાદા સાહેબના પગલા ચાર રસ્તા પહોંચે તે પહેલા જ પરવાનગી ન હોવાથી પોલીસે રેલી અટકાવી હતી.

#### અલગ અલગ ઘટનાઓને લઈ વિરોધ પ્રદર્શિત કરાયો

NSUI ના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે દેશમાં દલિત જજ પર જૂતું ફેંક્યું આવ્યું,રાયબરેલીમાં દલિત યુવકની હત્યા કરવામાં આવી,દલિત IPS અધિકારીએ આત્મહત્યા કરી છે.આ તમામ ઘટનાનો મનુવાદી માનસિકતા ધરાવતા લોકોને કારણે બની છે જેથી અમે આ પ્રકારની માનસિકતા ધરાવતા લોકોનો વિરોધ કરીએ છીએ.

## સાસરિયાઓના ત્રાસથી પરિણીતાએ જિંદગી ટૂંકાવી

### સાસરી પક્ષના લોકો ખાનગી હોસ્પિટલમાં મૃતદેહ મૂકી નાસી ગયાનો આક્ષેપ, દોઢ વર્ષના લગ્નજીવનનો કરુણ અંત

| (એજન્સી) અમદાવાદ, તા.12 |



અમદાવાદના વસ્ત્રાપુરમાં આવેલા ભરવાડવાસમાં રહેતી પરિણીતાએ ગળેફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લેતા ચકચાર મચી છે. પિયરપક્ષના લોકોએ મૃતકના પતિ અને સાસરિયાઓ વિરુદ્ધ વારંવાર દહેજની માગણી અને માનસિક-શારિરીક ટોર્ચ કરતા હોવાનો આક્ષેપ કરાયો છે. પરિણીતાએ આત્મહત્યા કરી લીધા બાદ તેના સાસરી પક્ષના લોકો ખાનગી હોસ્પિટલમાં મૃતદેહ મૂકી નાસી છૂટ્યા હોવાનો પણ આક્ષેપ કરાયો છે. આ મામલે પોલીસે આત્મહત્યા માટે દુષ્પ્રેરણા આપવાનો ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. મૃતકના દોઢ વર્ષ પહેલા જ લગ્ન થયા હોવાનું જાણવા મળ્યું છે.

વસ્ત્રાપુર ભરવાડવાસમાં રહેતા દિલીપ ભરવાડ સાથે રિદ્ધિ નામની યુવતીના દોઢ વર્ષ અગાઉ લગ્ન થયા હતા.લગ્ન પહેલાથી જ રિદ્ધિના સાસરિયાઓ દ્વારા પૈસાની માંગ કરવામાં આવતી હતી.દિલીપે પણ સગાઈ બાદ થાર ગાડી લેવા પૈસાની માંગણી કરી હતી.લગ્ન બાદ રિદ્ધિને માર મારતો હોવાનો રિદ્ધિના પરિવારે આક્ષેપ કર્યો છે.રિદ્ધિ પાસે સાસરિયાઓ અવારનવાર પૈસા અને સોનાની માંગણી કરતા હતા.રિદ્ધિ પિયરમાંથી ટુકડે ટુકડે 9 લાખ રૂપિયા લાવી હતી છતાં તેને ત્રાસ આપવામાં આવતો હતો.

#### સાસરી પક્ષના લોકો ખાનગી હોસ્પિટલમાં મૃતદેહને મૂકી નાસી છૂટ્યા- મૃતકના માતા

અમે મળવા જવાના હતા ત્યારે રિદ્ધિના સાસરિયાઓને ચાંદીનો દાગીનો આપવાના હતા પરંતુ તેમને સોનાના દાગીનાની માંગ કરી હતી.દીકરી પાસેથી વારંવાર માંગણીઓ કરીને માર મારવામાં આવતો હતો. અમારી દીકરીના મોત અંગે પણ અમને સીધી જાણકારી ન હતી અમને બીજા દ્વારા જાણવા મળ્યું હતું. અમે જ્યારે હોસ્પિટલ પહોંચ્યા ત્યારે હોસ્પિટલ તરફથી અમને જાણવા મળ્યું કે અમારા દીકરીના સાસરીયા વાળા તેને હોસ્પિટલમાં મૂકીને નાસી ગયા છે. દીકરીના ગળા ઉપર ઈજાના નિશાન પણ છે.

### ફેન્સને મળવા કાર પાસે ઉભા રહી માહોલ જમાવી દીધો, શાહરૂખ... શાહરૂખ... બૂમો પડી

# કિંગ ખાને રાતના 3 વાગ્યે અમદાવાદની સડક થંભાવી

| (એજન્સી) અમદાવાદ, તા.12 |



અમદાવાદમાં શનિવારની સાંજ બોલિવૂડના નામ રહી હતી. 70માં ફિલ્મફેર એવોર્ડને લઈ સિતારાઓની ભીડ જામી હતી. જેમાં કિંગ ખાન પણ સામેલ થયો હતો. આ ભવ્ય એવોર્ડ સમારોહમાં શાહરૂખની દિલકશ અદાઓ જ નહીં પણ જોશભરી હોસ્ટિંગથી સૌ કોઈના મનમોહી લીધા હતા. તેની સાથે સાથે શાહરૂખે ચાહકોને પણ નિરાશ કર્યા નહીં અને અમદાવાદ શહેરના રસ્તા પર ઉતરીને મનમૂકીને ચાહકો સાથે એ પળોનો આનંદ માણ્યો હતો.

રસ્તા પર ચાહકોને મળવા સમયે શાહરૂખે સફેદ સ્વીલની ટી-શર્ટ અને બ્લુ ડેનિમ જીન્સમાં કાર પાસે ઉભા ઉભા સૌને મળ્યો હતો. સૌનું હાથ હલાવીને અભિવાદન ઝીલ્યું હતું. ત્યાર પછી દિલ પર હાથ રાખીને સિગ્નેચર અંદાઝમાં ઝૂકીને કહી રહ્યો છે કે, તમારો પ્રેમ જ મારી અસલી તાકાત છે. તેમજ ઘણાં ફેન્સ સાથે હાથ પણ મિલાવ્યો હતો.

આ વીડિયોમાં પણ તેમના પર ભરપૂર પ્રેમ વરસતો જોવા મળ્યો હતો.જ્યારે એક એક્સાઈટેડ ફેને તેને હાથ ખેંચવાની કોશિષ કરે છે ત્યારે શાહરૂખ તુરંત જ પોતાનો હાથ છોડાવી લે છે અને હસતા હસતા બીજીવાર હાથ હલાવીને આગળ વધી જાય છે. છેલ્લે છેલ્લે કારમાં બેસતા પહેલા પણ તેણે ભીડ તરફ હાથ લંબાવ્યો અને અભિવાદન કર્યું. જેનાથી દરેક ફેનનું દિલ જીતી લીધું.

### દિવાળી પૂર્વે ગોંડલમાં ગ્રામ્ય SPએ કહ્યું- આજથી ગુનો નહીં આચરો તેવી પ્રતિજ્ઞા લો, જો ગુનો કર્યો તો છોડાશે નહીં

| (એજન્સી) રાજકોટ, તા.12 |

રાજ્યના ગૃહ મંત્રાલયની સૂચના અનુસાર રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા દિવાળી પૂર્વે ગુનેગારોની ઓળખ પરેડ દરમિયાન તેઓને સુધરી જવા માટે ચેતવણી આપવામાં આવી હતી. જેમાં બે કે તેનાથી વધુ ગુના આચરેલા 800 શખસ છે. જેમાંથી અગાઉ 400 બાદ આજે 250 શખસની ઓળખ પરેડ હતી. જેમાં કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો અને જો કાયદાનું ઉલ્લંઘન કર્યુ તો રાજકોટ બહાર તડીપાર થવાનો સમય આવશે તેવો કડક આદેશ અપાયો હતો.

ગોંડલમાં 250 જેટલા શખસને એકત્ર કરી ઓળખ પરેડ કરવામાં આવી હતી. તેમાં ગ્રામ્ય SP વિજયસિંહ ગુર્જર દ્વારા ગુનેગારોને સુધરી જવા માટે ચેતવણી આપવામાં આવી હતી. જેમાં કહ્યું કે આજે પ્રતિજ્ઞા લો કે આજ પછી કોઈ ગુના કરવામાં આવશે નહીં અને જો થશે તો પછી પોલીસ તેને છોડશે નહીં. જો કોઈ ગુનેગાર સુધારવા માગતું હોય તો પોલીસ તેની સાથે છે.

રાજકોટ ગ્રામ્ય SP વિજયસિંહ ગુર્જરે જણાવ્યુ હતુ કે, દિવાળીનો પર્વ નજીક આવી રહ્યો છે.

## કરોડોના કોન્ટ્રાક્ટ ધરાવતી RKC કંપનીને 5 લાખનો દંડ : સિંધુભવન રોડ પર ડમ્પર ચાલકે કપચી ઢોળી

### સ્વચ્છતા સ્ક્વોડે રોકતા AMCના ડમ્પર હોવાનું કહી ચાલક ફરાર

| (એજન્સી) અમદાવાદ, તા.12 |



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં 500 કરોડ રૂપિયાથી વધુના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની કામગીરી કરનારી કંપની RKC ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ કંપનીને રૂ. 5 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ કંપનીના ડમ્પર દ્વારા શહેરના સૌથી પોશ અને જાણીતા ગણાતા એવા સિંધુભવન રોડ ઉપર કપચી ઢોળવામાં આવી હતી. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા તેને પકડી અને કાર્યવાહી કરવામાં આવનાર હતી તો તેનો ચાલક લોકોને વાતમાં રાખી અને ડમ્પર લઈ ફરાર થઈ ગયો હતો. બીજી સ્ક્વોડ દ્વારા તેને પકડીને કાર્યવાહી કરવામાં આવી છે. આગામી 15 અને 16 ઓક્ટોબરના રોજ અમદાવાદના સિંધુભવન રોડ ઉપર મેયર કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ઉત્તર પશ્ચિમ ઝોનની ટીમ દ્વારા કેશવ બાગથી સિંધુભવન રોડ તાજ હોટેલ સુધીનો રોડ પર તપાસ કરી રહી હતી. દરમિયાનમાં આ રોડ ઉપરથી પસાર થતાં ડમ્પર દ્વારા ડામરવાળી કપચી ફેલાવી રોડની સફાઈ બગાડી ગંદકી કરવામાં આવી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જે અંતર્ગત વોર્ડ સ્વચ્છતા સ્ક્વોડની ટીમોની વોચ ગોઠવી વધુ સઘન તપાસ કરી આવા વાહનને શોધવાનું શરૂ કર્યું હતું. જેમાં RKC ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીના આવા પીળા ડમ્પરો ડામરવાળી કપચી લઈ જતા અને બેદરકારીપૂર્વક ઝડપથી હંકારી ઢોળતા જતા હોવાનું તપાસમાં ધ્યાને આવ્યું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશનની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા તપાસ કરી પીછો કરતા ધ્યાનમાં આવેલા આવા બે ડમ્પર બેફામ અને બેદરકારી પૂર્વક ચલાવી ભાગતા જણાતા જજીસ બંગલો રોડ પાસે સ્વચ્છતા સ્ક્વોડ દ્વારા એક ડમ્પર અટકાવવામાં આવ્યું હતું. જે AMCના વાહનો હોવાની ખોટી રજૂઆતો સાથે સ્ટાફને જણાવ્યું હતું.

## જૂની અદાવતમાં ટેક્સી ડ્રાઈવર પર જીવલેણ હુમલો

### ઓનલાઈન ટ્રિપની રાહ જોઈને ઉભેલા યુવકને ગુંડાઓએ લાકડીઓ વડે માર માર્યો, ગાડીના કાચ તોડ્યા

| (એજન્સી) ગાંધીનગર, તા.12 |



અમદાવાદના કઠવાડા રોડ પર રહેતા અને ઓનલાઈન ટેક્સી ચલાવી ગુજરાન ચલાવતા એક યુવાન ડ્રાઈવર પર ગાંધીનગરના અડાલજ ખાતે જુની અદાવતમાં જીવલેણ હુમલો થતાં ચકચાર મચી ગઈ છે. હુમલાખોરોએ ડ્રાઈવરને લાકડીઓ વડે ઢોર માર મારી કારના કાચ તોડી નાખ્યા હતા. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મૂળ પાટણ જિલ્લાના નાંણા ગામનો વતની અને હાલ અમદાવાદમાં કઠવાડા રોડ પરની સયાજી સમૃદ્ધિ ફ્લેટમાં રહેતો 25 વર્ષીય વિપુલ મેલાભાઇ પરમાર પોતાની સ્વિફ્ટ ડિઝાયર કાર ઓનલાઈન ટ્રિપમાં ફેરવે છે. ગઈકાલ બપોરે વિપુલે તેની સોસાયટી પાસેથી એક મુસાફરને અડાલજ જવા માટે બેસાડ્યો હતો. જેને અડાલજ ખાતે જમીયતપુરા ગામની સામે પ્રભા હનુમાન મંદિર નજીક ઉતારી તે ઓનલાઈન ટ્રિપની રાહ જોઈને હાઈવે રોડથી દાદા નગર તરફ જતા આર.સી.સી. રોડ પર ઊભો હતો. ત્યારે 25થી 30 વર્ષની વયના બે અજાણ્યા શખ્સો લાકડીઓ લઈને ત્યાં પહોંચ્યા હતા.

## હેરિટેજ સિટીનો દરજ્જો જોખમમાં : યુનેસ્કોએ કહ્યું- કાલુપુર સ્ટેશનના રિડેવલપમેન્ટથી ધરોહરોને નુકસાન થઈ રહ્યું છે...

| (એજન્સી) અમદાવાદ, તા.12 |



અમદાવાદ શહેરને આઠ વર્ષ પહેલાં મળેલો હેરિટેજ સિટીનો દરજ્જો જોખમમાં મુકાયો છે. તાજેતરમાં યુનેસ્કોની સમીક્ષા બેઠક મળી હતી, જેમાં તેણે ગંભીર ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, અમદાવાદમાં કાલુપુર રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટ અને દાણાપીઠ ફાયર સ્ટેશન પ્રોજેક્ટને કારણે વૈશ્વિક ધરોહરને નુકસાન થઈ રહ્યું છે. ત્યાર બાદ ભારતીય પુરાતત્ત્વ વિભાગે ડિવિઝનલ રેલવે મેનેજરને બે વાર નોટિસ આપી હતી, પણ કોઈ જવાબ ન મળતા હવે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ડીઆરએમ સામે અરજી અપાઈ છે.

ગયા વર્ષે નવેમ્બરમાં 2383 કરોડના ખર્ચે કાલુપુર રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટનું કામ શરૂ કરાયું હતું. સ્ટેશનની નજીક ઝૂલતા મિનારા અને ઈંટના મિનારા જેવી વૈશ્વિક ધરોહર છે. આથી હેરિટેજ સ્ટ્રક્ચરની પાસે રિડેવલપમેન્ટની કામગીરી કરવી હોય તો નેશનલ મોન્યુમેન્ટ ઓથોરિટી પાસેથી એનઓસી લેવાની હોય છે. જોકે રેલવે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીએ મંજૂરી લીધી ન હતી. આથી ભારતીય પુરાતત્ત્વ વિભાગે ડીઆરએમ વિરુદ્ધ અરજી કરી છે. વિશેષજ્ઞોના મતે પણ કોટ વિસ્તારમાં થઈ રહેલાં વિકાસ કામોને કારણે લાંબા ગાળે શહેરને મળેલા વર્લ્ડ હેરિટેજ સિટીના ટેગને જોખમ છે. યુનેસ્કોની બેઠકમાં કહેવાયું કે, દાણાપીઠ ફાયર સ્ટેશનની ઊંચાઈ ત્રણ મીટર ઘટાડાઈ છે. જોકે તે આઉટસ્ટેન્ડિંગ યુનિવર્સલ વેલ્યુ (ઓયુવી) પર નકારાત્મક અસર કરે છે. કાલુપુર સ્ટેશન પ્રોજેક્ટ હેરિટેજ સિટીના દરજ્જા સામે ગંભીર ખતરો છે. યુનેસ્કોએ કેન્દ્ર અને મ્યુનિ.ને સૂચના આપી છે કે, કાલુપુર સ્ટેશન પ્રોજેક્ટને તાત્કાલિક રોકવામાં આવે. પ્રોજેક્ટ માટે સ્વતંત્ર હેરિટેજ ઈમ્પેક્ટ એસેસમેન્ટ કરાવવું જોઈએ. યુનેસ્કોની સમીક્ષા વગર મંજૂરી, ડિઝાઈન, બાંધકામ આગળ ન વધારવું જોઈએ. અમદાવાદના રહેવાસી મુનાફ અહમદે સંસ્કૃતિ મંત્રાલયને લેખિત ફરિયાદ કરી છે કે, આરએલડીએ દ્વારા સંચાલિત આ પ્રોજેક્ટ પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વીય સ્થળો અને અવશેષો અધિનિયમ (એએમએએસઆર એક્ટ) 1958ના નિયમોનું ઉલ્લંઘન કરે છે. પીએમઓમાં ફરિયાદ મુજબ આઈઆઈટી મદ્રાસના સ્ટ્રક્ચરલ રિપોર્ટમાં ઈન્જેક્શન ગ્રાઉન્ટિંગ, વાઈબ્રેશન મોનિટરિંગ, પાલખ બાંધવાં જેવાં

## પોલીસ ફરિયાદ નોંધવામાં પણ ખો-ખો!

# મોટેરામાં પોલીસની હાજરીમાં મહિલા-પુરુષો ભેંસો ભગાડી ગયા, CNCDની અરજીના 15 દિવસ બાદ ફરિયાદ નોંધાઈ

| (એજન્સી) અમદાવાદ, તા.12 |

રખડતા ઢોર નિયંત્રણની પોલિસી હોવા છતાં પણ અમદાવાદ શહેરમાં ફરી એકવાર ઢોર રોડ ઉપર આવી ગયા છે. શહેરના મોટેરા વિસ્તારમાં નર નારાયણ પેટ્રોલ પંપ પાસે મ્યુનિસિપલ કોર્પોરેશનની ઢોર પકડનારી ટીમે રોડ પર રખડતી પાંચ જેટલી ભેંસોને પકડી હતી. ચાંદખેડા પોલીસ અને કોર્પોરેશનની એસઆરપીની ટીમ હોવા છતાં પણ ત્રણ પુરુષ અને એક મહિલા લાકડીઓથી ભેંસને ભગાડી ગયા હતાં. આ મામલે કોર્પોરેશનની ટીમ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જોકે, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આક્ષેપ કરાયો છે કે, ચાંદખેડા પોલીસે સરકારી કામગીરીમાં અડચણરૂપ અંગેનો ગુનો તાત્કાલિક નોંધવાની જગ્યાએ અરજી લઈને તપાસ કરી અને પછી ફરિયાદ કરીશું એમ કહી 15 દિવસ બાદ ત્રણ પુરુષ અને મહિલા વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

ચાંદખેડા પોલીસ સ્ટેશનના પીઆઇ નિકુંજ સોલંકીએ જણાવ્યું હતું કે, જે દિવસે બનાવ બન્યો તે દિવસે જ તાત્કાલિક ધોરણે ફરિયાદ નોંધવા માટે કહ્યું હતું. જો કે, કોર્પોરેશનના અધિકારી અરજી આપી અને જતા રહ્યા હતા. જ્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનની CNCD વિભાગની ટીમના અધિકારી નરેશ રાજપૂતે જણાવ્યું હતું કે, 26 સપ્ટેમ્બરના રોજ મોટેરા ખાતે ઢોર પકડવા ગયેલી ટીમ દ્વારા પાંચ ભેંસો પકડી હતી, જેને મહિલા અને પુરુષો ભગાડી ગયા હતા. જે મામલે તાત્કાલિક ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં



અમારા સીએનસીડી વિભાગના પોલીસ ઈન્સ્પેક્ટર ફરિયાદ નોંધાવા ગયા હતા, પરંતુ પોલીસે અરજી અને તપાસ કર્યા બાદ ફરિયાદ કરીશું એમ કહ્યું હતું. બે વખત પીઆઈ ગયા અને ત્યારબાદ ચાંદખેડા પોલીસ દ્વારા ફરિયાદ લેવામાં આવી છે.

શહેરમાં રખડતા ઢોર પકડવાની કામગીરી CNCD વિભાગ દ્વારા કરવામાં આવતી હોય છે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા શહેરમાં રખડતા ઢોરને લઈને કડક કાર્યવાહી કરવા માટેની સ્પષ્ટ સૂચના આપી છે. ત્યારે 26 સપ્ટેમ્બરના રોજ પશ્ચિમ ઝોનના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર નિકુંજ પ્રજાપતિએ ઝોનની CNCD વિભાગની ટીમને સાંજના સમયે ચાંદખેડા વિસત સર્કલ પાસે બોલાવી અને ઢોર પકડવાની કામગીરી કરવા કહ્યું હતું. ત્યારે મોટેરા વિસ્તારમાં નરનારાયણ પેટ્રોલ પંપ નજીક પાંચ ભેસો અને ચાર જેટલી ગાયો હતી. ત્યારે ચાર ગાયો ભાગી ગઈ હતી, પરંતુ પાંચ જેટલી ભેંસોને સીએનસીડી વિભાગની ટીમ દ્વારા કોર્ડન કરી રાખવામાં આવી હતી.

ખુલ્લી જગ્યામાં પાંચ ભેસો ઉભી હતી, ત્યારે ત્યાં ત્રણ પુરુષ અને એક મહિલા પણ ઉભા હતા. ચારેય બૂમો પાડી અને ભેંસોને ત્યાંથી ભગાડવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. નજીકમાંથી ચાંદખેડા પોલીસ સ્ટેશનની ગાડી પસાર થઈ હતી, જેથી તેમની પણ મદદ લેવામાં આવી હતી. બીજી ટીમને પણ બોલાવી લેવામાં આવી હતી અને ત્યારબાદ ટ્રોલીમાં પાંચે ભેંસોને ઉપર ચડાવવામાં આવી રહી હતી. તે દરમિયાનમાં લાકડી વડે જોર જોરથી બૂમો પાડી અને સરકારી કામગીરીમાં અડચણરૂપ કરી પાંચેય ભેંસને ત્યાંથી ભગાડીને જતા રહ્યા હતા. સીએનસીડી વિભાગની ટીમને ગાળો પણ બોલી હતી, જેથી આ ટીમ ત્યાંથી રવાના થઈ ગઈ હતી અને ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં સરકારી કામગીરીમાં અડચણરૂપ અંગે ફરિયાદ નોંધાવવા પહોંચી હતી. જોકે, આ સમગ્ર ઘટના 26 સપ્ટેમ્બરના રોજ બની હોવા છતાં પણ ચાંદખેડા પોલીસ દ્વારા 11 ઓક્ટોબરના રોજ આ મામલે ફરિયાદ નોંધવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની સીએનસીડી વિભાગની ટીમ પાસે બોડી વોર્ન કેમેરા છે, જેમાં આ સમગ્ર ઘટના કેદ થઈ હોવાની પણ માહિતી છે.